قَالَ الْمَلَأُ الَّذِينَ اسْتَكْبَرُوا مِن قَوْمِهِ
لَنُخْرِجَنَّكَ يَا شُعَيْبُ وَالَّذِينَ آمَنُوا مَعَكَ مِن
قَرْيَتِنَا أَوْ لَتَعُودُنَّ فِي مِلَّتِنَا قَالَ أَوَلَوْ كُنَّا
كَارِهِينَ ﴿٨٨﴾ قَدِ افْتَرَيْنَا عَلَى اللَّهِ كَذِبًا إِنْ عُدْنَا
فِي مِلَّتِكُم بَعْدَ إِذْ نَجَّانَا اللَّهُ مِنْهَا وَمَا يَكُونُ
لَنَا أَن نَّعُودَ فِيهَا إِلَّا أَن يَشَاءَ اللَّهُ رَبُّنَا وَسِعَ
رَبُّنَا كُلَّ شَيْءٍ عِلْمًا عَلَى اللَّهِ تَوَكَّلْنَا رَبَّنَا افْتَحْ
بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَأَنتَ خَيْرُ الْفَاتِحِينَ ﴿٨٩﴾
وَقَالَ الْمَلَأُ الَّذِينَ كَفَرُوا مِن قَوْمِهِ لَئِنِ اتَّبَعْتُمْ
شُعَيْبًا إِنَّكُمْ إِذًا لَّخَاسِرُونَ ﴿٩٠﴾ فَأَخَذَتْهُمُ الرَّجْفَةُ
فَأَصْبَحُوا فِي دَارِهِمْ جَاثِمِينَ ﴿٩١﴾ الَّذِينَ كَذَّبُوا

તેની કોમના ઘમંડી સરદારો બોલ્યા 'અય શુએબ! કસમ છે કે અમે તમને અને તમારા સાથીદાર મુસલમાનોને અમારા ગામમાંથી કાઢી મૂકીશું, અથવા તમે અમારા ધર્મમાં આવી જાવ' (શુએબે) કહ્યું;[૧] 'શું અમે બેઝાર હોઈએ તો પણ?[૨] (૮૮) 'અમને અલ્લાહે એનાથી બચાવ્યા[૩] પછી પણ જો અમે તમારા ધર્મમાં આવી જઈએ તો અમે અવશ્ય અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડીશું, અને અમે મુસલમાનોમાં કોઈનું એ કામ નથી કે તમારા ધર્મમાં આવી જઈએ, સિવાય કે અલ્લાહ ઈચ્છે,[૪] જે અમારો પાલનહાર છે, અમારા પરવરદિગારનું જ્ઞાન પ્રત્યેક વસ્તુને ઘેરેલું છે, અમે અલ્લાહ પર જ ભરોસો કર્યો.[૫] અય અમારા પરવરદિગાર! અમારી અને અમારી કોમની વચમાં સત્ય ફેંસલો કર[૬] અને તારો ફેંસલો સર્વોત્તમ (છે)' (૮૯) અને બોલ્યા. તેની કોમના કાફિર આગેવાનો કે; 'જો તમે શુએબને અનુસર્યા તો અવશ્ય તમે ખોટમાં રહેશો' (૯૦) તો તેમને ધરતીકંપે પકડી લીધા, તો સવારમાં પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહયા[૭] (૯૧) શુએબને જૂઠાડનારાઓ જાણે

૧. હઝરત શુએબ અલયહિસ્સલામ.

૨. કહેવાનો હેતુ એ છે કે અમે તમારો ધર્મ નહિ સ્વીકારીએ અને જો તમે અમારા પર જોર જુલ્મ કરશો તો પણ અમે નહીં માનીએ, કારણ કે,

૩. અને તમારા અસત્ય ધર્મની ખરાબીઓ અને અપૂર્ણતાનું જ્ઞાન આપ્યું.

૪. અને તેણે નાશ કરવાનું ધાર્યું હોય અને એ મુજબ જ ભાગ્યનો લેખ હોય.

૫. અમારા બધા જ કાર્યોમાં, તે જ અમને ઇમાન પર અટલ રાખશે અને તે જ શ્રદ્ધામાં વધારો કરશે.

૬. ઝુજાજ (મુફસ્સિરે) કહ્યું છે કે એનો મતલબ એ થઇ શકે છે કે અય પરવરદિગાર! અમારા કાર્યને જાહેર કર. એનો હેતુ એ છે કે એમના પર એવો અઝાબ (કોપ) ઉતાર કે જેનાથી એમનું અસત્ય પર હોવું અને હઝરત શુઐબ તેમજ તેમના અનુયાયીઓનું સત્ય પર હોવું જાહેર થઇ જાય.

૭. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ કહ્યું છે કે, અલ્લાહ તઆલાએ તે કૌમ પર જહન્નમનાં દ્વાર ઉઘાડી દીધાં, અને તેમના પર દોઝખની અતિશય ગરમી મોકલી, જેથી તેમના શ્વાસ રૂંધાઇ ગયા, હવે તેમને ન તો છાંયડો કામ આવતો હતો, ન તો પાણી. એવી પરિસ્થિતિમાં તેઓ ભોંયરાઓમાં જતા રહ્યા, જેથી ત્યાં તેમને થોડી રાહત મળે, પરંતુ ત્યાં બહાર કરતાં વધારે ગરમી હતી. ત્યાંથી નીકળીને જંગલ તરફ નાસી છુટયા. અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જેમાં ખૂબ ઠંડો અને સરસ પવન હતો. તેના છાંયડામાં આવ્યા, એકે બીજાને બુમ પાડી પાડીને બોલાવ્યો, પુરૂષો, સ્ત્રીઓ, બાળકો બધાં જ એકઠા થયાં, ત્યારે તે વાદળ અલ્લાહના હુકમથી ભડકો બની ગયું, અને તેઓ એમાં એવી રીતે બળી મર્યા જેવી રીતે

કે તે ઘરોમાં કદી રહેયા જ ન હતા શુએબને જૂઠાડના-
રાઓ જ વિનાશમાં પડયા (૯૨) તો શુએબે તેમનાથી
મોઢું ફેરવી લીધું[૮] અને કહ્યું; 'અય મારી કોમ! હું તમને
મારા રબની રિસાલત પહોંચાડી ચૂક્યો, અને તમારા હિત
ખાતર શિખામણ આપી,[૯] તો (હવે હું) કાફિરોનો ખેદ
શા માટે કરૂં?' (૯૩) અને અમે કોઈ પણ નબીને કોઈ
પણ વસ્તી તરફ ન મોકલ્યો[૧૦] પણ એ કે ત્યાંના લોકોને
પકડી લીધા સખ્તી અને તકલીફમાં[૧૧] કે ક્યાંક તેઓ
કોઈ રીતે આજેઝી કરે[૧૨] (૯૪) પછી અમે બુરાઈની
જગ્યાએ ભલાઈ બદલી આપી[૧૩] ત્યાં સુધી કે તેઓ ઘણા
થઈ ગયા[૧૪] અને બોલ્યા; 'બેશક! અમારા બાપ દાદા-
ઓને દુ:ખ અને રાહત થયાં હતાં, તો અમે અચાનક
તેમને તેમની ગફલતમાં પકડી લીધા[૧૫] (૯૫) અને જો
ગામવાળાઓ ઈમાન લાવત અને ડરત[૧૭] તો અમે અવશ્ય
તેમના માટે આસ્માન અને જમીનમાંથી બરકતો ખોલી
આપત,[૧૮] પણ તેમણે તો જૂઠાડયા,[૧૯] તો અમે તેમને
તેમના કર્યા બદલ પકડયા[૨૦] (૯૬)



شُعَيْبًا كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا ۚ اَلَّذِيْنَ كَذَّبُوْا شُعَيْبًا مع
كَانُوْا هُمُ الْخٰسِرِيْنَ ﴿٩٢﴾ فَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰقَوْمِ
لَقَدْ اَبْلَغْتُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَنَصَحْتُ لَكُمْ ۚ فَكَيْفَ
اٰسٰى عَلٰى قَوْمٍ كٰفِرِيْنَ ﴿٩٣﴾ ع وَمَآ اَرْسَلْنَا فِيْ قَرْيَةٍ
مِّنْ نَّبِيٍّ اِلَّآ اَخَذْنَآ اَهْلَهَا بِالْبَاْسَآءِ وَالضَّرَّآءِ
لَعَلَّهُمْ يَضَّرَّعُوْنَ ﴿٩٤﴾ ثُمَّ بَدَّلْنَا مَكَانَ السَّيِّئَةِ منزل٢
الْحَسَنَةَ حَتّٰى عَفَوْا وَّقَالُوْا قَدْ مَسَّ اٰبَآءَنَا
الضَّرَّآءُ وَالسَّرَّآءُ فَاَخَذْنٰهُمْ بَغْتَةً وَّهُمْ لَا
يَشْعُرُوْنَ ﴿٩٥﴾ وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰٓى اٰمَنُوْا وَاتَّقَوْا
لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ
وَلٰكِنْ كَذَّبُوْا فَاَخَذْنٰهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٩٦﴾

ભઠ્ઠીમાં કોઇ વસ્તુ શેકાઇ જાય છે.

કતાદાનું કથન એ છે કે અલ્લાહ તઆલા હઝરત શુઐબ અલયહિસ્સલામનેઅયકાવાળાઓમાટે પણ મોકલ્યા હતા, અને મદયનવાળાઓ માટે પણઅયકાવાળાઓ તો વાદળથી વિનાશ પામ્યા અને મદયનવાળા ધરતીકંપમાં પકડાયા, અને એક ભયાનક ચીસથી વિનાશ પામ્યા.

૮. તેમના પર કોપ ઉતર્યો ત્યારે.

૯. પણ તમે કોઇ રીતે ઇમાન ન લાવ્યા.

૧૦. જેને તેની કોમે જૂઠાડયો હોય.

૧૧. ગરીબી અને નાદારી તેમજ રોગ અને બીમારીમાં પકડયા.

૧૨. ઘમંડ ત્યજે તવબહ કરે અલ્લાહના આદેશને અનુસરે.

૧૩. કારણ કે સખ્તી અને તકલીફ પછી રાહત અને આરામ મળવો તેમજ શારીરિક અને આર્થિક ન્યામતો પ્રાપ્ત થવી એ કહ્યાગરૂં બનવા તથા આભારવશ થવા માટે કારણરૂપ બને છે. (તો ક્યાંક તે લોકો પણ એવા બને.

૧૪. તેમની સંખ્યા અને દોલત બન્ને વધ્યાં.

૧૫. અર્થાત એ તો સમયચક્રની વાત છે કે કદી તકલીફ આવે છે તો કદી આરામ મળે છે, અમારા વડવાઓ ઉપર પણ આવી હાલતો આવી હતી. એનાથી તેમનો આશય એ હતો કે પાછળ જે સમય તકલીફોમાં પસાર થયો છે તે અલ્લાહ તરફથી કંઇ સજા કે કોપ ન હતો, જેથી પોતાનો ધર્મ ત્યજવો ન

શું વસ્તીવાળાઓ[૨૧] (એ વાતથી) ડરતા નથી કે તેમના પર અમારો કોપ રાત્રે આવી ચડે જ્યારે તેઓ સૂતા હોય? (૯૭) શું વસ્તીઓવાળા ડરતા નથી કે તેમના પર અમારો કેર દિવસ ચઢયે આવે જ્યારે તેઓ રમી રહ્યા હોય.[૨૨] (૯૮) શું અલ્લાહની છુપી તદબીરથી અજાણ છે?[૨૩] તો અલ્લાહની છુપી તદબીરથી નિડર નથી બનતા પણ નાશ પામનારાઓ[૨૪] (૯૯) અને શું તેઓ જમીનના માલિકો પછી તેના વારસદાર બન્યા? એમને એટલી હિદાયત ન મળી કે અમે ઈચ્છીએ તો એમને એમના ગુનાહો બદલ આફત પહોંચાડીએ.[૨૫] અને અમે એમના દિલો પર મોહર મારીએ છીએ કે (જેથી) તેઓ કશું સાંભળતા નથી[૨૬] (૧૦૦) આ (તે) વસ્તીઓ છે[૨૭] કે જેના હેવાલ અમે તમને સંભળાવીએ છીએ.[૨૮] અને બેશક! તેમના રસૂલો તેમની પાસે સ્પષ્ટ દલીલો[૨૯] લઈને આવ્યા. તો તેઓ[૩૦] એવા યોગ્ય ન થયા કે તેના પર ઈમાન લાવે, જેને પ્રથમ જૂઠાડી ચૂક્યા હતા.[૩૧] અલ્લાહ આવી જ રીતે કાફિરોના દિલો પર છાપ મારી દે છે[૩૨] (૧૦૧) અને તેમાંના ઘણાઓને અમે વાતના સાચા ન જોયા.[૩૩] અને અવશ્ય તેમનામાં વધુને હુકમ ભંગ કરનાર જ નિહાળ્યા (૧૦૨) ફરી એમના[૩૪] પછી અમે મૂસાને પોતાની નિશાનીઓ[૩૫] સાથે

قال الملأ ٩ الأعراف ٧

أَفَأَمِنَ أَهْلُ الْقُرَىٰ أَن يَأْتِيَهُم بَأْسُنَا بَيَاتًا وَهُمْ
نَائِمُونَ ﴿٩٧﴾ أَوَأَمِنَ أَهْلُ الْقُرَىٰ أَن يَأْتِيَهُم
بَأْسُنَا ضُحًى وَهُمْ يَلْعَبُونَ ﴿٩٨﴾ أَفَأَمِنُوا مَكْرَ اللَّهِ
فَلَا يَأْمَنُ مَكْرَ اللَّهِ إِلَّا الْقَوْمُ الْخَاسِرُونَ ﴿٩٩﴾ أَوَلَمْ
يَهْدِ لِلَّذِينَ يَرِثُونَ الْأَرْضَ مِن بَعْدِ أَهْلِهَا أَن
لَّوْ نَشَاءُ أَصَبْنَاهُم بِذُنُوبِهِمْ وَنَطْبَعُ عَلَىٰ قُلُوبِهِمْ
فَهُمْ لَا يَسْمَعُونَ ﴿١٠٠﴾ تِلْكَ الْقُرَىٰ نَقُصُّ عَلَيْكَ
مِنْ أَنبَائِهَا وَلَقَدْ جَاءَتْهُمْ رُسُلُهُم بِالْبَيِّنَاتِ فَمَا كَانُوا
لِيُؤْمِنُوا بِمَا كَذَّبُوا مِن قَبْلُ كَذَٰلِكَ يَطْبَعُ اللَّهُ عَلَىٰ
قُلُوبِ الْكَافِرِينَ ﴿١٠١﴾ وَمَا وَجَدْنَا لِأَكْثَرِهِم مِّنْ عَهْدٍ
وَإِن وَجَدْنَا أَكْثَرَهُمْ لَفَاسِقِينَ ﴿١٠٢﴾ ثُمَّ بَعَثْنَا مِن

જોઇએ. ન તો તે લોકોએ સખ્તી અને તકલીફથી કશો બોધ ગ્રહણ કર્યો. ન તો રાહત અને આરામના કારણે તેમનામાં આભારવશતા અને ફરમાંબરદારીના ભાવ પેદા થયા, તેઓ ગફલતમાં મસ્ત રહ્યા.

૧૬. જ્યારે કે તેમને કુદરતી કેરનો ખ્યાલ પણ ન હતો. આવા બનાવોથી બોધ ગ્રહણ કરવો જોઇએ અને બન્દાઓએ ગુનાહ અને ઘમંડ ત્યજીને પોતાના માલિકની ખુશી ઢુંઢવી જોઇએ.

૧૭. અને અલ્લાહ તેમજ રસૂલના હુકમોને અનુસરત અને જે બાબતથી અલ્લાહ તથા રસૂલે મનાઇ કરી તે બાબતથી વેગળા રહ્યા હોત.

૧૮. દરેક તરફથી તેમને ભલાઇ મળત. સમયસર ફાયદાકારક વરસાદ થાત, ધરતીમાંથી ખેતી અને ફળો ખૂબ પેદા થાત, રોઝી બહોળી થાત, સુલેહ શાંતિ રહેત, આફતોથી બચેલા રહેત.

૧૯. અલ્લાહના રસૂલોને.

૨૦. અને પ્રકાર પ્રકારના અઝાબમાં સંડોવ્યા.

૨૧. કાફિરો, મક્કાના રહીશ હોય કે આજુબાજુના કે ગમે ત્યાંના.

૨૨. અને અઝાબના આગમનથી અજાણ હોય.

૨૩. અને તેણે ઢીલ આપવાથી અને દુનિયાની ન્યામતો મળવાથી ઘમંડી બનીને તેના અઝાબથી બેફિકર બની ગયા છે.

૨૪. અને તેના નિખાલસ બન્દાઓ (તો) તેનો ડર રાખે છે.

રબીઅ બિન ખૈસમની દીકરીએ તેમને પૂછયું 'હું જોઉં છું કે બધા સૂઇ જાય છે પણ તમે સૂતા નથી એનું

ફિરઔન અને તેના દરબારીઓ તરફ મોકલ્યો. તો તેમને એ નિશાનીઓ પર જુલ્મ કર્યો[૩૬] તો જુઓ ફસાદખોરોનું કેવું પરિણામ આવ્યું? (૧૦૩) અને મૂસાએ કહ્યું; 'અય ફિરઔન! હું પરવરદિગારે આલમનો રસૂલ છું. (૧૦૪) મને યોગ્ય છે કે અલ્લાહ બાબત સત્ય વાત[૩૭] સિવાય (કશું) ન કહું. હું તમારા સર્વ પાસે તમારા પાલનહાર તરફથી નિશાની લઈને આવ્યો છું.[૩૮] તો બની ઈસરાઈલ ને મારી સાથે છોડી મૂક.[૩૯] (૧૦૫) બોલ્યો. 'જો તમે કંઈ નિશાની લઈને આવ્યા હોય તો લાવો, જો સાચા હોય તો' (૧૦૬) તો મૂસાએ પોતાનો અસો (લાકડી) નાખી દીધો, તે તુરત જ એક પ્રત્યક્ષ અજગર બની ગયો[૪૦] (૧૦૭) અને પોતાનો હાથ ગરેવાનમાં નાખીને કાઢયો તો તે જોનારાઓ સામે ચળકવા માંડયો[૪૧] (૧૦૮) ફિરઔનની કોમના આગેવાનો બોલ્યા; 'આ તો એક ઈલ્મવાળો જાદુગર છે.[૪૨] (૧૦૯) તમને તમારા દેશમાંથી[૪૩] કાઢી મૂકવા ઈચ્છે છે. તો તમારો અભિપ્રાય શું છે?' (૧૧૦) બોલ્યા; 'એમને અને એમના ભાઈ[૪૪]ને (રોકી) રાખ, અને શહેરોમાં એકત્ર કરનાર લોકોને મોકલી આપ' (૧૧૧) 'કે દરેક ઈલ્મવાળા જાદુગરને તારી પાસે લઈ આવે'[૪૫] (૧૧૨)

قال الملأ ٩ — الأعراف ٧

بَعْدِهِمْ مُّوسَىٰ بِآيَاتِنَا إِلَىٰ فِرْعَوْنَ وَمَلَئِهِ فَظَلَمُوا
بِهَا فَانظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِينَ ﴿١٠٣﴾ وَقَالَ
مُوسَىٰ يَا فِرْعَوْنُ إِنِّي رَسُولٌ مِّن رَّبِّ الْعَالَمِينَ ﴿١٠٤﴾
حَقِيقٌ عَلَىٰ أَن لَّا أَقُولَ عَلَى اللَّهِ إِلَّا الْحَقَّ قَدْ
جِئْتُكُم بِبَيِّنَةٍ مِّن رَّبِّكُمْ فَأَرْسِلْ مَعِيَ بَنِي إِسْرَائِيلَ ﴿١٠٥﴾
قَالَ إِن كُنتَ جِئْتَ بِآيَةٍ فَأْتِ بِهَا إِن كُنتَ مِنَ
الصَّادِقِينَ ﴿١٠٦﴾ فَأَلْقَىٰ عَصَاهُ فَإِذَا هِيَ ثُعْبَانٌ مُّبِينٌ ﴿١٠٧﴾
وَنَزَعَ يَدَهُ فَإِذَا هِيَ بَيْضَاءُ لِلنَّاظِرِينَ ﴿١٠٨﴾ قَالَ الْمَلَأُ مِن
قَوْمِ فِرْعَوْنَ إِنَّ هَٰذَا لَسَاحِرٌ عَلِيمٌ ﴿١٠٩﴾ يُرِيدُ أَن يُخْرِجَكُم
مِّنْ أَرْضِكُمْ فَمَاذَا تَأْمُرُونَ ﴿١١٠﴾ قَالُوا أَرْجِهْ وَأَخَاهُ وَ
أَرْسِلْ فِي الْمَدَائِنِ حَاشِرِينَ ﴿١١١﴾ يَأْتُوكَ بِكُلِّ سَاحِرٍ عَلِيمٍ ﴿١١٢﴾

કારણ શું છે?' કહ્યું, 'અય મારી નૂરે નઝર! તારો બાપ રાત્રે સૂવાથી ડરે છે' અર્થાત ગાફિલ બનીને સૂઇ જવું ક્યાંક અઝાબનું કારણરૂપ ન બને.

૨૫. જેમકે અમે એમના પૂર્વજોને એમની નાફરમાનીના કારણે હલાક કર્યા.

૨૬. અને કોઇ શિખામણ માનતા નથી.

૨૭. હઝરત નૂહ, આદ, ષમૂદ, હઝરત લુત અને હઝરત શુઐબની કોમોની

૨૮. જેથી જાહેર થાય કે અમે અમારા રસૂલોની અને તેમને માનનાર ઇમાનવાળાઓની અમારા દુશ્મનો એટલે કે કાફિરો સામે મદદ કરીએ છીએ.

૨૯. અર્થાત ખુલ્લા મુઅજિઝા.

૩૦. મરતા સુધી.

૩૧. પોતાના કુફ્ર અને જૂઠાડવા પર અટલ રહ્યા.

૩૨. જેમના વિષે તે જાણે છે કે તેઓ કૂફ્ર પર અટલ રહેશે અને કદી ઇમાન નહીં લાવે.

૩૩. તેમણે અલ્લાહ (ને આપેલા) વચન પુરાં ન કર્યાં, તેમના પર જ્યારે કોઇ મુસીબત આવી પડતી ત્યારે વચન આપતા કે અય ખુદા! જો તું અમને આનાથી છુટકારો આપે તો અમે જરૂર ઇમાન લાવીશું. પછી જ્યારે છુટકારો પામતા ત્યારે વચનથી ફરી જતા હતા. (મદારિક).

૩૪. મઝકૂર નબીઓ.

૩૫. અર્થાત સ્પષ્ટ મુઅજિઝા, યદે બૈઝા અને અસા વિગેરે.

وَجَآءَ السَّحَرَةُ فِرْعَوْنَ قَالُوْٓا اِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا
نَحْنُ الْغٰلِبِيْنَ ۝١١٣ قَالَ نَعَمْ وَاِنَّكُمْ لَمِنَ الْمُقَرَّبِيْنَ ۝١١٤
قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ تُلْقِيَ وَاِمَّآ اَنْ نَّكُوْنَ نَحْنُ
الْمُلْقِيْنَ ۝١١٥ قَالَ اَلْقُوْا ۚ فَلَمَّآ اَلْقَوْا سَحَرُوْٓا اَعْيُنَ
النَّاسِ وَاسْتَرْهَبُوْهُمْ وَجَآءُوْ بِسِحْرٍ عَظِيْمٍ ۝١١٦ وَاَوْحَيْنَآ
اِلٰى مُوْسٰٓى اَنْ اَلْقِ عَصَاكَ ۚ فَاِذَا هِيَ تَلْقَفُ مَا
يَاْفِكُوْنَ ۝١١٧ فَوَقَعَ الْحَقُّ وَبَطَلَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ۝١١٨
فَغُلِبُوْا هُنَالِكَ وَانْقَلَبُوْا صٰغِرِيْنَ ۝١١٩ وَاُلْقِيَ
السَّحَرَةُ سٰجِدِيْنَ ۝١٢٠ قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ۝١٢١
رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ ۝١٢٢ قَالَ فِرْعَوْنُ اٰمَنْتُمْ بِهٖ
قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۚ اِنَّ هٰذَا لَمَكْرٌ مَّكَرْتُمُوْهُ فِي

منزل ٢

અને પછી જાદુગર ફિરઔન પાસે આવ્યા, બોલ્યા; 'જો અમે જીતી જઈએ તો અમને કંઈક ઈનામ મળશે? (૧૧૩) બોલ્યો; 'હાં ! અને ત્યારે તમે નજીકના (સલાહકારો અને મિત્રો) બની જશો (૧૧૪) (જાદુગરો) બોલ્યા, 'અય મૂસા! યા[૪૬] તો તમે નાખો યા અમે નાખીએ[૪૭] (૧૧૫) (હઝરત મૂસાએ) કહ્યું; 'તમે જ નાખો'[૪૮] (પછી જ્યારે તેમણે નાખ્યું,[૪૯] લોકોની દ્રષ્ટિ પર જાદુ કરી દીધું અને તેમને ડરાવ્યા અને મહાન જાદુ લાવ્યા (૧૧૬) અને અમે મૂસાને વહી મોકલી કે પોતાનો અસો નાખ. તો અચાનક તેમની બનાવટને ગળી જવા માંડયો[૫૦] (૧૧૭) તો સત્ય સાબિત થયું અને તેમનું કામ નાસીપાસ થયું (૧૧૮) તો અહીં તેઓ પરાજીત થયા અને અપમાનિત થઈને પરત થયા (૧૧૯) અને જાદુગરો સિજદામાં નાખી દેવામાં આવ્યા[૫૧] (૧૨૦) બોલ્યા; 'અમે ઈમાન લાવ્યા. જગતના પાલનહાર પર (૧૨૧) જે મૂસા અને હારૂનનો પરવરદિગાર છે'(૧૨૨) ફિરઔન બોલ્યો 'તમે તેના પર ઈમાન લઈ આવ્યા? હું તમને પરવાનગી આપું તે પહેલાં? આ તો મોટી બનાવટ છે, જે તમે બધાએ[૫૨] શહેરમાં

૩૬. તેમને જૂઠી ઠેરવી અને કૂફ્ર કર્યું.

૩૭. કારણ કે રસૂલને એ જ શોભે છે તેઓ કદી જૂઠી વાત કહેતા નથી. અને તબ્લીગે રિસાલત (રિસાલતની વાતો લોકોને પહોંચાડવા)માં એમનાથી અસત્ય અશકય છે.

૩૮. જેનાથી મારી રિસાલત સાબિત થાય છે. અને તે નિશાની મુઅજિઝા છે.

૩૯. અને એમને પોતાની કેદમાંથી મુક્ત કર જેથી તે મારી સાથે પવિત્ર ધરતીમાં ચાલ્યા જાય જે તેમનું વતન છે.

૪૦. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે અસો નાખ્યો ત્યારે તે એક મોટો અજગર બની ગયો. પીળા રંગનો મોઢું પહોળું કરીને પોતાની પૂછડી પર જમીનથી એક માઇલ ઊંચો થઇ ઉભો રહ્યો, એક જડબું તેણે જમીન ઉપર રાખ્યું અને એક રાજમહેલની ભીત પર. પછી તેણે ફિરઔન તરફ મોઢું ફેરવ્યું તો તે ગાદી પરથી કુદીને નાસ્યો, અને બીકના માર્યે તેની હવા નીકળી ગઇ, પછી (અજગરે) લોકો તરફ મોઢું ફેરવ્યું તો એવી નાસભાગ થઇ કે હજારો માણસો કચડાઇ મરી ગયા. ફિરઔન ઘરમાં ભરાઇને બરાડવા લાગ્યો કે, અય મૂસા! તમને રસૂલ બનાવીને મોકલનારના સોગંદ! એને પકડી લો, હું તમારા પર ઇમાન લાવું છું અને તમારી સાથે બની ઇસરાઇલને મોકલી આપું છું. હઝરત મૂસા અલયહિસ્સલામે તેને ઉપાડી લીધો તો પહેલાંની માફક અસો હતો.

૪૧. અને તેનો પ્રકાશ અને ચળકાટ સૂર્યના પ્રકાશથી વધી ગયો.

૪૨. જેણે જાદુના જોરે નજરબંદી કરી છે જેથી લોકોને અસો અજગર અને ઘઉંવર્ણો હાથ સૂર્ય કરતાં

ફેલાવી છે, જેથી શહેરવાળાઓને ત્યાંથી કાઢી મૂકો.[૫૩] તો હવે તમને ખબર પડશે[૫૪] (૧૨૩) કસમ છે કે હું તમારા એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપી નાખીશ પછી તમને બધાને શુળીએ લટકાવીશ.[૫૫] (૧૨૪) (જાદુ-ગરો) બોલ્યા, 'અમે અમારા રબ પ્રતિ જવાના છીએ.[૫૬] (૧૨૫) અને તને અમારૂં શું માઠું લાગ્યું? એ જ કે અમે અમારા રબની નિશાનીઓ પર ઈમાન લઈ આવ્યા જ્યારે તે અમારી પાસે આવી. અય અમારા રબ! અમારા પર ધીરજ વરસાવ[૫૭] અને અમને મુસલમાન (હોવાની હાલતમાં) ઉઠાવ[૫૮] (૧૨૬) અને સરદારો બોલ્યા ફિરઔનની કોમના; 'શું તુ મૂસાને અને તેની કૌમને એટલા માટે છોડી મૂકે છે કે તેઓ ધરતીમાં તોફાન ફેલાવે?[૫૯] અને મૂસા તને અને તારા બનાવી કાઢેલા મઅબૂદોને ત્યજી દે?[૬૦] બોલ્યો; 'હવે આપણે તેમના દીકરાઓને મારી નાખીશું. અને દીકરીઓને જીવતી રહેવા દઈશું. અને આપણે એમના પર બેશક! કાબુ ધરાવનાર છીએ[૬૧] (૧૨૭) મૂસાએ પોતાની કોમને કહ્યું; 'અલ્લાહની મદદ માંગો[૬૨] અને ધીરજ ધરો.[૬૩] બેશક! જમીનનો માલિક અલ્લાહ છે,[૬૪] પોતાના બન્દાઓમાંથી જેને ઈચ્છે તેને (જમીનનો) વારસદાર બનાવે,[૬૫] અને અંતે મેદાન પરહેઝગારોના હાથમાં છે'[૬૬] (૧૨૮)

قال الملا ٩ الاعراف ٧

المدينة لتخرجوا منها اهلها فسوف تعلمون ﴿١٢٣﴾
لاقطعن ايديكم وارجلكم من خلاف ثم
لاصلبنكم اجمعين ﴿١٢٤﴾ قالوا انا الى ربنا
منقلبون ﴿١٢٥﴾ وما تنقم منا الا ان امنا بايات ربنا
لما جاءتنا ربنا افرغ علينا صبرا وتوفنا مسلمين ﴿١٢٦﴾
وقال الملا من قوم فرعون اتذر موسى
وقومه ليفسدوا في الارض ويذرك
والهتك قال سنقتل ابناءهم ونستحي نساءهم
وانا فوقهم قاهرون ﴿١٢٧﴾ قال موسى لقومه
استعينوا بالله واصبروا ان الارض لله يورثها
من يشاء من عباده والعاقبة للمتقين ﴿١٢٨﴾

વધુ પ્રકાશિત દેખાવા લાગ્યો.

૪૩. મિસર.

૪૪. હઝરત હારૂન અલયહિસ્સલામ.

૪૫. જે જાદુમાં નિષ્ણાત અને સર્વોપરી હોય પછી લોકો ઉપડયા અને આજુબાજુના શહેરો અને વિસ્તારોમાંથી જાદુગરોને લઇ આવ્યા.

૪૬. પ્રથમ તમારો અસો.

૪૭. જાદુગરોએ હઝરત મૂસા અલયહિસ્સલામનો એટલો અદબ જાળવ્યો કે આપને પ્રાથમિકતા આપી, અને આપની આજ્ઞા વગર પોતાના કાર્યમાં મશગૂલ ન થયા. આ અદબનો બદલો તેમને એ મળ્યો કે અલ્લાહ તઆલાએ તેમને ઇમાન અને હિદાયતથી પાવન કર્યા.

૪૮. હઝરત મૂસા અલયહિસ્સલામે આવું એટલા માટે કહ્યું હતું કે આપને તેમની જરા પણ પરવાહ ન હતી. અને પુરો વિશ્વાસ ધરાવતા હતા કે પોતાના મોઅજિઝા સામે જાદુ નિષ્ફળ અને પરાજિત થશે.

૪૯. પોતાનું સાધન, જેમાં લાંબાં દોરડાં અને મોભ હતા તે અજગરો દેખાવા લાગ્યા, અને મેદાન એનાથી ભરાએલું લાગવા માંડયુ.

૫૦. જ્યારે મૂસા અલયહિસ્સલામે પોતાનો અસો નાખ્યો ત્યારે તે એક મહાન અજગર બની ગયો, ઇબ્ને ઝેદનું કહેવું છે કે આ સભા ઇસ્કંદરિયામાં ભરાઇ હતી. અને હઝરત મૂસા અલયહિસ્સલામના અજગરની પૂછડી દરિયાને છેડે પહોંચી ગઇ હતી. તે જાદુગરોના જાદુને એક એક કરીને ગળી ગયો, અને

બધાં દોરડાં અને લાકડાઓ જે ભેગા કર્યા હતાં, અને જે ત્રણસો ઊંટોનું વજન હતું તે બધાંનો ખાતમો કરી નાખ્યો. જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે તેને પોતાના હાથ મુબારકમાં પકડયો ત્યારે તે પ્રથમની જેમ અસો બની ગયો, અને તેનું કદ અને વજન પોતાની (અસલી) હાલત જેટલું જ રહ્યું હતું. આ જોઇને જાદુગરોએ ઓળખી લીધું કે મૂસાનો અસો જાદુ નથી. અને મનુષ્યની તાકત આવો ચમત્કાર બતાવી શકતી નથી. જરૂર આ આકાશી કાર્ય છે. એ વાત સમજીને તેઓ "આમન્ના બિરબ્બીલ આલમીન" (અમે રબ્બુલ આલમીન પર ઇમાન લાવ્યા) કહીને સિજદામાં પડયા.

૫૧. અર્થાત આ મુઅજિઝો દેખીને તેમના ઉપર એવો અસર થયો કે તેઓ આપમેળે જ સિજદામાં પડી ગયાં. લાગતું હતું જાણે કોઇએ પેશાનીઓ પકડીને જમીન પર ગોઠવી દીધી.

૫૨. અર્થાત તમે અને મૂસા અલયહિસ્સલામને ભેગા મળીને.

૫૩. અને પોતે તેના પર કબ્જો જમાવી લો.

૫૪. કે હું તમારી સાથે કેવી રીતે વર્તું છું.

૫૫. નાઈલના કિનારે ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે દુનિયામાં સર્વ પ્રથમ સુળીએ ચઢાવનાર અને સર્વ પ્રથમ હાથ કાપનાર ફિરઔન છે. ફિરઔનની એ વાતનો જાદુગરોએ જે જવાબ આપ્યો તે આગળની આયતમાં છે.

૫૬. પછી અમને મૃત્યુનો શો શોક? કારણ કે મૃત્યુ પામીને અમને અમારા પરવરદિગારના દીદાર અને તેની રહમત મળશે. અને જ્યારે સર્વને તેના પ્રતિ જ જવાનું છે તો પછી તે અમારી અને તમારી વચમાં ફેંસલો કરી દેશે.

૫૭. અર્થાત અમને પુરેપુરી સંપૂર્ણ સબ્ર આપ અને એટલી બધી આપ જેમ, પાણી કોઈ પર ઊંધુ વાળવામાં આવે છે.

૫૮. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું છે કે એ લોકો દિવસના પ્રારંભકાળે જાદુગરો હતા અને તે જ દિવસના અંત ભાગે શહીદ.

૫૯. અર્થાત મિસરમાં (રહીને) તારો વિરોધ કરે અને ત્યાંના રહીશોનો ધર્મ બદલે, અને આવું તેમણે એટલા માટે કહ્યું હતું કે જાદુગરો સાથે છ હજાર માણસો ઈમાન લાવી ચૂક્યા હતા. (મદારિક)

૬૦. કે ન તો તારી પૂજા કરે ન તો તારા બનાવેલા મઅબૂદોની. સદીનું કથન એ છે કે ફિરઔને પોતાની કોમ માટે મૂર્તિઓ બનાવી આપી હતી. અને તેમને પૂજવાનો આદેશ આપતો હતો. અને કહેતો હતો કે હું તમારો પણ રબ છું, અને આ મૂર્તિઓનો પણ. અમુક મુફસ્સિરોનું કહેવું છે કે ફિરઔન દેહરી (નાસ્તિક) હતો, એટલે કે જગતના સર્જકના અસ્તિત્વને નકારનાર. તેનું માનવું હતું કે પાર્થિવ જગતના સંચાલક ગ્રહો છે. તેથી જ તેને ગ્રહોની શિકલ જેવી મૂર્તિઓ બનાવડાવી હતી, પોતે પણ તેમની ઈબાદત કરતો હતો અને બીજાઓને પણ ઈબાદતનો હુકમ આપતો હતો. અને પોતાને ધરતીનો અનુસરવા લાયક આદરનીય માનતો હતો. તેથી જ "અના રબ્બુકુમુલ અઅલા" (હું જ તમારો મહાન રબ છું) કહેતો હતો.

૬૧. ફિરઔની કોમના સરદારોએ ફિરઔનને જે એવું કહ્યું હતું કે શું તુ મૂસાને અને તેની કોમને એટલા ખાતર છોડી દે છે કે તેઓ ધરતીમાં તોફાન મચાવે? તોં એથી તેમનો હેતુ મૂસા અલયહિસ્સલામ અને આપની કોમને મારી નાખવા માટે ફિરઔનને પાણી ચઢાવવાનો હતો. જ્યારે તેમણે એવું કહ્યું ત્યારે મૂસા અલયહિસ્સલામે તેમને કુદરતી કોપ ઉતરવાથી ડરાવ્યા અને ફિરઔન પોતાની કોમની ઈચ્છા પુરી

قَالُوْٓا اُوْذِيْنَا مِنْ قَبْلِ اَنْ تَاْتِيَنَا وَمِنْۢ بَعْدِ مَا
جِئْتَنَا ؕ قَالَ عَسٰى رَبُّكُمْ اَنْ يُّهْلِكَ عَدُوَّكُمْ وَ
يَسْتَخْلِفَكُمْ فِى الْاَرْضِ فَيَنْظُرَ كَيْفَ تَعْمَلُوْنَ ﴿۱۲۹﴾
وَلَقَدْ اَخَذْنَآ اٰلَ فِرْعَوْنَ بِالسِّنِيْنَ وَنَقْصٍ
مِّنَ الثَّمَرٰتِ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ﴿۱۳۰﴾ فَاِذَا جَآءَتْهُمُ
الْحَسَنَةُ قَالُوْا لَنَا هٰذِهٖ ۚ وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌ
يَّطَّيَّرُوْا بِمُوْسٰى وَمَنْ مَّعَهٗ ؕ اَلَآ اِنَّمَا طٰٓئِرُهُمْ
عِنْدَ اللّٰهِ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۱۳۱﴾ وَقَالُوْا مَهْمَا
تَاْتِنَا بِهٖ مِنْ اٰيَةٍ لِّتَسْحَرَنَا بِهَا ۙ فَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِيْنَ ﴿۱۳۲﴾
فَاَرْسَلْنَا عَلَيْهِمُ الطُّوْفَانَ وَالْجَرَادَ وَالْقُمَّلَ
وَالضَّفَادِعَ وَالدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ ۫ فَاسْتَكْبَرُوْا

બોલ્યા; 'અમને તમારા આગમન પહેલાં પણ સતાવવામાં આવ્યા[૬૭] અને તમારી પધરામણી થયા પછી (પણ)[૬૮] (મૂસાએ) કહ્યું; નજીક છે કે તમારો રબ નાશ કરે તમારા દુશ્મનનો અને તેની જગ્યાએ જમીન (દેશ) ના માલિક તમને બનાવે, પછી જુએ (કે તમે) કેવાં કર્મ કરો છો[૬૯] (૧૨૯) અને બેશક! અમે ફિરઓનવાળાઓને વર્ષોનો દુકાળ અને ફળફળાદી ખૂટાડીને પકડયા.[૭૦] કે ક્યાંક તેઓ શિખામણ માને[૭૧] (૧૩૦) તો જ્યારે તેમને ભલાઈ (સુખ) મળતી[૭૨], કહેતા આ અમારા માટે છે.[૭૩] અને જ્યારે બુરાઈ (દુઃખ) મળતું ત્યારે મૂસા અને તેમના સાથીદારોના અપશકુન ગણતા.[૭૪] સાંભળો! તેમના ભાગ્યની કમબખ્તી તો અલ્લાહ પાસે છે,[૭૫] પણ તેમનામાં વધુને ખબર નથી (૧૩૧) અને બોલ્યા; 'તમે અમારા પર જાદુ કરવા કોઈ પણ નિશાની લઈને આવો (પણ) અમે કોઈ પણ રીતે તમારા પર ઈમાન લાવનાર નથી[૭૬] (૧૩૨) તો અમે તેમના પર તોફાન મોકલ્યું. અને તીડ અને ઉધય (અથવા કિથોડી અથવા જૂં) અને દેડકા અને લોહી[૭૭] (નો અઝાબ મોકલ્યો) જુદી જુદી નિશાનીઓ.[૭૮] છતાં

કરવા શક્તિમાન ન હતો. કારણ કે તે મૂસા અલયહિસ્સલામના મુઅજિઝાની તાકાતથી હેબતાઈ ગયો હતો. તેથી જ તેને પોતાની કોમને કહ્યું કે આપણે બની ઈસરાઈલના છોકરાઓને મારી નાખીશું અને છોકરીઓને જીવતી રાખીશું. એનાથી તેનો હેતુ એ હતો કે મૂસા અલયહિસ્સલામની કોમની સંખ્યા ઘટાડીને તેમની તાકાત ઓછી કરી નાખીશું. અને લોકોમાં પોતાનો ભરમ રાખવા એવું પણ કહી નાખ્યું કે બેશક! આપણે તેમના પર કાબૂ ધરાવીએ છીએ. પણ ફિરઔનના એ કહેવાથી કે આપણે બની ઈસરાઈલના છોકરાઓને મારી નાખીશું. બની ઈસરાઈલમાં થોડી પરેશાની પેદા થઈ, અને તેમણે મૂસા અલયહિસ્સલામને ફરિયાદ કરી. તેના જવાબમાં મૂસા અલયહિસ્સલામે આ કહ્યું જે આગળની (આયતોમાં) આવે છે.

૬૨. તે પુરતો છે.

૬૩. મુસીબતો અને બલાઓમાં, અને ગભરાઓ નહિ.

૬૪. અને મિસરની ધરતી પણ એમાં સામેલ છે.

૬૫. આવું કહીને મૂસા અલયહિસ્સલામે બની ઈસરાઈલને આશા અપાવી કે ફિરઔન અને તેની કોમ નાશ પામશે, અને બની ઈસરાઈલ તેમની ધરતી અને શહેરોના માલિક બનશે.

૬૬. તેમના જ માટે વિજય અને સફળતા છે અને તેમના જ માટે શ્રેષ્ઠ આકેબત.

૬૭. કે ફિરઓન અને ફિરઔનીઓએ જાતજાતની મુસીબતમાં સપડાવ્યા હતા. અને છોકરાઓને મોટી સંખ્યામાં મારી નાખ્યા હતા.

૬૮. કે વળી પાછો તે અમારી ઔલાદને મારી નાખવાનો ઈરાદો ધરાવે છે તો અમારી મદદ ક્યારે

થશે? અને આ મુસીબતો ક્યારે દૂર કરાશે?

૬૯. અને નેઅમતનો આભાર કેવી રીતે માનો છો?

૭૦. અને મુફલેસી તેમજ ભૂખમરામાં સપડાવ્યા.

૭૧. અને કુફ્ર તેમજ હુકમની અવહેલના કરવાનું છોડી દે. ફિરઔને પોતાની ચારસો વરસની ઉમરમાંથી ત્રણસો વીસ વરસ તો એવા આરામથી વિતાવ્યાં હતાં કે એ મુદ્દતમાં કદી પણ દુઃખાવો તાવ કે ભૂખ અનુભવ્યાં ન હતાં, હવે દુકાળની મુસીબત તેમના પર એટલા માટે નાખવામાં આવી કે (કદાચ) તેઓ એ મુસીબત (ના અનુભવ)થી જ ખુદાને યાદ કરે, અને તેના તરફ ધ્યાન આપે. પરંતુ તેઓ કુફ્રમાં એટલા પાકા થઈ ગયા હતા કે આ મુસીબતોથી પણ તેમના ઉધામાં વધતા જ ગયા.

૭૨. અને સસ્તાઈ, માલદારી, શાંતિ અને સુખ મળતાં.

૭૩. એટલે કે અમે એના યોગ્ય જ છીએ, અને અલ્લાહની કૃપા ન ગણતા અને તેનો આભાર ન માનતા.

૭૪. અને કહેતા કે આ મુસીબતો તેમના કારણે જ આવી છે, જો એ ન હોત તો આ મુસીબતો ન હોત.

૭૫. જે તેણે નક્કી કર્યું છે તે જ આવે છે. અને આ (મુસીબત) તો એમના કુફ્રના લીધે છે. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે મોટી કમબખ્તી તો તે છે જે એમના માટે અલ્લાહના ત્યાં છે, એટલે કે દોઝખના અઝાબ.

૭૬. જ્યારે તેમની નાફરમાની એટલી હદે વધી ગઈ ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે તેમના માટે બદ્દુઆ કરી. આપ "મુસ્તજાબુદ્દઅવાત" (જેની દુઆ હમેશાં કબૂલ થતી હોય તે) હતા. દુઆ કબૂલ થઈ.

૭૭. જાદુગરોના ઈમાન લાવ્યા પછી પણ જ્યારે ફિરઔની લોકો પોતાના કુફ્ર અને નાફરમાની પર જામેલા રહ્યા ત્યારે તેમના પર અલ્લાહની નિશાનીઓ એક પછી એક ઉતરવા લાગી, કારણ કે મૂસા અલયહિસ્સલામે દુઆ કરી હતી કે, અય અલ્લાહ! ધરતી પર ફિરઔન ખૂબ જ બંડખોર બની ગયો છે, અને તેની કોમે વચનભંગ કર્યો છે. તેમને એવા અઝાબમાં સપડાવ જે તેમના માટે સજા હોય અને મારી કોમ તેમજ પાછળનાઓ માટે બોધ બને. તો અલ્લાહ તઆલાએ તોફાન મોકલ્યું, વાદળ આવ્યું, અંધારૂં થઈ ગયું, અને વરસાદ વરસવા લાગ્યો. ફિરઔનીઓનાં ઘરોમાં પાણી ભરાઈ ગયું, એટલે સુધી કે તેમને પાણીમાં ઉભુ રહેવું પડયું, અને પાણી તેમના ડોકીઓના હાડકાં સુધી આવી ગયું, તેમનામાં જે બેસવા ગયું તે ડૂબી ગયું. ન તો હલન ચલન કરી શકતા હતા ન કંઈ કામ કરી શકતા હતા. શનિવારથી શનિવાર સાત દિવસ સુધી **એ મુસીબતમાં જ ઘેરાએલા રહ્યા. અને બની ઈસરાઈલનાં ઘરો તેમનાં ઘરોની જોડા જોડ હોવા છતાં તેમાં પાણી ન આવ્યું** જ્યારે તેઓ થાકી ગયા ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામને વિનવ્યું. 'અમારા માટે દુઆ કરો કે આ મુસીબત દૂર થાય જેથી અમે તમારા પર ઈમાન લાવીએ અને બની ઈસરાઈલને તમારી સાથે મોકલી દઈએ. હઝરત મૂસા લયહિસ્સલામે દુઆ કરી, તોફાનની મુસીબત દૂર થઈ. જમીનમાં એટલી ફળદ્રુપતા આવી કે પહેલાં દેખાઈ ન હતી. ખેતી પુષ્કળ પાકી અને ઝાડોને મોટા પ્રમાણમાં ફળફૂલ આવ્યાં. ત્યારે ફિરઓની કહેવા લાગ્યા કે આ પાણી તો નેઅમત હતું. અને ઈમાન ન લાવ્યા. એક મહીનો આરામથી પસાર થયો. પછી અલ્લાહે તીડ મોકલ્યા. તે ખેતી, ઝાડોના પાન, ફળફળાદો, ઘરોના દરવાજા, છાપરાં, પાટીયાં સરસામાન અને લોઢાના ખીલાઓ સુદ્ધાં ખાઈ ગયા. ફિરઔનીઓના ઘરોમાં ભરાયા અને બની ઈસરાઈલના ઘરોમાં ન ગયા. ફરી ફિરઔનીઓએ ગભરાઈને હઝરત મૂસા અલયહિસ્સલામને દુઆ માટે વિનંતી કરી,

ઈમાન લાવવાનો વાયદો કર્યો, એ મુજબ કોલ કરાર કર્યા. સાત દિવસ શનિવાર થી શનિવાર સુધી તીડોના અઝાબમાં સપડાયેલા રહ્યા. પછી હઝરત મૂસાની દુઆથી છુટકારો મળ્યો. પછી જે ખેતી અને ફળફૂલ બાકી રહી ગયું હતું તે જોઈને બોલ્યા, અમારા માટે પુરતું છે, અને અમારો ધર્મ છોડવાના નથી. પછી ઈમાન ન લાવ્યા. વફાદારીનું વચન ન પાળ્યું, અને પોતાના કુકૃત્યોમાં સંડોવાઈ ગયા. એક મહીનો સુખ ચેનથી પસાર થયો. પછી અલ્લાહ તઆલાએ 'કુમ્મલ' મોકલ્યા, મુફસ્સિરોનો એમાં મતભેદ છે. અમુક કહે છે કે કુમ્મલ એ ઉધય છે, અમુક કહે છે કે જૂ. અમુક કહે છે કે એક નાનું જીવડું છે. તેમની જે ખેતીઓ અને ફળો વધ્યા હતાં તે ખાઈ નાખ્યાં. કપડાંઓમાં પેસી જતા હતા અને ચામડીમાં ચટકાવતા હતા. ખાવાની વસ્તુઓમાં પેસી જતા. જે કોઈ દસ ગુણી ઘઉં ઘંટીમાં લઈ જતું તો ત્રણ શેર પાછું લાવતું. બીજું તે જીવાત ખાઈ નાખતી હતી. આ જીવાત ફિરઔનીઓના ઘરોમાં ભરાઈને ભવાં અને પાંપણો સુદ્ધાં ખાઈ ગઇ. શરીરમાં શિતળાની જેમ ભરાઈ જતાં. ઊંઘવાનું મુશ્કેલ બનાવી દીધું હતું. આ મુસીબતથી ફિરઔનીઓ અકળાઈ ઉઠયા. ફરી પાછું મૂસા અલયહિસ્સલામને કહ્યું કે અમે તૌબા કરીએ છીએ, તમે આ મુસીબત ટાળવાની દુઆ કરો. પછી સાત દિવસ બાદ એ મુસીબત પણ હઝરત મૂસાની દુઆથી ટળી. પરંતુ ફિરઔનીઓએ પાછો વચનભંગ કર્યો અને પહેલાથી પણ વધું ખરાબ કામો કરવાનું શુરૂં કર્યું. એક મહીનો સુખેથી ગયા પછી, હઝરત મૂસા અલયહિસ્સલામે ફરી બદ્દુઆ કરી. ત્યારે અલ્લાહ તઆલાએ દેડકાં મોકલ્યાં. અને એવી પરિસ્થિતિ સર્જાઈ કે જો માણસ બેસતો તો તેની બેઠકમાં દેડકાં ભરાઈ જતાં. વાત કરવા માટે મોઢું ઉઘાડતા તો દેડકુ કુદીને તેમના મોઢામાં ભરાઈ જતું. હાંડલી વાસણોમાં દેડકાં, ખાવાની વસ્તુઓમાં દેડકાં, ચુલાઓમાં દેડકા ભરાઈ જતાં તો આગ પણ હોલવાઈ જતી. સૂતા ત્યારે દેડકાં ઉપર અસ્વાર થઈ જતાં. આ મુસીબતથી ફિરઔનીઓ રડી પડયા, અને હઝરત મૂસા અલયહિસ્સલામને વિનંતી કરી કે આ વખતે અમે પાકી તૌબહ કરીએ છીએ. હઝરત મૂસા અલયહિસ્સલામે તેમની પાસે કોલ કરાર લઈને દુઆ કરી તો સાત દિવસ પછી એ મુસીબત પણ દૂર થઈ, અને એક મહીનો શાંતિથી પસાર થયો. પણ પાછો તેમણે વાયદો તોડી નાખ્યો અને પોતાના કુફ્ર તરફ પલ્ટી ગયા. ફરી પાછા હઝરત મૂસા અલયહિસ્સલામે બદ દુઆ કરી તો બધા કૂવાઓ, નહેરો, ઝરણાઓનું પાણી, અને નાઈલ નદીનું પાણી, મતલબ કે બધું જ પાણી તેમના માટે તાજુ લોહી બની ગયું. ત્યારે તેમણે ફિરઔનને ફરિયાદ કરી ત્યારે તેણે કહ્યું, જાદુના જોરે હઝરત મૂસા અલયહિસ્સલામે તમારી નઝરબંદી કરી દીધી છે. ત્યારે તેમણે કહ્યું કે કેવી નઝરબંદી? અમારા વાસણોમાં તો લોહી સિવાય કશુંજ નથી. ત્યારે ફિરઔને હુકમ કર્યો કે ફિરઔનીયો બની ઈસરાઈલ સાથે એક જ વાસણથી પાણી ભરે. પણ જ્યારે બની ઈસરાઈલ કાઢતા ત્યારે પાણી નીકળતું, અને ફિરઓનીઓ કાઢતા ત્યારે લોહી નીકળતું એટલે સુધી કે ફિરઔની સ્ત્રીઓ તરસથી લાચાર બનીને બની ઈસરાઈલની સ્ત્રીઓ પાસે આવી અને પાણી માંગ્યું તો તે પાણી તેમના વાસણોમાં જતાં જ લોહી બની ગયું. ફિરઔની સ્ત્રીઓ કહેતી કે તમે તમારા મોઢામાં પાણી લઈને અમારા મોઢામાં કોગળા કરો. તેમ કરતા બની ઈસરાઈલના સ્ત્રીના મોઢામાં જ્યાં સુધી રહેતું પાણી રહેતું અને ફિરઓની સ્ત્રીના મોઢામાં જતાં જ લોહી બની જતું. ફિરઔન પોતે પણ તરસથી બેચેન બન્યો, તેણે લીલી ઝાડની તરી ચૂસી, પણ તેના મોઢામાં પ્રવેશતાં જ તે લોહી બની ગઈ. સાત દિવસ સુધી લોહી સિવાય કોઈ વસ્તુ પીવાની મળી નહિ. ફરી પાછી હઝરત મૂસા અલયહિસ્સલામને દુઆની દરખ્વાસ્ત મૂકી, અને ઈમાન લાવવાનો વાયદો કર્યો. હઝરત મૂસા અલયહિસ્સલામે દુઆ કરી, એ મુસીબત પણ ટળી, છંતાં ઈમાન લાવ્યા નહિ.

قال الملا ٩ — الاعراف ٧

وكانوا قوما مجرمين ﴿١٣٣﴾ ولما وقع عليهم الرجز
قالوا يموسى ادع لنا ربك بما عهد عندك
لئن كشفت عنا الرجز لنؤمنن لك ولنرسلن معك
بني اسراءيل ﴿١٣٤﴾ فلما كشفنا عنهم الرجز الى اجل
هم بلغوه اذا هم ينكثون ﴿١٣٥﴾ فانتقمنا منهم
فاغرقنهم في اليم بانهم كذبوا باياتنا وكانوا
عنها غفلين ﴿١٣٦﴾ واورثنا القوم الذين كانوا
يستضعفون مشارق الارض ومغاربها
التي بركنا فيها وتمت كلمت ربك الحسنى
على بني اسراءيل بما صبروا ودمرنا ما كان
يصنع فرعون وقومه وما كانوا يعرشون ﴿١٣٧﴾

તેમણે ઘમંડ કર્યું.[૭૯] અને તે ગુનેહગાર કૌમ હતી (૧૩૩) અને જ્યારે તેમના પર અઝાબ પડતો (ત્યારે) કહેતા; 'અય મૂસા! અમારા માટે પોતાના રબ પાસે દુઆ કરો, તે વચનના લીધે જે તેનું તમારી પાસે છે.[૮૦] બેશક! જો તમે અમારા પરથી અઝાબ ઉઠાવી લેશો તો અમે જરૂર તમારા પર ઈમાન લઈ આવીશું. અને બની ઈસરાઈલને તમારી સાથે મોકલી આપીશું' (૧૩૪) પછી જ્યારે અમે એમના પરથી અઝાબ ઉઠાવી લેતા, એક મુદ્દત માટે કે જ્યાં સુધી તેમને પહોંચવાનું છે, (તો) તરત જ તેઓ ફરી બેસતા (૧૩૫) તો અમે તેમના પાસેથી બદલો લીધો તો તેમને દરિયામાં ડૂબાડી દીધા. એટલા માટે કે અમારી આયતોને જૂઠાડતા હતા અને તેની (સત્યતાથી) વંચિત હતા,[૮૧] અને અમે તે કૌમને[૮૨] જેને દબાવી દેવામાં આવી હતી, તે ધરતી[૮૩]ના પૂર્વ પશ્ચિમની વારસદાર બનાવી દીધી. જેમાં એક બરકત મૂકી.[૮૪] અને તારા રબનો સરસ વાયદો બની ઈસરાઈલ માટે પુરો થયો, તેમના સબ્રનો બદલો. અને અમે નાશ કર્યો.[૮૫] (તેનો) જે કંઈ ફિરઔન અને તેમની કૌમ બનાવતી હતી. અને જે આવું તેવું લાદતા હતા (૧૩૭)

૭૮. એક પછી બીજી અને દરેક અઝાબ એક અઠવાડિયુ રહેતો, અને બે અઝાબ વચ્ચે એક મહિનાનો ગાળો રહેતો હતો.

૭૯. અને હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઈમાન ન લાવ્યા.

૮૦. કે તે તમારી દુઆ કબૂલ કરશે.

૮૧. જ્યારે વારે ઘડીએ તેમને અઝાબમાંથી મુક્તિ આપવામાં આવી છતાં તેઓ વચન પર જામેલા રહ્યા નહિ અને ઈમાન લાવ્યા નહિ અને કૂફ્ર છોડયું નહિ ત્યારે તેમના માટે નક્કી કરેલી સમય મર્યાદા પુરી થએથી તેમને અલ્લાહ તઆલાએ નાઈલ નદીમાં ડૂબાડીને નાશ કર્યો. તેઓ અલ્લાહની આયતો પ્રત્યે જરા પણ વિચાર કે ધ્યાન કરતા ન હતા.

૮૨. એટલે કે બની ઈસરાઈલને.

૮૩. ઈજીપ્ત (મિસર) સિરીયા (શામ)

૮૪. નહેરો, ઝાડો, ખેતવાડી, ફળફળાદી અને ઉપજના મબલખપણા દ્વારા.

૮૫. તે તમામં ઈમારતો, મહેલો અને બગીચાઓનો.

وَجٰوَزْنَا بِبَنِیْٓ اِسْرَآءِیْلَ الْبَحْرَ فَاَتَوْا عَلٰی قَوْمٍ
یَّعْكُفُوْنَ عَلٰٓی اَصْنَامٍ لَّهُمْ ۚ قَالُوْا یٰمُوْسَی اجْعَلْ
لَّنَآ اِلٰهًا كَمَا لَهُمْ اٰلِهَةٌ ؕ قَالَ اِنَّكُمْ قَوْمٌ تَجْهَلُوْنَ ﴿۱۳۸﴾
اِنَّ هٰٓؤُلَآءِ مُتَبَّرٌ مَّا هُمْ فِیْهِ وَبٰطِلٌ مَّا كَانُوْا
یَعْمَلُوْنَ ﴿۱۳۹﴾ قَالَ اَغَیْرَ اللّٰهِ اَبْغِیْكُمْ اِلٰهًا وَّهُوَ فَضَّلَكُمْ
منزل ٢ عَلَی الْعٰلَمِیْنَ ﴿۱۴۰﴾ وَاِذْ اَنْجَیْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ
یَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ ۚ یُقَتِّلُوْنَ اَبْنَآءَكُمْ وَ
یَسْتَحْیُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِیْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ رَّبِّكُمْ
ركوع عَظِیْمٌ ﴿۱۴۱﴾ وَوٰعَدْنَا مُوْسٰی ثَلٰثِیْنَ لَیْلَةً وَّاَتْمَمْنٰهَا
بِعَشْرٍ فَتَمَّ مِیْقَاتُ رَبِّهٖٓ اَرْبَعِیْنَ لَیْلَةً ۚ وَقَالَ مُوْسٰی
لِاَخِیْهِ هٰرُوْنَ اخْلُفْنِیْ فِیْ قَوْمِیْ وَاَصْلِحْ وَلَا تَتَّبِعْ

અને અમે[૮૬] બની ઈસરાઈલને દરિયાની પાર ઉતાર્યા. તો તે એવી કૌમ પાસે થઈને પસાર થયા કે જેઓ પોતાની મૂર્તિઓ સામે આસન જમાવેલા હતા.[૮૭] બોલ્યા; 'અય મૂસા! અમારા માટે એક ખુદા બનાવી આપ જેમકે આ લોકો માટે એટલા બધા ખુદા છે' (મૂસા) બોલ્યા; 'તમે ચોક્કસ જાહિલ લોક છો[૮૮] (૧૩૮) જેમાં આ લોકો[૮૯] છે તે હાલત બરબાદીની છે. અને જે કંઈ (તેઓ) કરી રહ્યા છે (તે) નર્યું અસત્ય છે (૧૩૯) (મૂસા) બોલ્યા; 'શું અલ્લાહ સિવાય તમારો કોઈ બીજો ખુદા ઢૂંઢું? તેણે તમને આખા યુગ પર શ્રેષ્ઠતા આપી હોવા છતાં?[૯૦] (૧૪૦) અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઓનવાળાઓ પાસેથી છોડાવ્યા કે (જેઓ) તમને ખરાબ માર મારતા (હતા) તમારા દીકરાઓને વાઢી નાખતા અને તમારી દીકરીઓને જીવતી રાખતા (હતા) અને તેમાં તમારા રબની મોટી કૃપા થઈ[૯૧] (૧૪૧) અને અમે મૂસાને[૯૨] ત્રીસ રાતોનો વાયદો આપ્યો અને તેમાં[૯૩] દશ ઉમેરીને સંપૂર્ણ કર્યું. તો તેના રબનો વાયદો પુરી ચાલીસ રાતોનો થયો[૯૪] અને મૂસાએ[૯૫] હારૂનને કહ્યું, 'મારાનાયબ તરીકે રહે મારી કૌમમાં. અને સુધારણા કરજે, અને ફસાદીઓના

૮૬. ફિરઔન અને તેની કોમને મોહર્રમની દસમી તારીખે ડૂબાડી દીધા પછી.

૮૭. અને તેમની ઈબાદત કરતા હતા, ઈબ્ને જરીહનું કથન છે કે તે મૂર્તિઓ ગાયની શિકલની હતી. તેમને જોઈને બની ઈસરાઈલ;

૮૮. કે આટઆટલી નિશાનીઓ દેખીને પણ સમજયા નહિ કે અલ્લાહ ભાગીદાર વગરનો માત્ર એક છે. તેના સિવાય બીજું કોઈ ઈબાદતને લાયક નથી.

૮૯. મૂર્તિપૂજકો.

૯૦. અર્થાત ખુદા તે નથી હોય શકતો જે ઢૂંઢીને બનાવવામાં આવે બલ્કે ખુદા તે છે જેણે તમને શ્રેષ્ઠતા આપી. કારણ કે તે કૃપા અને ઉપકાર (કરવા માટે) શક્તિમાન છે, માટે તે જ ઈબાદતને લાયક છે.

૯૧. અર્થાત જ્યારે તેણે તમને આટલી મહાન ન્યામતો આપી તો પછી તમને એ કેમ કરી શોભે કે તમે એના સિવાય અન્યની ઈબાદત કરો.

૯૨. તવરાત આપવા માટે.

૯૩. જીલહજની.

૯૪. હઝરત મૂસા અલયહિસ્સલામનો બની ઈસરાઈલને વાયદો હતો કે જ્યારે અલ્લાહ તેમના દુશ્મન ફિરઔનનો નાશ કરશે ત્યારે તેઓ તેમના માટે અલ્લાહ તરફથી એક કિતાબ લાવશે. જેમાં હલાલ અને હરામનું વર્ણન હશે. જ્યારે અલ્લાહે ફિરઔનનો નાશ કર્યો ત્યારે હઝરત મૂસાએ પોતાના રબને તે કિતાબ ઉતારવા વિનંતી કરી. હુકમ થયો કે ત્રીસ રોઝા રાખો. જ્યારે તેમણે તે પુરા કર્યા ત્યારે તેમને પોતાના

માર્ગને પ્રવેશ ન આપીશ (૧૪૨) અને જ્યારે મૂસા અમારા વાયદા પર હાજર થયો, અને તેની સાથે તેના ખુદાએ વાત કરી,[૯૬] (ત્યારે તેણે) વિનંતી કરી, 'અય મારા રબ! મને તારા દર્શન કરાવ કે હું તને જોઉં' (અલ્લાહે) ફરમાવ્યું; 'તું મને કદાપિ જોઈ ન શકે.[૯૭] હા! પેલા પહાડ તરફ જો. તે જો પોતાની જ્ગ્યાએ જમેલો રહ્યો તો તરત થોડીવારમાં જ તું મને જોઈ શકીશ[૯૮] પછી જ્યારે તેના પરવરદિગારે પહાડ પર પોતાનું નૂર ચમકાવ્યું (ત્યારે) તેના ટુકડા ટુકડા કરી નાખ્યા, અને મૂસા બેહોશ થઈને પડયા. પછી જ્યારે હોશ આવ્યા ત્યારે બોલ્યા; 'તને પવિત્રતા છે, હું તારા પ્રતિ કેન્દ્રિત થયો, અને હું સર્વ પ્રથમ મુસલમાન છું[૯૯] (૧૪૩) (અલ્લાહે) ફરમાવ્યું; 'અય મૂસા! મેં તને લોકોમાંથી ચૂંટી કાઢયો મારી રિસાલતો અને મારા કલામ વડે. તો લઈ લે જે મેં તને આપ્યું. અને આભાર માનનારાઓમાં થા (૧૪૪) અને અમે તને પાટીઓમાં[૧૦૦] લખી આપી દરેક વસ્તુની નસીહત અને દરેક વસ્તુની વિગત. અને કહ્યું; 'અય મૂસા! આને મજબૂતીથી ધારણ કર અને તારી કૌમને હુકમ આપ કે એની સારી વાતો ગ્રહણ કરે.[૧૦૧] નજીકમાં જ હું તમને હુકમનો અનાદર કરનારાઓનું ઘર દેખાડીશ[૧૦૨] (૧૪૫) અને હું તેમને મારી આયતોથી

قال الملأ ٩ — الأعراف ٧

سَبِيلَ الْمُفْسِدِينَ ﴿١٤٢﴾ وَلَمَّا جَاءَ مُوسَىٰ لِمِيقَاتِنَا
وَكَلَّمَهُ رَبُّهُ قَالَ رَبِّ أَرِنِي أَنظُرْ إِلَيْكَ قَالَ لَن
تَرَانِي وَلَٰكِنِ انظُرْ إِلَى الْجَبَلِ فَإِنِ اسْتَقَرَّ مَكَانَهُ
فَسَوْفَ تَرَانِي فَلَمَّا تَجَلَّىٰ رَبُّهُ لِلْجَبَلِ جَعَلَهُ دَكًّا
وَخَرَّ مُوسَىٰ صَعِقًا فَلَمَّا أَفَاقَ قَالَ سُبْحَانَكَ تُبْتُ
إِلَيْكَ وَأَنَا أَوَّلُ الْمُؤْمِنِينَ ﴿١٤٣﴾ قَالَ يَا مُوسَىٰ إِنِّي
اصْطَفَيْتُكَ عَلَى النَّاسِ بِرِسَالَاتِي وَبِكَلَامِي
فَخُذْ مَا آتَيْتُكَ وَكُن مِّنَ الشَّاكِرِينَ ﴿١٤٤﴾ وَكَتَبْنَا
لَهُ فِي الْأَلْوَاحِ مِن كُلِّ شَيْءٍ مَّوْعِظَةً وَتَفْصِيلًا
لِّكُلِّ شَيْءٍ فَخُذْهَا بِقُوَّةٍ وَأْمُرْ قَوْمَكَ يَأْخُذُوا بِأَحْسَنِهَا
سَأُرِيكُمْ دَارَ الْفَاسِقِينَ ﴿١٤٥﴾ سَأَصْرِفُ عَنْ آيَاتِيَ

منزل ٢

મોઢામાં એક પ્રકારની ગંધ લાગી, તેથી તેમણે મિસ્વાક કર્યું, ફરિશ્તાઓએ કહ્યું કે અમને તમારા મોઢામાંથી ઘણી પ્રિય ગંધ આવતી હતી, તમે મિસ્વાક કરીને તેને કાઢી નાખી. ત્યારે અલ્લાહે હુકમ કર્યો કે જીલહજ મહિનામાં બીજા દસ રોઝા રાખો અને કહ્યું; ''અય મૂસા શું તમે જાણતા નથી કે રોઝદારના મોઢાની વાસ મને કસ્તુરીની સુગંધ કરતાં પણ વધુ સારી લાગે છે.

૯૫. પહાડ પર મુનાજાત (દુઆ અથવા વાતચીત) માટે જતી વખતે.

૯૬. આયતથી સાબિત થયું કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે વાત કરી, એના પર આપણું ઈમાન છે. અને વાતચીતની હકીકત વિશે ચર્ચા કરવાની આપણી હેસીયત જ શું છે ? રિવાયતોમાં આવ્યું છે કે જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ વાત સાંભળવા હાજર થયા ત્યારે તેઓ સારી રીતે સ્વચ્છ થયા અને પાક સાફ કપડાં પહેર્યાં અને રોઝો રાખીને સીના (મેદાનનું નામ)માં હાજર થયા. અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જેણે પહાડને ચારે બાજુથી ચાર ચાર ફર્લાંગ સુધી ઢાંકી લીધો. શયતાનો, જમીનના જાનવરો, અને સાથે રહેનાર ફરિશ્તાઓ સુદ્ધાં ત્યાંથી અલગ કરી દેવામાં આવ્યા. અને એમના માટે આકાશ ખોલી નાખવામાં આવ્યું તો એમણે ફરિશ્તાઓને જોયા કે હવામાં ઉભા છે, અને અલ્લાહના અર્શને પણ સ્પષ્ટ રીતે જોયો. ત્યાં સુધી કે અલ્વાહ (તખ્તીઓ જેની ઉપર કિસ્મત લખાય છે) પર કલમો ચાલવાનો અવાજ સાંભળ્યો. અને અલ્લાહ તઆલાએ આપની સાથે વાત કરી. આપે તેની બારગાહમાં પોતાની વિનંતીઓ રજુ કરી. તેણે પોતાની બરકતવંતી વાત સંભળાવવાની કૃપા કરી. હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ આપની સાથે હતા, પણ જે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામને કહ્યું તે

الَّذِينَ يَتَكَبَّرُونَ فِي الْأَرْضِ بِغَيْرِ الْحَقِّ وَإِن
يَرَوْا كُلَّ آيَةٍ لَّا يُؤْمِنُوا بِهَا وَإِن يَرَوْا سَبِيلَ الرُّشْدِ
لَا يَتَّخِذُوهُ سَبِيلًا وَإِن يَرَوْا سَبِيلَ الْغَيِّ يَتَّخِذُوهُ
سَبِيلًا ذَٰلِكَ بِأَنَّهُمْ كَذَّبُوا بِآيَاتِنَا وَكَانُوا عَنْهَا
غَافِلِينَ ﴿١٤٦﴾ وَالَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا وَلِقَاءِ الْآخِرَةِ
حَبِطَتْ أَعْمَالُهُمْ هَلْ يُجْزَوْنَ إِلَّا مَا كَانُوا
يَعْمَلُونَ ﴿١٤٧﴾ وَاتَّخَذَ قَوْمُ مُوسَىٰ مِن بَعْدِهِ مِنْ
حُلِيِّهِمْ عِجْلًا جَسَدًا لَّهُ خُوَارٌ أَلَمْ يَرَوْا أَنَّهُ لَا
يُكَلِّمُهُمْ وَلَا يَهْدِيهِمْ سَبِيلًا اتَّخَذُوهُ وَكَانُوا
ظَالِمِينَ ﴿١٤٨﴾ وَلَمَّا سُقِطَ فِي أَيْدِيهِمْ وَرَأَوْا
أَنَّهُمْ قَدْ ضَلُّوا قَالُوا لَئِن لَّمْ يَرْحَمْنَا رَبُّنَا

ફેરવી આપીશ જેઓ ધરતીમાં નાહક પોતાની વડાઈ ઈચ્છે છે.[૧૦૩] અને જો બધી નિશાનીઓ જુએ (તો પણ) તેમના પર ઈમાન ન લાવે અને જો હિદાયતનો માર્ગ જુએ (તો પણ) તેમાં ચાલવાનું પસંદ કરે નહિ.[૧૦૪] અને ગુમરાહીનો રસ્તો દેખાય તો તેમાં ચાલવા હાજર થઈ જાય. આ એટલા માટે કે તેમણે અમારી આયતો જૂઠાડી ને તેનાથી બેખબર બન્યા (૧૪૬) અને જેમણે જૂઠાડયું અમારી આયતો અને આખિરતના દરબારને, તેમનું બધું કર્યું કરાયું નકામું ગયું. તેમને શું બદલો મળશે? પણ તેજ જે કરતા હતા (૧૪૭) અને મૂસાની પાછળ[૧૦૫] તેની કૌમ પોતાના ઘરેણામાંથી[૧૦૬] એક વાછરડું બનાવી બેઠી, પ્રાણ વગરનું ધડ,[૧૦૭] ગાયની જેમ અવાજ કાઢતું. શું જોયું નહિ કે તે ન એમની સાથે વાત કરે છે ન તેમને કંઈ રસ્તો બતાવે.[૧૦૮] તેને (અપનાવી) લીધું. અને (સાચે જ) તેઓ જાલિમ હતા[૧૦૯] (૧૪૮) અને જ્યારે પસ્તાયા અને સમજયા કે આપણે ભૂલા પડયા (ત્યારે) બોલ્યા; ‘જો અમારો રબ અમારા પર કૃપા ન કરે અને આપણને

તેમણે કશું સાંભળ્યું નહિ હઝરત મૂસા અલયહિસ્સલામને અલ્લાહની વાતની લિજ્જતે તેના દીદારના ખ્વાહેશમંદ બનાવ્યા. (ખાઝિન વિ.)

૯૭. આ આંખોથી, માંગણી કરીને, બલ્કે અલ્લાહનો દીદાર માંગ્યા વગર માત્ર તેની કૃપા અને ખુશી થી થશે. તે પણ આ નાશવંત આંખોથી નહિ, પણ કાયમ રહેનાર આંખોથી. અર્થાત કોઈ માનવી મને દુનિયામાં જોવાની શક્તિ ધરાવતો નથી, અલ્લાહ તઆલાએ એવું ન કહ્યું કે, મને જોવું શક્ય નથી, એનાથી સાબિત થયું કે અલ્લાહનો દીદાર શક્ય છે, ભલે દુનિયામાં ન થાય. કારણ કે સહીહ હદીષોમાં છે કે કયામતના દિવસે મુઅમિનો પોતાના પરવરદિગારના દીદારથી ફેઝયાબ કરવામાં આવશે. એ સિવાય હઝરત મૂસા અલયહિસ્સલામ આરિફ બિલ્લાહ (અલ્લાહની ઓળખ ધરાવનાર) છે. જો અલ્લાહનો દીદાર શક્ય ન હોત તો આપ કદી માંગણી કરત નહિ.

૯૮. અને પહાડનું પોતાને સ્થાને જામેલું રહેવું શક્ય વાત છે. કારણ કે તેના માટે ફરમાવ્યું ‘‘જઅલહૂ દક્કા’’ તેને ટુકડે ટુકડે કરી નાખ્યો તો જે વસ્તુ અલ્લાહ તઆલાની બનાવેલી હોય અને જેને તે હાજર કરે, શક્ય છે કે તે હાજર ન થાય જો તે તેને હાજર ન કરે, કારણ કે તે પોતાના કામનો મુખત્યાર છે. એનાથી સાબિત થયું કે પહાડનું જામેલું રહેવું શક્ય વાત છે. અને જે વસ્તુ શક્ય બાબત પણ નિર્ભર કરવામાં આવે તે પણ શક્ય હોય છે, અશક્ય નહિ. માટે અલ્લાહનો દીદાર જેનો દારોમદાર પહાડના જામેલા રહેવા પર રાખવામાં આવ્યો તે પણ શક્ય થયો. તો તેમનું કથન સત્ય નથી જેઓ અલ્લાહના દીદારને અશક્ય કહે છે.

૯૯. બની ઈસરાઈલમાંથી.

માફ ન કરે તો આપણે તબાહ થયા' (૧૪૯) અને જ્યારે મૂસા[૧૧૦] પોતાની કોમ તરફ પરત થયો. ક્રોધથી ભરેલો છંછેડાએલો[૧૧૧] કહ્યું; 'તમે મારી પાછળ મારૂં પ્રતિનિધિત્વ કેટલી ખરાબ રીતે કર્યું,[૧૧૨] શું તમે ઉતાવળ કરી. પોતાના રબના હુકમ કરતાં.[૧૧૩] અને તખ્તીઓ નાખી દીધી.[૧૧૪] અને પોતાના ભાઈના માથાના વાળ પકડીને પોતાની તરફ ખેંચવા લાગ્યો.[૧૧૫] (ભાઈએ) કહ્યું; 'અય મારા માં જણ્યા![૧૧૬] કૌમે મને અશક્ત ગણ્યો, અને લગભગ હતું કે મને મારી નાખે, તુ દુશ્મનને મારા પર હસાવ નહીં.[૧૧૭] અને મને જાલિમોમાં ન ભેળવ"[૧૧૮] (૧૫૦) (મૂસાએ) વિનંતી કરી; 'અય રબ! મને અને મારા ભાઈને માફ કરી દે[૧૧૯] અને અમને તારી રહમતમાં લઈ લે. અને તુ બધા મહેરબા-નોથી વધીને મહેરબાન (છે) (૧૫૧) બેશક! તે જેઓ વાછરડું લઈ બેઠા નજીકમાં જ તેમને તેમના રબનો ગઝબ અને ઝિલ્લત પહોંચવાના છે દુનિયાના જીવનમાં. અને અમે ઠોકી બેસાડનારાઓને એવો જ બદલો આપીએ છીએ (૧૫૨) અને જેમણે બુરાઈઓ કરી અને

قال الملا ٩ — الاعراف ٧

وَيَغْفِرْ لَنَا لَنَكُونَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿١٤٩﴾ وَلَمَّا رَجَعَ
مُوْسٰٓى اِلٰى قَوْمِهٖ غَضْبَانَ اَسِفًا قَالَ بِئْسَمَا
خَلَفْتُمُوْنِيْ مِنْۢ بَعْدِيْ اَعَجِلْتُمْ اَمْرَ رَبِّكُمْ وَاَلْقَى
الْاَلْوَاحَ وَاَخَذَ بِرَاْسِ اَخِيْهِ يَجُرُّهٗٓ اِلَيْهِ قَالَ ابْنَ
اُمَّ اِنَّ الْقَوْمَ اسْتَضْعَفُوْنِيْ وَكَادُوْا يَقْتُلُوْنَنِيْ فَلَا
تُشْمِتْ بِيَ الْاَعْدَآءَ وَلَا تَجْعَلْنِيْ مَعَ الْقَوْمِ
الظّٰلِمِيْنَ ﴿١٥٠﴾ قَالَ رَبِّ اغْفِرْ لِيْ وَلِاَخِيْ وَ
اَدْخِلْنَا فِيْ رَحْمَتِكَ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿١٥١﴾
اِنَّ الَّذِيْنَ اتَّخَذُوا الْعِجْلَ سَيَنَالُهُمْ غَضَبٌ
مِّنْ رَّبِّهِمْ وَذِلَّةٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَكَذٰلِكَ
نَجْزِي الْمُفْتَرِيْنَ ﴿١٥٢﴾ وَالَّذِيْنَ عَمِلُوا السَّيِّاٰتِ

૧૦૦. તવરાતની જે સાત અથવા દશ હતી. ઝબરજદ અથવા ઝમર્રૂદ (કિંમતી પથ્થરો)ની.

૧૦૧. તેના હુકમો મુજબ અમલ કરે.

૧૦૨. જે આખેરતમાં એમનું સ્થાન છે. હસન અને અતાએ કહ્યું છે કે હુકમનો અનાદર કરનારાઓનું ઘર એટલે જહન્નમ. કતાદાએ કહ્યું; અર્થ એ છે કે હું તમને સિરીયામાં પ્રવેશ કરાવીશ અને ગુજરી ગએલી ઉમ્મતોના ઠેકાણાં બતાવીશ જેમણે અલ્લાહનો વિરોધ કર્યો જેથી તમને એનાથી બોધ મળે. અતય્યા ઔફીનું કથન છે કે એનાથી ફિરઔન અને તેની કૌમના ઘરોનો અર્થ લેવાયો છે જે મિસરમાં છે. સુદ્દીનુ કહેવું છે કે એનાથી કાફિરોના ઠેકાણાં ધારવામાં આવ્યા છે. કલબીએ કહ્યું છે કે આદે ષમૂદ અને નાશ પામેલી ઉમ્મતોના સ્થાનો મુરાદ છે, જેનાથી અમુક અરબ લોકો પોતાની સફરોમાં પસાર થતા હતા.

૧૦૩. ઝુન્નૂન કુદ્દેસ સિર્રહૂએ કહ્યું; અલ્લાહ તઆલા કુરઆનના રહસ્યો દ્વારા અસત્ય આચરનારના હૃદયોને પાવન કરતો નથી. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું છે કે; મતલબ એ છે કે જે લોકો મારા બન્દાઓ પર જોર જુલમ કરે છે અને મારા અવલિયા સાથે લડાઈ કરે છે તેમને મારી આયતોના સ્વીકાર અને સત્ય સમજવાથી ફેરવી દઈશ જેથી તેઓ મારા પર ઈમાન લાવે નહિ. આ તેમની શત્રુતાની સજા છે કે તેમને હિદાયતથી વંચિત કરવામાં આવ્યા.

૧૦૪. તકબ્બુરનું એ જ ફળ અને ઘમંડીનું એ જ પરિણામ છે.

૧૦૫. તૂર પર પોતાના રબ સાથે વાત કરવા ગયા ત્યારે.

૧૦૬. જે તેમને ફિરઔનની કૌમ પાસેથી પોતાની ઈદ પર પહેરવા માંગીને લીધાં હતાં.

قال الملا ٩ الاعراف ٧

ثُمَّ تَابُوا مِنْ بَعْدِهَا وَآمَنُوا إِنَّ رَبَّكَ مِنْ
بَعْدِهَا لَغَفُورٌ رَحِيمٌ ﴿١٥٣﴾ وَلَمَّا سَكَتَ عَنْ مُوسَى
الْغَضَبُ أَخَذَ الْأَلْوَاحَ وَفِي نُسْخَتِهَا هُدًى
وَرَحْمَةٌ لِلَّذِينَ هُمْ لِرَبِّهِمْ يَرْهَبُونَ ﴿١٥٤﴾ وَاخْتَارَ مُوسَى
قَوْمَهُ سَبْعِينَ رَجُلًا لِمِيقَاتِنَا فَلَمَّا أَخَذَتْهُمُ
الرَّجْفَةُ قَالَ رَبِّ لَوْ شِئْتَ أَهْلَكْتَهُمْ مِنْ قَبْلُ
وَإِيَّايَ أَتُهْلِكُنَا بِمَا فَعَلَ السُّفَهَاءُ مِنَّا إِنْ
هِيَ إِلَّا فِتْنَتُكَ تُضِلُّ بِهَا مَنْ تَشَاءُ
وَتَهْدِي مَنْ تَشَاءُ أَنْتَ وَلِيُّنَا فَاغْفِرْ لَنَا
وَارْحَمْنَا وَأَنْتَ خَيْرُ الْغَافِرِينَ ﴿١٥٥﴾ وَاكْتُبْ لَنَا
فِي هَٰذِهِ الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ إِنَّا

ત્યાર પછી તવબહ કરી અને ઈમાન લાવ્યા તો એ પછી તમારો રબ માફ કરનાર મહેરબાન છે.[૧૨૦] (૧૫૩) અને જ્યારે મૂસાનો ક્રોધ સમ્યો (ત્યારે તવરાતની) તખ્તીઓ ઉઠાવી, અને તેના લખાણમાં હિદાયત અને રહમત છે, તેમના માટે જેઓ પોતાના રબથી ડરે છે (૧૫૪) અને મૂસાએ પોતાની કૌમમાંથી સત્તર પુરૂષો અમારા વાયદા માટે ચૂંટયા,[૧૨૧] પછી જ્યારે તેમને ધરતીકંપે પકડયા[૧૨૨] (ત્યારે) મૂસાએ વિનવણી કરી; 'અય મારા રબ! તું ઈચ્છત તો પહેલાં જ એમને અને મને હલાક કરી દેત.[૧૨૩] શું તુ અમારો એ કામ બદલ નાશ કરીશ જે અમારા બુદ્ધિહિ-નોએ કર્યું?[૧૨૪] તે તો માત્ર તારા તરફની આજમાઈશ હતી. તુ તેનાથી જેને ઈચ્છે તેને ભટકાવે અને જેને ઈચ્છે તેને માર્ગ દેખાડે. તું અમારો વાલી છે. તું અમને માફ કર અને અમારા પર મહેરબાની કર. અને તુ સહુથી ઉત્તમ માફ કરનાર છે (૧૫૫) અને અમારા માટે આ દુનિયામાં ભલાઈ લખ[૧૨૫] અને આખિરતમાં (પણ). બેશક! અમે

૧૦૭. અને તેના મોઢામાં હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામના ઘોડાના પગલાની માટી નાખી જેના લીધે તે;

૧૦૮. અપૂર્ણ છે, લાચાર છે. જડ છે અથવા જાનવર છે, કોઈ પણ રીતે પૂજનિય હોવાનો લાયક નથી.

૧૦૯. કારણ કે તેમણે અલ્લાહ તઆલાની ઈબાદત છોડી દીધી અને આવા લાચાર અને અપૂર્ણ વાછરડાને પૂજ્યું.

૧૧૦. તૂર પરથી પોતાના રબ : સાથેની. વાતચીતથી પાવન થઈને;

૧૧૧. એટલા માટે કે અલ્લાહ તઆલાએ તેમને ખબર આપી દીધી હતી કે સામરીએ તમારી કૌમને ભટકાવી દીધી છે.

૧૧૨. કે લોકોને વાછરડુ પૂજવાથી રોક્યા નહિ

૧૧૩. અને હું તવરાત લઈને આવું તેની રાહ ન જોઈ.

૧૧૪. તવરાતની, હઝરત મૂસા અલયહિસ્સલામે.

૧૧૫. કારણ કે પોતાની કૌમનું આવા અતિ ખરાબ ગુનાહમાં સપડાવું હઝરત મૂસા અલયહિસ્સલામને ખૂબ જ માઠુ લાગ્યું. ત્યારે હઝરત હારૂન અલયહિસ્સલામે હઝરત મૂસા અલયહિસ્સલામને;

૧૧૬. મેં કોમને વાળવામાં અને વાએઝ કરવામાં ઓછાપણુ રાખ્યુ નથી, પરંતુ;

૧૧૭. અને મારી સાથે એવો વર્તાવ ન કરો જેથી તેઓ ખુશ થાય.

૧૧૮. હઝરત મૂસા અલયહિસ્સલામે પોતાના ભાઈએ જણાવેલું કારણ માન્ય રાખીને અલ્લાહની

تارا પ્રતિ કેન્દ્રિત થયા. ફરમાવ્યું,[૧૨૬] 'મારો અઝાબ હું જેને ઇચ્છું તેને આપું,[૧૨૭] અને મારી રહમત દરેક વસ્તુને ઘેરી વળેલ છે.[૧૨૮] તો નજીકમાં જ હું[૧૨૯] નેઅમતો તેમના માટે લખી દઈશ જેઓ ડરે છે અને ઝકાત આપે છે અને તેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે' (૧૫૬) 'તે જેઓ ગુલામી કરશે વગર પઢયે ગૈબની ખબરો આપનાર રસૂલની[૧૩૦] જેને પોતાની પાસે તવરાત અને ઈન્જીલમાં લખેલું જોશે.[૧૩૧] તે તમને ભલાઈનું હુકમ કરશે અને બુરાઈથી રોકશે, અને સ્વચ્છ વસ્તુ તેમના માટે હલાલ કરશે અને ગંદી વસ્તુઓ તેમના પર હરામ કરશે. અને તેમના પર જે વજન[૧૩૨] અને ગળાના ફંદા[૧૩૩] હતા તે ઉતારશે. તો જેઓ તેના પર[૧૩૪] ઈમાન લાવે અને તેની તાઝીમ કરે અને તેની મદદ કરે અને તેની સાથે જે નૂર[૧૩૫] ઉતર્યું તેને અનુસરે તેઓ જ સફળ થયા (૧૫૭) તમે

قال الملأ ٩ الاعراف ٧

هُدْنَآ اِلَيْكَ قَالَ عَذَابِیْٓ اُصِيْبُ بِهٖ مَنْ اَشَآءُ
وَرَحْمَتِیْ وَسِعَتْ كُلَّ شَیْءٍ فَسَاَكْتُبُهَا لِلَّذِيْنَ
يَتَّقُوْنَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَالَّذِيْنَ هُمْ بِاٰيٰتِنَا
يُؤْمِنُوْنَ ۝١٥٦ اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِیَّ
الْاُمِّیَّ الَّذِیْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِی
التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ
وَيَنْهٰىهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ
وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ
وَالْاَغْلٰلَ الَّتِیْ كَانَتْ عَلَيْهِمْ فَالَّذِيْنَ اٰمَنُوْا
بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ الَّذِیْٓ
اُنْزِلَ مَعَهٗٓ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝١٥٧ قُلْ

બારગાહમાં;

૧૧૯. જો અમારામાં કોઈનાથી ઓછુવત્તુ થઈ ગયું હોય, આ દુઆ તેમણે ભાઈને ખુશ કરવા અને શત્રુઓની જીભડી બંધ કરવા કરી.

૧૨૦. આ આયતથી સાબિત થયું કે ગુનાહ સગીરા હોય કે કબીરા જ્યારે બન્દો એનાથી તવબહ કરે છે ત્યારે અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી તે બધા માફ કરી આપે છે.

૧૨૧. કે તેઓ હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે અલ્લાહના દરબારમાં હાજર થઈને કૌમે જે વાછરડુ પૂજ્યુ હતું તેની માફી માંગે. જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામ તેમને લઈને હાજર થયા.

૧૨૨. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા કહે છે કે તેમનું ધરતીકંપમાં ફસાવવાનું કારણ એ હતું કે જ્યારે કૌમે વાછરડું ધારણ કર્યું ત્યારે તેઓ તેમનાથી અલગ થઈ ગયા નહિ. (ખાઝિન)

૧૨૩. અર્થાત વાયદાની જગ્યાએ હાજર થતા પહેલાં જેથી બની ઈસરાઈલ એ બધાનો નાશ થતો પોતાની આંખોએ જોઈ લેત અને મારા પર ખૂન કરવાનો આક્ષેપ મૂકવાની તક તેમને મળત નહિ.

૧૨૪. અર્થાત અમારો નાશ ન કર અને અમારા પર મહેરબાની અને કૃપા કર.

૧૨૫. અને અમને આજ્ઞાપાલનની તૌફીક આપ.

૧૨૬. અલ્લાહ તઆલાએ મૂસા અલયહિસ્સલામને.

૧૨૭. મને અધિકાર છે, બધા મારી માલિકીના બન્દા છે. કોઈને વાંધો ઉઠાવવાની મજાલ નથી.

૧૨૮. દુનિયામાં નેક અને બદ બધાને મળે છે.

الاعراف ٧ قال الملا ٩

يَٰٓأَيُّهَا ٱلنَّاسُ إِنِّي رَسُولُ ٱللَّهِ إِلَيۡكُمۡ جَمِيعًا ٱلَّذِي
لَهُۥ مُلۡكُ ٱلسَّمَٰوَٰتِ وَٱلۡأَرۡضِۖ لَآ إِلَٰهَ إِلَّا هُوَ
يُحۡيِۦ وَيُمِيتُۖ فَـَٔامِنُواْ بِٱللَّهِ وَرَسُولِهِ ٱلنَّبِيِّ ٱلۡأُمِّيِّ
ٱلَّذِي يُؤۡمِنُ بِٱللَّهِ وَكَلِمَٰتِهِۦ وَٱتَّبِعُوهُ لَعَلَّكُمۡ
تَهۡتَدُونَ ١٥٨ وَمِن قَوۡمِ مُوسَىٰٓ أُمَّةٞ يَهۡدُونَ
بِٱلۡحَقِّ وَبِهِۦ يَعۡدِلُونَ ١٥٩ وَقَطَّعۡنَٰهُمُ ٱثۡنَتَيۡ عَشۡرَةَ
أَسۡبَاطًا أُمَمٗاۚ وَأَوۡحَيۡنَآ إِلَىٰ مُوسَىٰٓ إِذِ ٱسۡتَسۡقَىٰهُ
قَوۡمُهُۥٓ أَنِ ٱضۡرِب بِّعَصَاكَ ٱلۡحَجَرَۖ فَٱنۢبَجَسَتۡ
مِنۡهُ ٱثۡنَتَا عَشۡرَةَ عَيۡنٗاۖ قَدۡ عَلِمَ كُلُّ أُنَاسٖ
مَّشۡرَبَهُمۡۚ وَظَلَّلۡنَا عَلَيۡهِمُ ٱلۡغَمَٰمَ وَأَنزَلۡنَا عَلَيۡهِمُ
ٱلۡمَنَّ وَٱلسَّلۡوَىٰۖ كُلُواْ مِن طَيِّبَٰتِ مَا رَزَقۡنَٰكُمۡۚ

ફરમાવો; 'અય લોકો! હું તમારા સર્વ તરફ તે અલ્લાહનો રસૂલ છું[૧૩૬] કે આકાશો અને ધરતીનું રાજ્ય તેનું જ છે. તેના સિવાય કોઈ મઅબૂદ નથી. જીવાડે અને મારે. તો ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ વગર પઢયે ગૈબ બતાવનાર પર કે (જેઓ) અલ્લાહ અને તેની વાતો પર ઈમાન લાવે છે. અને તેમની ગુલામી કરો જેથી તમને (સત્ય) માર્ગ મળે (૧૫૮) અને મૂસાની કોમનું એક જુથ છે જે સત્યનો રસ્તો દેખાડતા અને તેનાથી જ[૧૩૭] ન્યાય તોળતા (૧૫૯) અને અમે તેમને બાર કબીલાઓમાં જુથ જુથ વહેંચી નાખ્યા. અને જ્યારે તેની કૌમે[૧૩૮] પાણી માંગ્યું ત્યારે અમે મૂસાને વહી મોકલી કે આ પથ્થર પર પોતાની લકડી મારો, તો તેમાંથી બાર ઝરણાં ફૂટી નીકળ્યાં.[૧૩૯] દરેક જુથે પોતાનો ઓવારો ઓળખી લીધો. અને અમે તેમના પર વાદળનો છાંયડો કર્યો.[૧૪૦] અને તેમના પર મન્ન અને સલ્વ ઉતાર્યાં. ખાઓ અમારી આપેલી પાક વસ્તુઓ, અને તેમણે[૧૪૧] અમારૂં કશું બગાડયું નહિ,

૧૨૯. આખિરતની.

૧૩૦. મુફસ્સિરીનની એકમતીથી અહીં રસૂલથી સય્યિદે આલમ મુહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મુરાદ લેવાયા છે. આપને રિસાલતના ગુણ સાથે વર્ણવાયા, કારણ કે આપ અલ્લાહ અને તેની મખ્લૂકની વચમાં સંપર્કની કડી છે. રિસાલતની જવાબદારીઓ પુરી કરે છે કે અલ્લાહના હુકમો, મનાઈ હુકમો શરીઅતના આદેશો તેના બન્દાઓ સુધી પહોંચાડે છે. ત્યારબાદ આપના પરિચયમાં નબી ફરમાવવામાં આવ્યું, જેનો તરજુમો આલા હઝરત કુદ્દેસ સિર્રહૂએ "ગૈબની ખબરો આપનાર" કર્યો છે, જે તદ્દન ખરો તર્જુમો છે, કારણ કે "નબઉન" (જેમાંથી નબી શબ્દ બન્યો છે) એવી ખબરોને કહે છે જે જ્ઞાનવર્ધક હોવા સાથે જૂઠની શંકા માત્રથી પણ વેગળી હોય. કુરઆન શરીફમાં એ શબ્દ એ અર્થમાં ખૂબ વપરાયો છે. એક જગ્યાએ ફરમાવ્યું. 'કુલ હુવ નબીઉન અઝીમ' (કહી દે એ એક મહાન ખબર છે) એક જગ્યાએ કહ્યું 'તિલ્ક મિન અમ્બાઈલ ગૈબી નુહીહા ઇલૈક' (આ ગૈબી ખબરો છે જે અમે વહી દ્વારા તમને આપીએ છીએ) એક જગ્યાએ ફરમાવ્યું 'ફલ્લમ અમ્બહુમ બિઅસ્માઇહીમ' (જ્યારે તેણે તેમના નામોની ખબર આપી) બીજી પણ ઘણી આયતોમાં એ શબ્દ એ જ અર્થોમાં વપરાયો છે. પછી યા તો એ શબ્દ ફાઈલ (કર્તા)ના અર્થમાં હોય કે મફઉલ ના અર્થમાં, પ્રથમ સ્થિતિમાં એનો અર્થ થશે 'ગૈબની ખબર આપનાર' અને બીજી હાલતમાં એનો અર્થ થશે 'ગૈબના સમાચાર અપાએલ' અને બન્ને અર્થોને કુરઆન શરીફનો આધાર મળે છે. પ્રથમ આ આયતનો આધાર છે 'નબ્બિઅ ઈબાદી' (મારા બન્દાઓને ખબર આપો) અને બીજી આયતમાં ફરમાવ્યું; 'કુલ અઉનબ્બિકુમ' (કહો; શું હું તમને ખબર આપું?) અને હઝરત મસીહ અલયહિસ્સલામનું જે આ કથન

'ઉનબ્બિઉકુમ બિમા તઅકુલુન વબિમા તદ્દખિરૂન' (જે તમે ખાઓ છો અને જે ભેગું કરો છો તેની હું તમને ખબર આપું છું) પણ એ જ પ્રકારનું છે, અને બીજા અર્થને આ આયતથી ટેકો મળે છે 'નબ્બઅનિ અલ અલીમુલ ખબીર' (મને અલીમ ખબીરે ખબર આપી છે).

વાસ્તવમાં નબીઓ ગૈબની ખબરો આપનાર જ હોય છે. તફસીરે ખાઝીનમાં છે કે આપની તારીફમાં નબી ફરમાવવામાં આવ્યું છે. કારણ કે નબી હોવું ઉચ્ચતમ દરજ્જાઓમાંથી છે. અને આ એ પ્રતિ નિર્દેશ કરે છે કે આપ અલ્લાહના દરબારમાં ઉચ્ચ પદવી ધરાવનાર અને તેના તરફથી ખબર આપનાર છે. 'ઉમ્મી'નો તરજુમો આલા હઝરતે જે 'વગર પઢયે' કર્યો છે તે હઝરત ઈબ્ને અબ્બાસના કથનને તદ્દન બંધબેસતો છે અને ખરેખર ઉમ્મી હોવું આપના મુઅજિઝાઓમાંનો એક મો'જિઝો છે, કે દુનિયામાં કોઈની પાસે પઢયા નથી પણ કિતાબ એવી લાવ્યા જેમાં આગલા પાછલા અને ગૈબની ખબરો છે. (ખાઝિન)

૧૩૧. અર્થાત તવરાત અને ઈન્જીલમાં આપની તારીફ અને વર્ણન અને નબુવ્વત લખેલી મળશે. હઝરત ઈબ્ને અતા બિન યસારે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહુ અન્હૂને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનુ વર્ણન અને વખાણ પૂછ્યાં જે તવરાતમાં જણાવાયાં છે. તેમણે કહ્યું કે હુઝૂરનું જે વર્ણન કુરઆન શરીફમાં છે તેમાંનું જ થોડું તવરાતમાં છે, ત્યાર પછી તેમણે પઢવું શરૂ કર્યું; અય નબી! અમે તમને શાહીદ, મુબશ્શિર, નઝીર અને અજ્ઞાન લોકોના રક્ષક બનાવીને મોકલ્યા. તમે મારા બન્દા અને મારા રસૂલ છો. મેં તમારૂં નામ મુતવક્કિલ (અલ્લાહ પર ભરોસો રાખનાર) પાડયું. તમે કૂટેવોવાળા અને કડક સ્વભાવના નથી. અને ન તો બજારોમાં બૂમો પાડનાર. અને ન તો તમે બુરાઈને બુરાઈથી મટાડો પણ ગુનેહગારોને માફ કરો છો. અને તેમના પર ઉપકાર કરો છો. જ્યાં સુધી તમારી બરકતથી અમાર્ગી લોકોને અલ્લાહ એવા સીધા બનાવી ન દે કે તેઓ સત્ય અને શ્રદ્ધાથી ''લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' પોકારવા માંડે ત્યાર સુધી તે તમને ઉઠાવી લેશે નહિ. અને તમારા કારણે બંધ આંખો દેખતી અને બહેરા કાનો સાંભળતા અને પર્દાઓમાં લપેટાએલા હૃદય ખુલ્લાં થઈ જાય.

અને હઝરત કઅબ અહબાર મારફત હુઝૂરના વર્ણન સંબંધી તવરાત શરીફનું આ લખાણ પણ બયાન કરાએલું છે કે; અલ્લાહ તઆલાએ આપના વખાણમાં ફરમાવ્યું; હું તેમને પ્રત્યેક ખૂબીને લાયક બનાવી દઈશ અને દરેક સારી આદત આપીશ અને હૃદયની શાંતિ તથા પ્રભાવને તેમની ગણવેશ બનાવીશ. અને આજ્ઞાંકિતપણાને તેમજ ઉપકારને તેમની પ્રકૃતિ બનાવીશ. અને પરહેઝગારીને તેમનું હૃદય અને તિક્ષણ બુદ્ધિને તેમનો ભેદ અને સત્યતા તેમજ વફાદારીને તેમનો સ્વભાવ અને માફી તેમજ મહેરબાનીને તેમની ટેવ અને ન્યાયને તેમનુ જીવન અને સત્યોચ્ચારને તેમની શરીઅત અને હિદાયતને તેમનો આગેવાન અને ઈસ્લામને બીરાદરી બનાવીશ, અહમદ તેમનું નામ છે. લોકોને તેમના લીધે ગુમરાહી પછી હિદાયત, અજ્ઞાનતા પછી જ્ઞાન અને સત્યની ઓળખ, લાપતા પછી ઉચ્ચતા અને ઈજ્જત આપીશ. અને તેમની બરકતથીજ જુજ પછી વધારે અને ગરીબી પછી દોલત અને ફુટફાટ પછી મોહબ્બત આપીશ. તેમના પ્રતાપે જ જુદા જુદા કબીલાઓ, અનેકત્રીત ઈચ્છાઓ, અને કુસંપ ધરાવનાર હૃદયોમાં પ્રેમ જન્માવીશ અને તેમની ઉમ્મતને બધી ઉમ્મતોમાં સર્વોત્તમ કરીશ.

અને એક બીજી હદીષમાં તવરાતમાંથી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ઓળખ ચિન્હો આ મુજબ બયાન કરાયાં છે; મારા બન્દા અહમદ મુખતાર, તેમનું જન્મ સ્થાન મક્કા મૂકર્રમા અને હિજરતનું સ્થાન મદીને તૈયબા છે. તેમની ઉમ્મત દરેક હાલતમાં અલ્લાહની ખૂબ ખૂબ હમ્દ (સ્તુતિ) કરનાર છે.

આ અમુક હદીષોમાં આવેલું બયાન રજુ કરવામાં આવ્યું. અલ્લાહની કિતાબો હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના વખાણ, ઓળખ ચિન્હોથી ભરાયેલી હતી. કિતાબવાળાઓ દરેક સમયમાં પોતાની કિતાબોમાં કટણી છટણી કરતા રહયા અને તેમના ખૂબ પ્રયત્નો એ બાબત છવાએલા રહયા કે હુઝૂરનું વર્ણન પોતાની કિતાબોમાં નામ માત્રનું પણ રહે નહિ. તવરાત અને ઈન્જીલ એમના હાથોમાં હતી એટલે તેમા તો તેમને કંઈ અડચણ નડી નહિ પણ હજાર ફેરફાર કરવા છતાં આજના સમયની બાઈબલમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ વિષેની ખુશખબરનું કંઈ ને કંઈ નિશાન તો રહી જ ગયું. જેમકે બ્રિટિશ એન્ડ ફોરેન બાઈબલ સોસાયટી લાહોર દ્વારા ૧૯૩૧ ઈ.સ. માં છપાએલી બાઈબલમાં "યુહન્ના કી ઈન્જીલ" ના ૧૪માં પ્રકરણની ૧૬મી આયતમાં છે કે; 'અને હું બાપને વિનંતી કરીશ, તો તમને બીજો મદદગાર આપશે, જે કાયમ માટે તમારી સાથે રહેશે' 'મદદગાર' શબ્દ પર હાંશિયો ચઢાવાયો છે તેમાં તેનો અર્થ વકીલ અથવા શફીઅ બતાવાયો છે. તો પછી હઝરત ઈસા અલયહિસ્સલામ પછી એવો આવનાર જે શફીઅ હોય અને હમેશાં માટે રહે એટલે કે તેનો દીન કદી મન્સૂખ ન થાય સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સિવાય બીજો કોણ છે? પછી ૨૯-૩૦મી આયતમાં છે; અને હવે મેં તમને તે થતાં પહેલાં કહી દીધું છે, કે થઈ જાય ત્યારે તમે શ્રધ્ધા કરો, અને એ પછી હવે હું તમારી સાથે વધારે વાતો નહિ કરૂં, કારણ કે દુનિયાનો સરદાર આવે છે અને મારામાં તેનું કંઈ જ નથી. કેવી સ્પષ્ટ ખુશખબર છે? અને હઝરત મસીહ અલયહિસ્સલામે પોતાની ઉમ્મતને હુઝૂરના જન્મ માટે કેવી પ્રતિક્ષક બનાવી અને શોખ અપાવ્યો છે? અને દુનિયાનો સરદાર એ તો ખાસ 'સય્યિદે આલમ' નો તરજુમો છે. અને એ કહેવું કે મારામાં તેનું કંઈ જ નથી તે હુઝૂરની શ્રેષ્ઠતાનું એલાન અને એ સમક્ષ પોતાનું સંપૂર્ણ વિનય અને ઈન્કેસારી છે. પછી એ જ કિતાબના ૧૬માં પ્રકરણની સાતમી આયતમાં છે; "પણ હું તમને સત્ય કહું છું કે મારૂં જવું તમારા માટે લાભકારક છે, કારણ કે હું નહિ જાઉ તો તે મદદગાર તમારી પાસે નહિ આવે પણ જો જઈશ તો તેને તમારી પાસે મોકલી આપીશ." આમાં હુઝૂરની બશારત સાથે એ વસ્તુનું પણ બયાન છે કે હુઝૂર ખાતિમુલ અમ્બિયા છે. આપની પધરામણી ત્યારે જ થશે જ્યારે હઝરત ઈસા જતા રહેશે. એની ૧૩મી આયતમાં છે; "પરંતુ જ્યારે તે એટલે કે સચ્ચાઈનો જીવ આવશે ત્યારે તમને બધી સચ્ચાઈની રાહ દેખાડશે એટલા માટે કે તે પોતાના તરફથી કશું નહિ કહે પણ જે સાંભળશે તે કહેશે અને તમને ભવિષ્યની ખબરો આપશે." આ આયતમાં કહેવામાં આવ્યું કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પધરામણી સાથે ઈલાહી ધર્મની પુર્ણાહુતિ થઈ જશે. અને આપ સત્યના માર્ગ એટલે દીનને સંપૂર્ણ કરી આપશે. આનાથી એ જ સાર નીકળે છે કે આપના પછી કોઈ નબી નહિ થાય. અને શબ્દો કે "પોતાના તરફથી કશું નહિ કહે જે સાંભળશે તે જ કહેશે" એ તો "વમા યન્તિકુ અનિલ હવા ઈન હોવા ઈલ્લા વહયુંય યુહા" નો તર્જુમો છે. અને આ વાક્ય કે " તમને ભવિષ્યની ખબરો કહેશે" એમાં સ્પષ્ટ વર્ણન છે કે તે નબીએ અકરમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ગૈબી ઈલ્મોની તાલીમ આપશે, જેમકે કુરઆન શરીફમાં કહેવામાં આવ્યું; "વયુઅલ્લિમૂકુમ માલમ તકુનુ તઅલમુન" (તમે જાણતા ન હોય તેવી વાતો શિખવે છે) "વમા હુવ અલલ ગૈબિ બિદનીન" (તે ગૈબની વાતો કહેવામાં બખીલ નથી).

૧૩૨. અર્થાત આકરી મુસીબતો, જેમકે તવબહમાં પોતાની જાતની આહુતી આપવી અને જે અવયવો દ્વારા ગુનાહ થયા હોય તેને કાપી નાખવા.

૧૩૩. અર્થાત સખ્ત આદેશો, જેમકે શરીર તથા કપડાના જે ભાગમાં નાપાકી લાગી હોય તેને કાતર

પરંતુ પોતાના પ્રાણોનું જ અહિત કરતા હતા (૧૬૦) અને યાદ કરો જ્યારે તેમને[૧૪૨] કહેવામાં આવ્યું; 'આ શહેરમાં વસો[૧૪૩] અને એમાં જે ઈચ્છો તે ખાઓ, અને ગુનાહ ઉતરે એવું બોલો, અને સિજદો કરતા કરતા દરવાજામાં પ્રવેશો. અમે તમારા ગુનાહ માફ કરી દઈશું. (અને) નજીકમાં જ નેક લોકોને વધારે આપીશું'(૧૬૧) તો તેમનામાંના જાલિમોએ વાત બદલી નાખી, તેમને જે હુકમ અપાયો હતો તેનાથી ઉલ્ટી.[૧૪૪] તો અમે તેમના પર આકાશમાંથી અઝાબ ઉતાર્યો, તેમના ઝુલ્મનો બદલો[૧૪૫] (૧૬૨) અને તેમને પેલી દરિયા કાંઠાવાળી વસ્તીની ખબર પૂછો.[૧૪૬] જ્યારે તેઓ શનિવારની બાબતમાં હદ ઓળંગી જતા.[૧૪૭] જ્યારે શનિવારના દિવસે તેમની માછલીઓ પાણી પર તરતી તરતી તેમની સામે આવી લાગતી, અને જ્યારે શનિવારનો દિવસ ન હોય ત્યારે આવતી નહિ. આવી રીતે અમે તેમને અજમાવતા હતા, તેમના અનાજ્ઞાંકિતપણાના લીધે (૧૬૩)

قال الملأ ٩ — الأعراف ٧

وَمَا ظَلَمُونَا وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿١٦٠﴾
وَاِذْ قِيْلَ لَهُمُ اسْكُنُوْا هٰذِهِ الْقَرْيَةَ وَكُلُوْا
مِنْهَا حَيْثُ شِئْتُمْ وَقُوْلُوْا حِطَّةٌ وَّادْخُلُوا
الْبَابَ سُجَّدًا نَّغْفِرْ لَكُمْ خَطِيْٓـٰٔتِكُمْ سَنَزِيْدُ
الْمُحْسِنِيْنَ ﴿١٦١﴾ فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ قَوْلًا
غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِجْزًا
مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا يَظْلِمُوْنَ ﴿١٦٢﴾ وَسْـَٔلْهُمْ
عَنِ الْقَرْيَةِ الَّتِيْ كَانَتْ حَاضِرَةَ الْبَحْرِ اِذْ
يَعْدُوْنَ فِي السَّبْتِ اِذْ تَاْتِيْهِمْ حِيْتَانُهُمْ
يَوْمَ سَبْتِهِمْ شُرَّعًا وَّيَوْمَ لَا يَسْبِتُوْنَ لَا
تَاْتِيْهِمْ كَذٰلِكَ نَبْلُوْهُمْ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿١٦٣﴾

વડે કાપી નાખવું અને ગનીમતના માલને બાળી નાખવો અને ગુનાહિત કાર્યોનું ઘરોના દરવાજા પર લખાઈ જવું વિગેરે.

૧૩૪. અર્થાત મુહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર.

૧૩૫. એ નૂર એટલે કુરઆન શરીફ જેનાથી મો'મિનનું દિલ પ્રકાશિત થાય છે અને દ્વિધા તેમજ અજ્ઞાનતાના અંધારાં નષ્ટ થાય છે તેમજ જ્ઞાન અને શ્રદ્ધાની જ્યોત પ્રગટે છે.

૧૩૬. આ આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની રિસાલત આમ હોવા માટે દલીલ છે કે આપ સામાન્ય (આમ) જનતાના રસૂલ છે અને સર્વ જગત આપની ઉમ્મત. ઈમામ બુખારી અને મુસ્લિમની હદીષ છે, હુઝૂર ફરમાવે છે; ''પાંચ વસ્તુઓ મને એવી મળી જે મારાથી પહેલાં કોઈને ન મળી'' (૧) દરેક નબી એક ચોક્કસ કોમ માટે આવતા હતા અને હું રાતા અને શ્યામ (બન્ને વર્ણો) પ્રતિ મોકલવામાં આવ્યો. (૨) મારા માટે ગનીમતો હલાલ ઠેરવવામાં આવી અને મારા પહેલાં કોઈના માટે ન હતી (૩) મારા માટે ધરતી પાક કરનાર (તયમ્મુમ લાયક) અને મસ્જિદ બનાવવામાં આવી જે કોઈને જ્યાં નમાઝનો સમય થાય તો ત્યાં પઢી લે. (૪) એક મહિનાના અંતર સુધી શત્રુ પર મારો રોફ બેસાડીને મારી મદદ કરવામાં આવી (૫) અને મને શફાઅત આપવામાં આવી. મુસ્લિમ શરીફની હદીષમાં પણ છે કે હું આમ જનગણ માટે રસૂલ બનાવવામાં આવ્યો છું. અને મારી સાથે જ નબીઓ (મોકલવાના) બંધ કરાયા.

૧૩૭. અર્થાત સત્ય વડે જ.

૧૩૮. તીહ (ના મેદાન) માં

૧૩૯. પ્રત્યેક જુથ માટે એક ઝરણું.

૧૪૦. જેથી તડકાની ચિંતા ન રહે.

૧૪૧. અપકાર કરીને.

૧૪૨. બની ઈસરાઈલને

૧૪૩. અર્થાત બયતુલ મૂકદ્દસમાં

૧૪૪. એટલે કે હુકમ તો એ હતો કે ''હિત્તતુન' બોલતા બોલતા દરવાજામાં પ્રવેશો. 'હિત્તતુન' તવબહ ઈસ્તગફારનો શબ્દ છે. પણ તેઓ એના બદલે હાંસી કરીને ''હિન્તતુન ફી શઅરતિન" (દુંડીમાં ઘઉં) બોલતા બોલતા પ્રવેશ્યા.

૧૪૫. એટલે કે અઝાબ મોકલવાનું કારણ તેમનુ અયોગ્ય વર્તન અને અલ્લાહના આદેશનો વિરોધ કર્યો તે છે.

૧૪૬. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સંબોધન છે કે, તમે તમારા નજીકના યહૂદીઓને તેમની શાન ઠેકાણે લાવવાની રીતે તે વસ્તીવાળાઓની ખબર પૂછો આ પૂછવાનો હેતુ એ હતો કે કાફિરોને જાહેર કરી આપવામાં આવે કે કુફ્ર અને નાફરમાની તેમની પૂરાની નીતિરીતિ છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નબુવ્વત અને આપના મો'જિઝાઓને નકારવા એ તેમના માટે કોઈ નવી વાત નથી. તેમના પૂર્વજો પણ કુફ્ર પર અડેલા રહયા હતા. ત્યાર પછી તેમના વડવાઓની હાલત વર્ણવવામાં આવી કે ખુદાઈ હુકમના વિરુદ્ધ કરવા બદલ બધાને વાંદરાઓ અને સુવ્વરોની શિકલમાં ફેરવી નાખવામાં આવ્યા.

તે કઈ વસ્તી હતી તેમાં મતભેદ છે, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે; તે મિસર અને મદીના શરીફની વચમાં એક ગામ હતું. એક કથન છે કે મદાયન અને તૂરની વચમાં. ઝહરીનું મંતવ્ય છે કે શામ સિરીયાનું તબરિય્યા છે. અને ઈબ્ને અબ્બાસની એક રિવાયતમાં મદયન પણ કહેવાયું છે. અમુક ઈલા કહે છે. અલ્લાહ વધુ જાણનાર છે.

૧૪૭. કે શનિવારે શિકારની મનાઈ હોવા છતાં તેમ કરતા હતા. તે ગામના નિવાસીઓ ત્રણ જુથોમાં વહેંચાઈ ગયા હતા. ત્રીજા ભાગના લોકોએ શિકાર કર્યો નહીં પણ શિકાર કરનારાઓને મનાઈ કરતા હતા, ૧/૩ ભાગના લોકો ચુપ રહ્યા, બીજાઓને મના કરતા નહિ, અને મના કરનારને કહેતા કે આવા લોકોને શા માટે શિખામણ આપો છો જેમને અલ્લાહ બર્બાદ કરવાનો છે. અને એક જુથ તે ગુનેહગારોનું હતું જેઓએ અલ્લાહના હુકમનો વિરોધ કરીને શિકાર કર્યો, ખાધો, અને વેચ્યો. અને જ્યારે તેઓ પોતાના આ કાર્યોથી અળગા થયા નહિ, ત્યારે મના કરનાર લોકોએ કહ્યું કે; અમે તમારી સાથે રહેશું નહિ અને ગામને બે ભાગમાં વહેંચીને વચ્ચે એક દીવાલ ચણી લીધી. મનાઈ કરનારાઓનો એક દરવાજો જુદો હતો તેમાંથી આવતા જતા હતા. હઝરત દાઊદ અલયહિસ્સલામે ગુનેહગારો પર લાઅનત કરી, એક દિવસ મનાઈ કરનારાઓએ ગુનેહગારોમાંથી કોઈને પણ બહાર નીકળતા જોયા નહિ. ત્યારે તેમણે વિચાર્યું કે કદાચ શરાબના નશામાં ચકચુર હશે. તેમને જોવા માટે દિવાલ પર ચઢયા, ત્યારે જોયું કે તેઓ વાંદરાઓની શિકલમાં ફેરવાઈ ગયા હતા. પછી જ્યારે તેઓ દરવાજો ઉઘાડીને અંદર ગયા ત્યારે વાંદરાઓ પોતાના સગાઓને ઓળખવા લાગ્યા, તેમના કપડા સુંઘતા હતા, અને પેલા લોકો તે વાંદરા બની જનારને ઓળખતા ન હતા. એ લોકોએ તેમને કહ્યું કે; શું તમને મનાઈ કરી ન હતી? તેમણે માથાં હલાવીને ''હાં" કહ્યું. પછી તે બધા નાશ પામ્યા અને મના કરનાર સલામત રહયા.

અને જ્યારે તેમાંના એક જુથે કહ્યું; એવા લોકોને કેમ શિખામણ આપો છો જેમનો અલ્લાહ નાશ કરવાનો છે, અથવા તેને સખ્ત અઝાબ આપનાર છે. બોલ્યા, તમારા રબ સમક્ષ કારણ દર્શાવવા માટે[૧૪૮] અને (એટલા માટે કે) કદાચ તેમને ડર લાગે[૧૪૯] (૧૬૪) પછી જે શિખામણ તેમને આપવામાં આવી હતી તે ભૂલાવી બેઠા. (તો) અમે તેમને બચાવી લીધા જે બુરાઈની મનાઈ કરતા હતા. અને જાલિમોને ખરાબ અઝાબમાં પકડયા. તેમની નાફરમાનીનો બદલો (૧૬૫) પછી જ્યારે તેમણે મનાઈના હુકમ સામે માથું ઊંચક્યું (ત્યારે) અમે તેમને ફરમાવ્યું; 'ધુતકારેલા વાંદરા બની જાઓ'[૧૫૦] અને જ્યારે તમારા પરવરદિગારે હુકમ સંભળાવી દીધો કે; અવશ્ય તેમના માથે એવાને મોકલતો રહીશ કયામતના દિવસ સુધી જે તેમને[૧૫૧] ખરાબ માર મારે.[૧૫૨] બેશક! તમારો રબ અવશ્ય જલ્દી અઝાબ (કરવા) વાળો છે.[૧૫૩] અને બેશક! તે માફ કરનાર મહેરબાન (પણ) છે[૧૫૪] (૧૬૭) અને અમે તેમને ધરતીમાં વેરવિખેર કરી નાંખ્યા, ટોળે ટોળાં. તેમાં અમુક નેક છે[૧૫૫] અને અમુક બીજા પ્રકારના.[૧૫૬] અને અમે તેમને ભલાઈઓ અને બુરાઈઓ

الاعراف ٧ قال الملأ ٩

وَاِذْ قَالَتْ اُمَّةٌ مِّنْهُمْ لِمَ تَعِظُوْنَ قَوْمَا ۙ اللّٰهُ
مُهْلِكُهُمْ اَوْ مُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا ؕ قَالُوْا مَعْذِرَةً
اِلٰى رَبِّكُمْ وَلَعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿١٦٤﴾ فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا
بِهٖۤ اَنْجَيْنَا الَّذِيْنَ يَنْهَوْنَ عَنِ السُّوْٓءِ وَاَخَذْنَا
الَّذِيْنَ ظَلَمُوْا بِعَذَابٍۭ بَـِٕيْسٍۭ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿١٦٥﴾
فَلَمَّا عَتَوْا عَنْ مَّا نُهُوْا عَنْهُ قُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً
خٰسِـِٕيْنَ ﴿١٦٦﴾ وَاِذْ تَاَذَّنَ رَبُّكَ لَيَبْعَثَنَّ عَلَيْهِمْ
اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ يَّسُوْمُهُمْ سُوْٓءَ الْعَذَابِ ؕ
اِنَّ رَبَّكَ لَسَرِيْعُ الْعِقَابِ ۖۚ وَاِنَّهٗ لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٦٧﴾
وَقَطَّعْنٰهُمْ فِى الْاَرْضِ اُمَمًا ۚ مِنْهُمُ الصّٰلِحُوْنَ وَ
مِنْهُمْ دُوْنَ ذٰلِكَ ۫ وَبَلَوْنٰهُمْ بِالْحَسَنٰتِ وَالسَّيِّاٰتِ

૧૪૮. જેથી અમારા માથે અનિષ્ટ ન રોકવાનો ભાર રહે નહિ.

૧૪૯. અને શિખામણથી ફાયદો ઉઠાવી શકે.

૧૫૦. તેઓ વાંદરા બની ગયા અને ત્રણ દિવસ સુધી એ જ હાલતમાં રહીને નાશ પામ્યા.

૧૫૧. યહૂદીઓને.

૧૫૨. જેમકે અલ્લાહ તઆલાએ તેમના પર બુખ્ત નસર અને સંજારીબ તેમજ રોમન બાદશાહોને ચઢાવી મોકલ્યા, જેમણે તેમને સખ્ત તકલીફો આપી, અને કયામત સુધી તેમના પર વેરો ને અપમાન ચોંટી ગયું.

૧૫૩. તેમને જે કુફ્ર પર કાયમ રહે. આ આયતથી સાબિત થયું કે તેમના પર કાયમ અઝાબ રહેશે. દુનિયામાં પણ અને આખેરતમાં પણ.

૧૫૪. તેમના માટે જે અલ્લાહની આજ્ઞા માને અને ઈમાન લાવે.

૧૫૫. જે અલ્લાહ અને રસૂલ પર ઈમાન લાવ્યા અને દીન પર અટલ રહ્યા.

૧૫૬. જેમણે નાફરમાની કરી અને કુફ્ર કર્યું, અને દીનને બદલી નાખ્યું.

૧૫૭. ભલાઈઓથી ન્યામતો અને રાહતો તેમજ બુરાઈઓથી તકલીફો મુરાદ લેવામાં આવી છે.

૧૫૮. જેમના બે પ્રકાર વર્ણવાયા છે.

૧૫૯. અર્થાત તવરાતના, જે તેમણે પોતાના વડવાઓ પાસેથી મેળવી હતી. અને તેના હુકમો મનાઈના હુકમો હલાલ અને હરામથી જાણકારી મેળવી. મદારિકમાં છે કે આ તે લોક છે જે હુઝૂર

قال الملأ ٩ — الاعراف ٧

لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿١٦٨﴾ فَخَلَفَ مِنْۢ بَعْدِهِمْ خَلْفٌ
وَّرِثُوا الْكِتٰبَ يَاْخُذُوْنَ عَرَضَ هٰذَا الْاَدْنٰى
وَيَقُوْلُوْنَ سَيُغْفَرُ لَنَا ۚ وَاِنْ يَّاْتِهِمْ عَرَضٌ مِّثْلُهٗ
يَاْخُذُوْهُ ؕ اَلَمْ يُؤْخَذْ عَلَيْهِمْ مِّيْثَاقُ الْكِتٰبِ
اَنْ لَّا يَقُوْلُوْا عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ وَدَرَسُوْا مَا
فِيْهِ ؕ وَالدَّارُ الْاٰخِرَةُ خَيْرٌ لِّلَّذِيْنَ يَتَّقُوْنَ ؕ
اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٦٩﴾ وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ
وَاَقَامُوا الصَّلٰوةَ ؕ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ ﴿١٧٠﴾
وَاِذْ نَتَقْنَا الْجَبَلَ فَوْقَهُمْ كَاَنَّهٗ ظُلَّةٌ وَّظَنُّوْۤا اَنَّهٗ
وَاقِعٌۢ بِهِمْ ۚ خُذُوْا مَاۤ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاذْكُرُوْا
مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿١٧١﴾ وَاِذْ اَخَذَ رَبُّكَ مِنْۢ

દ્વારા અજમાવ્યા કે ક્યાંક તેઓ પાછા ફરે[૧૫૭] (૧૬૮) પછી તેમના સ્થાને તેમના પછી તે[૧૫૮] કુપુત્રો આવ્યા જે કિતાબના વારસદાર બન્યા[૧૫૯]. આ દુનિયાનો માલ લે છે[૧૬૦] અને કહે છે હવે અમારી માફી થશે[૧૬૧] અને જો એવો જ માલ તેમની પાસે હજુ વધારે આવે તો લઈ લે.[૧૬૨] શું તેમના પર વચન લેવાયું નથી કિતાબમાં કે, અલ્લાહ સાથે સત્ય સિવાય (કશું) સંબંધિત નહીં કરે? અને તેમણે એ વાંચ્યું[૧૬૩] અને બેશક! પાછલુ ઘર સારૂં છે પરહેઝ-ગારો માટે.[૧૬૪] તો શું તમને બુદ્ધિ નથી? (૧૬૯) અને તે જેઓ કિતાબને મજબૂત પકડે છે,[૧૬૫] અને તેમણે નમાઝ કાયમ રાખી, (તો) અમે નેક લોકોનું ફળ વેડફી નાંખતા નથી (૧૭૦) અને જ્યારે અમે પહાડ તેમના પર ઊંચો કર્યો જાણે કે તે છાપરૂં છે, અને (તેઓ) સમજ્યા કે તે તેમના પર તૂટી પડશે.[૧૬૬] લો જે અમે તમને આપ્યું જોરથી,[૧૬૭] અને જે એમાં છે તે યાદ કરો કે ક્યાંક તમે પરહેઝગાર બનો (૧૭૧) અને અય મહબૂબ! યાદ

સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના સમયમાં હતા. તેમની હાલત એ હતી કે;

૧૬૦. લાંચ તરીકે, હુકમોને બદલી નાખવાં અને કલામની હેરફેર કરવા બદલ, અને તેઓ જાણે પણ છે કે આ હરામ છે છતાં એ ગુનાહ પર અટલ છે.

૧૬૧. અને આ ગુનાહો બદલ અમારી કંઈ જ પકડ નહિ થાય.

૧૬૨. અને ભવિષ્યમાં પણ ગુનાહ કરતો રહે. સદીએ કહ્યું છે કે બની ઈસરાઈલમાં કોઈ કાજી એવો ન હતો કે લાંચ લેતો ન હોય. જ્યારે તેને કહેવામાં આવ્યું કે તમે લાંચ લો છો? ત્યારે કહેતો કે આ ગુનોહ માફ કરી દેવાશે. તેના સમયમાં બીજા લોકો તેની બુરાઈ કરતા. પણ જ્યારે તે મરી જતો અથવા ડીસમીસ કરાતો ત્યારે પેલા બુરાઈ કરનારા તેની જગ્યાએ હાકેમ અથવા કાજી બનતા, તો તેઓ પણ એવી જ રીતે લાંચ લેતા.

૧૬૩. છતાં તેમણે એના વિરૂદ્ધ આચરણ કર્યું. તવરાતમાં કાયમ ગુનોહ કરનાર માટે માફીનું વચન ન હતું, તો તેમનું ગુનાહ કર્યે જવું, તવબહ ન કરવું, અને કહેવું કે અમારી પકડ નહીં થાય, એ અલ્લાહ સાથે જૂઠ ઠોકી બેસાડવાનુ થયું.

૧૬૪. જેઓ અલ્લાહના અઝાબથી ડરે લાંચ તથા હરામથી બચે અને તેની ફરમાંબરદારી કરે.

૧૬૫. અને તે મુજબ અમલ કરે છે અને તેના બધા હુકમોને માને છે અને તેમાં ફેરફાર નથી કરતા.

**શાને નુઝૂલ** : આ આયત અહલે કિતાબમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામ વિગેરે એવા સહાબા વિષે ઉતરી જેમણે પહેલી કિતાબનું અનુસરણ કર્યું, તેમાં ફેરફાર ન કર્યા અને તેના હુકમો છુપાવ્યા નહીં,

بَنِيٓ اٰدَمَ مِنْ ظُهُوْرِهِمْ ذُرِّيَّتَهُمْ وَاَشْهَدَهُمْ
عَلٰٓى اَنْفُسِهِمْ اَلَسْتُ بِرَبِّكُمْ قَالُوْا بَلٰى شَهِدْنَا
اَنْ تَقُوْلُوْا يَوْمَ الْقِيٰمَةِ اِنَّا كُنَّا عَنْ هٰذَا غٰفِلِيْنَ ﴿١٧٢﴾
اَوْ تَقُوْلُوْٓا اِنَّمَآ اَشْرَكَ اٰبَآؤُنَا مِنْ قَبْلُ وَكُنَّا ذُرِّيَّةً
مِّنْ بَعْدِهِمْ اَفَتُهْلِكُنَا بِمَا فَعَلَ الْمُبْطِلُوْنَ ﴿١٧٣﴾
وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿١٧٤﴾
وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ
مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ مِنَ الْغٰوِيْنَ ﴿١٧٥﴾ وَلَوْ
شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا وَلٰكِنَّهٗٓ اَخْلَدَ اِلَى الْاَرْضِ
وَاتَّبَعَ هَوٰىهُ فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ اِنْ تَحْمِلْ عَلَيْهِ
يَلْهَثْ اَوْ تَتْرُكْهُ يَلْهَثْ ذٰلِكَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ

કરો જ્યારે તમારા પરવરદિગારે આદમની ઔલાદની પીઠોમાંથી તેમનો વંશ કાઢયો. અને તેમને પોતાને એના પર સાક્ષી બનાવ્યા. "શું હું તમારો રબ નથી?"[૧૬૮] બધા બોલ્યા; "કેમ નહિ? અમે સાક્ષી બન્યા"[૧૬૯] કે ક્યાંક કયામતના દિવસે કહો કે અમને એની ખબર ન હતી.[૧૭૦] અથવા કહો કે શિર્ક તો અમારા પહેલાં અમારા બાપ દાદાઓએ કર્યું, અને અમે તો તેમની પછીના (તેમના માંથી) વધેલા[૧૭૧] (છીએ). તો શું તુ અમને અસત્યવાળા ઓના કરેલા પરથી હલાક કરીશ?[૧૭૨] (૧૭૩) અને અમે આયતો આવી તરેહ તરેહની રીતે જ વર્ણવીએ છીએ.[૧૭૩] અને એટલા માટે કે ક્યાંક તેઓ પાછા ફરે[૧૭૪] (૧૭૪) અને અય મહબૂબ! એમને તેનો હેવાલ સંભળાવો જેને અમે પોતાની આયતો આપી,[૧૭૫] તો તે એનાથી ચોખ્ખો નીકળી ગયો.[૧૭૬] તો શયતાન તેની પાછળ પડયો. તો માર્ગ ભૂલેલાઓમાં થઈ ગયો (૧૭૫) અને અમે ઈચ્છત તો આયતોના કારણે તેને ઊંચકી લેત,[૧૭૭] પણ તે તો ધરતીને વળગી પડયો,[૧૭૮] અને પોતાની મનેચ્છાને વશ થયો. તો તેની દશા કૂતરા જેવી છે. જો તુ તેના પર હુમલો કરે તો જીભ કાઢે અને છોડી દે તો (પણ) જીભ કાઢે.[૧૭૯] આ હાલત છે તેમની જેમણે અમારી આયતો જૂઠાડી. તો

અને તે કિતાબના અનુસરણના પ્રતાપે તેમને કુરઆન પાક પર ઈમાન લાવવાનું સદભાગ્ય સાંપડયુ. (ખાઝિન અને મદારિક)

૧૬૬. જ્યારે યહૂદીઓએ આકરા હુકમોને કારણે તવરાતના આદેશોને કબૂલવાનો ઇન્કાર કર્યો ત્યારે જિબ્રઇલ અલયહિસ્સલામે અલ્લાહના હુકમથી એક મોટો પહાડ તેમના સરદારો પર છાપરાની જેમ અદ્ધર લટકાવી દીધો. તે પહાડ લંબાઇ પહોળાઇમાં તેમના લશ્કરના ફેલાવા જેટલો એટલે કે એક ગાઉના પ્રમાણમાં હતો અને તેમને કહેવામાં આવ્યું કે તવરાતના હુકમો સ્વીકારો નહીં તો આ તમારા પર ફેંકવામાં આવશે. પહાડને માથા પર જોઇને બધા જ સિજદામાં પડયા. પણ એવી રીતે કે ડાબો ગાલ અને પાપણો તો તેમણે સિજદામાં લગાડયાં અને જમણી આંખ વડે પહાડને જોતા હતા કે ક્યાંક પડે નહીં. જેમકે અત્યાર સુધી યહૂદીઓના સિજદાની એવી જ રીત છે.

૧૬૭. પાકો નિર્ણય અને પ્રયત્ન કરીને.

૧૬૮. હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલયહિસ્સલામની પીઠમાંથી તેમનો વંશ કાઢયો અને તેણે વચન લીધું. આયતો અને હદીષો પર દ્રષ્ટિપાત કર્યા પછી એવું લાગે છે કે વંશનું કાઢવું એ સિલસિલા (પેઢી, કૂળ, ખાનદાન)થી હતું કે જે રીતે દુનિયામાં એકબીજાથી જન્મશે. પછી તેમની સામે રબુબિયત (અલ્લાહનું પાલનહાર હોવું) અને વહદાનિયત (અલ્લાહનું એક હોવું) ની દલીલો બયાન કરીને, તેમને બુદ્ધિ આપીને તેમની પાસે પોતાની રબુબિયત માટે સાક્ષી માંગી.

૧૬૯. પોતાની ઉપર. અને અમે તારી રબુબિયત અને વહદાનિયતનો સ્વીકાર કર્યો. આ સાક્ષી

كَذَّبُوا بِآيَاتِنَا ۚ فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُونَ ﴿١٧٦﴾
سَاءَ مَثَلًا الْقَوْمُ الَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا وَأَنفُسَهُمْ
كَانُوا يَظْلِمُونَ ﴿١٧٧﴾ مَن يَهْدِ اللَّهُ فَهُوَ الْمُهْتَدِي ۖ
وَمَن يُضْلِلْ فَأُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ ﴿١٧٨﴾ وَلَقَدْ
ذَرَأْنَا لِجَهَنَّمَ كَثِيرًا مِّنَ الْجِنِّ وَالْإِنسِ ۖ لَهُمْ قُلُوبٌ
لَّا يَفْقَهُونَ بِهَا وَلَهُمْ أَعْيُنٌ لَّا يُبْصِرُونَ بِهَا وَ
لَهُمْ آذَانٌ لَّا يَسْمَعُونَ بِهَا ۚ أُولَٰئِكَ كَالْأَنْعَامِ
بَلْ هُمْ أَضَلُّ ۚ أُولَٰئِكَ هُمُ الْغَافِلُونَ ﴿١٧٩﴾ وَلِلَّهِ الْأَسْمَاءُ
الْحُسْنَىٰ فَادْعُوهُ بِهَا ۖ وَذَرُوا الَّذِينَ يُلْحِدُونَ
فِي أَسْمَائِهِ ۚ سَيُجْزَوْنَ مَا كَانُوا يَعْمَلُونَ ﴿١٨٠﴾ وَمِمَّنْ
خَلَقْنَا أُمَّةٌ يَهْدُونَ بِالْحَقِّ وَبِهِ يَعْدِلُونَ ﴿١٨١﴾

તમે નસીહત સંભળાવો કે ક્યાંક તેઓ ધ્યાન આપે (૧૭૬) કેટલું ખરાબ દ્રષ્ટાંત છે તેનું જેમણે અમારી આયતો જૂઠાડી અને પોતાના પ્રાણોનું જ અનિષ્ટ કરતા હતા (૧૭૭) જેને અલ્લાહ માર્ગ સુજાડે તો તે જ માર્ગ પર છે અને જેને માર્ગ ભૂલાડે તો તે જ નુકશાનમાં છે (૧૭૮) અને બેશક! અમે જહન્નમ માટે ઘણા માનવીઓ[૧૮૦] અને જિન્નાત પેદા કર્યા છે. તેઓ (એવાં) હૃદયો ધરાવે છે જેમાં સમજ નથી.[૧૮૧] અને એવી આંખો જેનાથી દેખતા નથી[૧૮૨] અને એવા કાનો જેનાથી સાંભળતા નથી[૧૮૩] તેઓ પશુઓની જેમ છે.[૧૮૪] બલ્કે એનાથી વધારે માર્ગ ભૂલેલા.[૧૮૫] તેઓ જ ગફલતમાં પડયા છે (૧૭૯) અને ખૂબ સરસ નામો અલ્લાહનાં જ છે.[૧૮૬] તો તેને એ વડે પોકારો અને જેઓ તેના નામોમાં સત્યથી નીકળી જાય છે[૧૮૭] તેમને ત્યજી દો. તેઓ જલ્દી પોતાનું કર્યું પામશે. (૧૮૦) અને અમારા સર્જેલાઓમાંથી એક જુથ તે છે જે સત્ય બતાવે અને તેની પર ન્યાય કરે.[૧૮૮] (૧૮૧)

બનાવવાનું એટલા માટે છે.

૧૭૦. અમને કોઇ ચેતવણી આપવામાં આવી ન હતી.

૧૭૧. તેમને જેવું કરતાં જોયા તેમના અનુકરણમાં તેવું જ કરતા રહ્યા.

૧૭૨. આવું બહાનુ કાઢવાની તક રહી નહીં. કારણ કે તેમની પાસેથી વચન લઇ લેવામાં આવ્યું અને તેમની પાસે રસૂલો આવ્યા અને તેમણે એ વચનનો ખ્યાલ અપાવ્યો, અને અલ્લાહના એક હોવા બાબત દલીલો સ્થાપિત કરી.

૧૭૩. જેથી બન્દાઓ વિચાર અને ચિંતન કરીને સત્ય અને ઇમાનનો સ્વીકાર કરે.

૧૭૪. શિર્ક અને કુફ્રથી ઇમાન અને તવહીદ તરફ. અને મો'જિઝાધારી નબીના કહેવાથી પોતાના રોઝે મીષાકના વચનને યાદ કરે અને તે મુજબ અમલ કરે.

૧૭૫. અર્થાત બલઅમ બાઉર. જેનો કિસ્સો મુફસ્સિરીને આ મુજબ કહ્યો છે કે, જ્યારે મૂસા અલયહિસ્સલામે જબ્બારીન (કોમનું નામ) સાથે લડાઇનો ઇરાદો કર્યો. અને સિરિયાની ધરતી પર પગ માંડયા ત્યારે બલઅમલ બાઉરની કોમ તેના પાસે આવી. અને કહેવા લાગ્યા કે મૂસા અલયહિસ્સલામ ઘણા ઉગ્ર સ્વભાવના છે અને તેમની સાથે મોટુ સૈન્ય પણ છે. તેઓ અહીં આવ્યા છે અને આપણને આપણા દેશમાંથી હાંકી કાઢશે, અને કતલ કરશે. અને આપણી જગ્યાએ બની ઇસરાઇલને અહીં વસાવશે. તારી પાસે "ઇસ્મે આ઼ઝમ" છે અને તારી દુઆ કબૂલ થાય છે. તુ બહાર નીકળ અને અલ્લાહ પાસે દુઆ કર કે અલ્લાહ તેમને અહીંથી પાછા લઇ જાય. બલઅમ બાઉરે કહ્યું કે, તમારૂં સત્યનાશ થાય! મૂસા અલયહિસ્સલામ તો નબી છે

અને તેમની સાથે ફરિશ્તા પણ છે. અને ઇમાનદાર લોકો પણ છે. તેમના પર કેમ કરી દુઆ કરૂં? અલ્લાહ પાસે તેમની જે પદવી છે તેને હું જાણું છું. જો હું એવું કરૂં તો મારી દુનિયા અને આખિરત બરબાદ થઇ જાય. પણ કોમ તેને આગ્રહ કરતી જ રહી, અને ખૂબ જ કરગરીને અને રડીને તેમણે પોતાની માંગણી ચાલુ રાખી. ત્યારે બલઅમ બાઉરે કહ્યું કે, હું મારા પરવરદિગારની ઇચ્છા જાણી લઉં. અને તેનો નિયમ એવો જ હતો કે જ્યારે કોઇ દુઆ કરતો ત્યારે પ્રથમ અલ્લાહની મરજી જાણી લેતો, અને સ્વપ્નમાં તેનો ઉત્તર મળી જતો હતો. આ વખતે તેને જવાબ મળ્યો કે મૂસા અલયહિસ્સલામ અને તેમના સાથીદારો વિરૂદ્ધ દુઆ કરીશ નહીં. તેણે કોમને કહ્યું કે, મેં મારા પરવરદિગાર પાસે તેમના પર દુઆ કરવા આજ્ઞા માંગી હતી પણ તેણે તેમ કરવાની મનાઇ ફરમાવી છે. ત્યારે કોમે તેને ભેટો અને નઝરાણા આપ્યાં જે તેણે સ્વીકારી લીધાં. અને કોમે પોતાની માંગણી ચાલુ રાખી. ત્યારે બીજી વાર બલઅમ બાઉરે ખુદા પાસે પરવાનગી માંગી. તેનો કશો જવાબ મળ્યો નહીં ત્યારે કોમના લોકો કહેવા માંડયા કે, જો તેને અસ્વીકાર્ય હોત તો પહેલી વારની જેમ આ વખતે પણ મનાઇ કરત. અને કોમની રોકકળ ઓર પણ વધી ગઇ. એટલે સુધી કે તેમણે તેને અજમાઇશમાં નાખી દીધો. અંતે બદદુઆ કરવા માટે પહાડ પર ચઢયો. તો તે જે બદદુઆ કરતો હતો તેમાં અલ્લાહ તઆલા તેની જબાનને તેની કોમ તરફ ફેરવી દેતો હતો. અને પોતાની કોમ માટે જે ભલી દુઆ માંગતો તેમાં તેની કોમની જગ્યાએ બની ઇસરાઇલનું નામ જબાન પર આવી જતું હતું. કોમે કહ્યું કે, અય બલઅમ! આ શું કરી રહ્યો છે? બની ઇસરાઇલ માટે દુઆ કરે છે અને અમારા માટે બદદુઆ? બોલ્યો, આ મારા અખત્યારની વાત નથી, મારી જબાન મારા કાબૂમાં નથી. પછી તેની જબાન લટકી પડી, ત્યારે તેણે પોતાની કોમને કહ્યું, મારી દુનિયા અને આખિરત બન્ને બરબાદ થયાં. આ આયતમાં તેનું બયાન છે.

૧૭૬. અને તેને અનુસર્યો નહીં.

૧૭૭. અને ઉચ્ચ પદવી આપીને "અબરાર" ના મરતબાએ પહોંચાડત.

૧૭૮. દુનિયાઘેલો બની ગયો.

૧૭૯. આ એક તુચ્છ જાનવર સાથે સરખામણી છે કે દુનિયાની લાલચ રાખનારને નસીહત કરો તો તેને ફાયદો કરતી નથી. તે લાલચમાં જ જકડાએલો રહે છે. અને તેને ત્યજી દો તો પણ એ જ લાલચમાં સપડાએલો જેવી રીતે જીભ કાઢવી કૂતરાની આવશ્યક પ્રકૃતિ છે તેવી જ રીતે લાલચ તેમના માટે આવશ્યક બની ગઇ છે.

૧૮૦. અર્થાત કાફિરો, જેઓ ઇલાહી આયતોમાં ચિંતન કરવાથી દૂર ભાગે છે. અને તેમનું કાફિર હોવું અલ્લાહના અઝલી ઇલ્મમાં છે.

૧૮૧. અર્થાત સત્યથી વેગળા નાસીને ખુદાની આયતોમાં ચિંતન કરવાથી વંચિત રહી ગયા. અને એ જ દિલનું ખાસ કામ હતું.

૧૮૨. સત્ય માર્ગની દોરવણી અને અલ્લાહની આયતો અને તવહીદની દલીલો.

૧૮૩. નસીહત અને શિખામણને સ્વીકારવાની રીતે અને હૃદય તથા ઇન્દ્રીયો ધરાવતા હોવા છતાં તેનાથી લાભ મેળવતા નથી. જેથી,

૧૮૪. કારણ કે પોતાના હૃદય અને જ્ઞાનેદ્રિયો દ્વારા જ્ઞાનગોષ્ઠી અને અલ્લાહની ઓળખ કરાવનાર બાબતોનું ધ્યાન ધરતા નથી. ખાવા પીવાના દુનિયાવી કામોમાં તો જાનવરો પણ પોતાની ઇન્દ્રિયોથી કામ લે છે. માનવી પણ જો એટલું જ કરે તો તેને પશુઓ પર શી શ્રેષ્ઠતા?

والذين كذبوا بآياتنا سنستدرجهم من حيث
لا يعلمون ۝ وأملي لهم إن كيدي متين ۝
أولم يتفكروا ما بصاحبهم من جنة إن هو إلا
نذير مبين ۝ أولم ينظروا في ملكوت السماوات
والأرض وما خلق الله من شيء وأن عسى أن
يكون قد اقترب أجلهم فبأي حديث بعده
يؤمنون ۝ من يضلل الله فلا هادي له و
يذرهم في طغيانهم يعمهون ۝ يسألونك عن
الساعة أيان مرساها قل إنما علمها عند ربي
لا يجليها لوقتها إلا هو ثقلت في السماوات
والأرض لا تأتيكم إلا بغتة يسألونك كأنك

અને જેમણે અમારી આયતો જૂઠાડી અમે જલ્દી તેમને તબક્કાવાર અઝાબ તરફ લઈ જઈશું. જ્યાંથી તેમને ખબર (પણ) નહિ પડે (૧૮૨) અને હું તેમને ઢીલ આપીશ.[૧૮૯] બેશક! મારી છુપી તદબીર[૧૯૦] ખૂબ પાકી છે[૧૯૧] (૧૮૩) શું વિચારતા નથી કે તેમના સાથીને ગાંડપણ સાથે કશી લેવા દેવા નથી? તેઓ તો સ્પષ્ટ ડર સંભળાવનાર છે[૧૯૨] (૧૮૪) શું તેમણે આકાશો અને ધરતીના રાજ્યમાં દ્રષ્ટિ કરી નહિ? અને જે વસ્તુ અલ્લાહે બનાવી (તેમાં)? અને એ કે કદાચ તેમનો વાયદો નજીક આવી લાગ્યો હોય.[૧૯૩] તો એના પછી બીજી કઈ વાત પર શ્રધ્ધા કરશે?[૧૯૪] (૧૮૫) જેને અલ્લાહ ભટકાવે તેને કોઈ માર્ગ દેખાડનાર નથી. અને એમને છોડ! જેથી પોતાના ઘમંડમાં ભટકતા ફરે (૧૮૬) તમને કયામતનું પૂછે છે[૧૯૫] કે તે ક્યારે નક્કી થયેલી છે. તમે ફરમાવો; એનું ઈલ્મ તો મારા રબ પાસે છે. અને તે જ એના સમય પર જાહેર કરશે.[૧૯૬] ધરતી અને આકાશો પર ભારે પડી રહી છે. તમારા પર અચાનક જ આવી પડશે. તમને એવી રીતે પૂછે છે જાણે તમે એનું ખૂબ સંશોધન કરી રાખ્યું છે.

૧૮૫. કારણ કે પશુ પણ પોતાના લાભ તરફ પગ માંડે છે, અને ગેરલાભથી બચે છે અને પાછુ હઠે છે. અને કાફિર તો જહન્નમના માર્ગે ચાલી પોતાનું અહિત અખત્યાર કરે છે. તો પશુથી બદતર થયો. માનવી રૂહાની (આધ્યાત્મિક) શહવાની (પાર્થિવ) સમાવી (આકાશી) અરદી (માટીડો) છે. રૂહ શહવતો (વાસનાઓ) કરતાં બળવાન બની જાય ત્યારે (તે) ફરિશ્તાઓથી પણ ઉચ્ચ થાય છે. અને જ્યારે વાસનાઓ રૂહ કરતાં તાકાતવાન બને છે, ત્યારે ધરતીનાં જાનવરોથી પણ બદતર બની જાય છે.

૧૮૬. હદીષ શરીફમાં છે કે જેણે અલ્લાહના નવ્વાણુ નામો યાદ કરી લીધાં તે જન્નતી બન્યો. ઉલમાની એ બાબત એકમતી છે કે અલ્લાહનાં નામો માત્ર નવ્વાણુ જ નથી, હદીષનો મતલબ એ છે કે જે એટલાં નામો યાદ કરશે તે જન્નતી બનશે.

**શાને નુઝૂલ :** અબૂ જહલે કહ્યું હતું કે, મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)નો દાવો તો એ છે કે તેઓ એક ખુદાની ઇબાદત કરે છે. પછી તેઓ અલ્લાહ અને રહમાન બે ને કેમ પોકારે છે? તે બાબત આ આયતે કરીમા ઉતરી, અને અબૂધ જાહિલને બતાવવામાં આવ્યું કે મઅબૂદ તો એક જ છે, તેના નામ ઘણાં છે.

૧૮૭. તેના નામોમાં સત્ય અને મજબૂતીથી નીકળવું અનેક રીતે બની શકે છે. એક તો એ કે તેના નામોને બગાડીને (અથવા થોડા ફેરફાર સાથે) બીજાઓ માટે વાપરવાં. જેવી રીતે કે મુશ્રિકોએ 'ઇલાહ'નું લાત અને 'અઝીઝ' નું ઉઝઝા અને 'મન્નાન'નું મનાત બનાવીને પોતાની મૂર્તિઓનાં નામો પાડયાં હતાં. આ રીતે નામો વિષે સીમાનું ઉલ્લંઘન નાજાઇઝ છે. બીજું એ કે અલ્લાહનાં એવા નામો રાખવામાં આવે જે

કુરઆન અને હદીષમાં હોય નહીં, એ પણ જાઇઝ નથી. જેમકે સખી અને રફીક કહેવું. કારણ કે અલ્લાહનાં નામો નક્કી થઇ ચૂકેલાં છે. ત્રીજું એ કે અદબ અને વિનયનો ખ્યાલ રાખવો (પણ જરૂરી છે) તો માત્ર 'યા દાર્ર' (અય નુકસાન કરનાર) 'યા માનિઅ' (અય રોકી રાખનાર) 'યા ખાલિકલ કિરદહ' (અય વાંદરાઓના સર્જક) વિગેરે કહેવું જાઇઝ નથી. બલ્કે બીજા નામો સાથે જોડવીને બોલવું પડશે. જેમકે 'યા દાર્ર યા નાફિઅ' (અય નુકસાન અને ફાયદો કરનાર) 'યા માનિઅ યા મુઅતી' (અય રોકી રાખનાર અને આપનાર) 'યા ખાલિકલ ખલ્ક' (અય સૃષ્ટિનો સર્જક) ચોથું એ કે અલ્લાહ તઆલા માટે કોઇ એવું નામ નક્કી કરવામાં આવે જેનો અર્થ બગડેલો હોય. (અર્થાત તેના અર્થોમાંથી કોઇ અર્થ શાને ઇલાહીને છાજતો ન હોય) જેમકે 'રામ' (ઉર્દુમાં 'રામ કરના' કોઇને કબ્જે કરવાના અર્થમાં બોલાય છે. દા.ત. મૈને ઉસકો રામ કર લિયા - અથવા વોહ રામ હો ગયા. તો કોઇના કબ્જામાં થવું એ અલ્લાહની શાનને લાયક નથી) અને 'પરમાત્મા' (એની સંધી છુટી પાડવામાં આવે તો પરમ આત્મા થાય, અર્થાત કાયમ રહેનાર આત્મા. પણ અલ્લાહ એ કોઇ આત્મા કે આત્માધારી નથી. એટલે એ પણ અલ્લાહની શાનના ખિલાફ છે) વિગેરે - પાંચમું એ કે એવાં નામો રાખવા જેના અર્થની ખબર નથી, અને એ જાણી શકાતું નથી કે અલ્લાહના જલાલના લાયક છે કે નહીં, (દા.ત. ગોડ).

૧૮૮. આ સત્ય સ્વીકારનાર જુથ ઉલમા અને ધર્મોપદેશકોનું છે. આ આયતથી એ મસઅલો પણ સાબિત થયો કે દરેક સમયના અહલે હક (સાચી વાત પર અટલ રહેનાર) લોકોની એકમતી (એ પણ) એક દલીલ છે. અને એ પણ સાબિત થયું કે કોઇ સમય હક પરસ્ત લોકો અને દીનના હિદાયત કરનારાઓથી ખાલી નહીં હોય. જેમકે હદીષ શરીફમાં છે કે કયામત સુધી મારી ઉમ્મતનો એક ગિરોહ (વર્ગ) સત્ય દીન પર અટલ રહેશે તેને કોઇની દુશ્મની તેમજ વિરોધ નુકસાન નહીં કરી શકે.

૧૮૯. તેમની ઉંમરો લાંબી કરીને.

૧૯૦. અને મારી પકડ સખત.

૧૯૧. **શાને નુઝૂલ** : જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમએ રાત્રીના સમયે સફા પર્વત પર ચઢીને દરેકે દરેક કબીલાને બુમ પાડીને બોલાવ્યા અને ફરમાવ્યું કે, હું તમને અલ્લાહના અઝાબથી ડરાવનાર છું. અને આપે તેમને અલ્લાહની બ્હીક દેખાડી અને આગળ આવનાર આફતોનું વર્ણન કર્યું ત્યારે તેમાંથી કોઇએ આપના વિષે ગાંડપણની વાત ઉડાવી. તે બાબત આ આયતે કરીમા ઉતરી. અને કહેવામાં આવ્યું કે તેમણે વિચાર અને ચિંતન વડે કામ ન લીધું, અને પરિણામનો વિચાર તેમજ દિર્ઘદ્રષ્ટિ તદ્દન પીઠ પાછળ નાખી દીધી. અને (માત્ર) એટલું દેખીને કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ વાણી અને વર્તનમાં તેમના વિરોધી છે, તેમજ દુનિયા અને તેની લિજ્જતોથી આપે મોઢું ફેરવી લીધુ છે, આખિરત તરફ ધ્યાન આપે છે તેમજ અલ્લાહ તઆલા તરફ બોલાવવામાં અને તેનો ખોફ આપવામાં રાત દિવસ મગ્ન છે, તે લોકોએ આપની વિષે ગાંડપણની વાત વહેતી કરી એ તેમની ભૂલ છે.

૧૯૨. એ તમામમાં તેની વહદાનિયત અને કમાલ હિકમત તેમજ કુદરતની ઝળહળતી દલીલો છે.

૧૯૩. અને તેઓ કુફ્ર પર જ મરે અને હમેશાં માટે જહન્નમી બની જાય. એવી હાલતમાં બુદ્ધિમાન માટે જરૂરી છે કે તે વિચારે, સમજે, અને દલીલો પર નજર કરે.

૧૯૪. અર્થાત કુરઆન શરીફ પછી બીજી કોઇ કિતાબ અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પછી બીજો કોઇ રસૂલ આવનાર નથી જેની રાહ જોતા હોય, કારણ કે આપ ખાતિમુલ અમ્બિયા છે.

حَفِيٌّ عَنْهَا قُلْ إِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ وَلٰكِنَّ أَكْثَرَ
النَّاسِ لَا يَعْلَمُونَ ﴿١٨٧﴾ قُلْ لَا أَمْلِكُ لِنَفْسِي نَفْعًا وَلَا
ضَرًّا إِلَّا مَا شَاءَ اللّٰهُ وَلَوْ كُنْتُ أَعْلَمُ الْغَيْبَ لَاسْتَكْثَرْتُ
مِنَ الْخَيْرِ وَمَا مَسَّنِيَ السُّوءُ إِنْ أَنَا إِلَّا نَذِيرٌ
وَبَشِيرٌ لِقَوْمٍ يُؤْمِنُونَ ﴿١٨٨﴾ هُوَ الَّذِي خَلَقَكُمْ مِنْ
نَفْسٍ وَاحِدَةٍ وَجَعَلَ مِنْهَا زَوْجَهَا لِيَسْكُنَ إِلَيْهَا
فَلَمَّا تَغَشَّاهَا حَمَلَتْ حَمْلًا خَفِيفًا فَمَرَّتْ بِهِ فَلَمَّا
أَثْقَلَتْ دَعَوَا اللّٰهَ رَبَّهُمَا لَئِنْ آتَيْتَنَا صَالِحًا لَنَكُونَنَّ
مِنَ الشَّاكِرِينَ ﴿١٨٩﴾ فَلَمَّا آتَاهُمَا صَالِحًا جَعَلَا لَهُ
شُرَكَاءَ فِيمَا آتَاهُمَا فَتَعَالَى اللّٰهُ عَمَّا يُشْرِكُونَ ﴿١٩٠﴾
أَيُشْرِكُونَ مَا لَا يَخْلُقُ شَيْئًا وَهُمْ يُخْلَقُونَ ﴿١٩١﴾

તમે ફરમાવો; એનો ઈલ્મ તો અલ્લાહ પાસે જ છે. પણ ઘણા લોક જાણતા નથી[૧૯૭] (૧૮૭) તમે ફરમાવો; હું મારા જીવનના ભલા બુરાનો પોતે મુખત્યાર નથી,[૧૯૮] પરંતુ જે અલ્લાહ ઈચ્છે.[૧૯૯] અને જો હું ગૈબ જાણી લીધા કરત તો એમ થાત કે મેં પુષ્કળ ભલાઈ ભેગી કરી લીધી અને મને કોઈ બુરાઈ (તકલીફ) ન લાધી.[૨૦૦] હું તો એ જ ડર[૨૦૧] અને ખુશી સંભળાવનાર છું. તેમને જેઓ ઈમાન ધરાવે છે (૧૮૮) તે જ છે જેણે તમને એક જીવમાંથી જન્માવ્યા.[૨૦૨] અને તેમાંથી જ તેનું જોડું બનાવ્યું.[૨૦૩] કે તેનાથી રાહત પામે. પછી જ્યારે પુરૂષ તેના પર છવાયો, તેને એક હલ્કા જેવું પેટ રહયું,[૨૦૪] તો તેને લઈને ફર્યા કરી. પછી જ્યારે ભાર વધ્યો. બન્નેએ પોતાના રબ પાસે દુઆ માંગી; અવશ્ય જો તુ અમને જેવું જોઈએ તેવું બાળક આપીશ તો નિશંક અમે આભારવશ બનીશું (૧૮૯) પછી જ્યારે તેણે તેમને જોઈએ તેવું બાળક આપ્યું. તેમણે તેની દેણમાં તેના ભાગીદાર ઠરાવ્યા. તો અલ્લાહ તેમના શિર્કથી ઉચ્ચતમ છે[૨૦૫] (૧૯૦) શું એવાને ભાગીદાર બનાવે છે જે કશું બનાવે નહિ?[૨૦૬] અને પોતે જ બનાવાએલા છે (૧૯૧)

૧૯૫. **શાને નુઝૂલ** : હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે, યહૂદીઓએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને કહ્યું હતું કે જો તમે નબી હોવ તો અમને કહો કે કયામત ક્યારે આવશે? કારણ કે અમને તેના સમયની જાણ છે. ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૧૯૬. કયામતના સમયનું કહેવું એ રિસાલતની અનિવાર્ય બાબતોમાં નથી જેમકે તમે નક્કી કરી લીધું છે. અને અય યહૂદીઓ! તમે જે એનો સમય જાણવાનો દાવો કર્યો છે તે પણ ખોટો છે. અલ્લાહ તઆલાએ તેને છુપી રાખી છે, અને એમાં તેણે રહસ્ય રાખ્યું છે.

૧૯૭. એને છુપી રાખવાનું રહસ્ય, "તફસીરે રૂહુલ બયાન" માં છે કે અમુક બુઝુર્ગો એ તરફ ગયા છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને અલ્લાહના જણાવવાથી કયામતના સમયનું ઈલ્મ છે. અને આયતમાં એમ કહેવું કે "માત્ર અલ્લાહને જ એનું ઈલ્મ છે" એ એના વિરોધમાં નથી.

૧૯૮. **શાને નુઝૂલ** :- બની મુસ્તલકના યુદ્ધથી પાછા ફરતાં રસ્તામાં જોરથી પવન ફુંકાયો. જાનવરો ભાગ્યા. ત્યારે નબીએ કરીમ સલ્લલાહો અલયહિ વસલ્લમે ખબર આપી કે મદીના શરીફમાં રફાઅનું અવસાન થયું છે. અને એવું પણ ફરમાવ્યું કે; જુઓ! મારી ઊંટણી ક્યાં છે? ત્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈ મુનાફિકે કહ્યું કે; આમની હાલત અજબ છે. મદીનામાં મરનારની તો ખબર આપે છે અને પોતાની ઊંટણી વિષે કશું જાણતા નથી કે ક્યાં છે. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમથી તેની આ વાત પણ છુપી રહી નહિ. હુઝૂરે ફરમાવ્યું કે; મુનાફિકો આવું આવું બોલે છે, અને મારી ઊંટણી તો ફલાણી ખાઈમાં છે. તેની નાથ એક ઝાડમાં ભેરવાઈ ગઈ છે. પછી આપે જેવું કહ્યું હતું તે જ પ્રમાણે તે ઊંટણી મળી. તે બાબત

આ આયતે કરીમા ઉતરી. (તફસીરે કબીર)

૧૯૯.તે ખરો માલિક છે, જે કંઈ છે તે તેના આપવાથી છે.

૨૦૦. આવું કહેવું અદબ અને વિવેકના કારણે છે અર્થ એ છે કે હું મારી જાતે ગૈબ નથી જાણતો, જે કંઈ જાણું છું તે અલ્લાહના જણાવવાથી અને તેની દેણથી જાણું છું. (ખાઝિન) આ'લા હઝરતે ફરમાવ્યું કે; ભલાઈ ભેગી કરવી અને તકલીફ ન પહોંચવી તેના અધિકારમાં જ હોઈ શકે જે જાતે પોતે શક્તિ ધરાવતો હોય. અને એવી શક્તિ તે જ ધરાવી શકે જે સ્વયં ઈલ્મ ધરાવતો હોય. કારણ કે જેનો એક ગુણ સ્વયં હોય તેના બધા ગુણ સ્વયં હોય. તો અર્થ એ થયું કે મને સ્વયં ગૈબનું ઈલ્મ હોય તો કુદરત (શક્તિ) પણ સ્વયં (મારી પોતાની) હોત, અને તો હું ભલાઈ ભેગી કરી લેત અને બુરાઈ આવવા ન દેત. ભલાઈ એટલે આરામ રાહત સફળતાઓ અને દુશ્મનો પર વિજય. અને બુરાઈ એટલે તંગી, તકલીફ અને શત્રુઓનું વિજય થવું. અને એ પણ બની શકે કે ભલાઈનો અર્થ હેંકડાઈ કરનારાઓનું તાબે થવું. નાફરમાનોનું ફરમાંબરદાર બનવું, અને કાફિરોનું મો'મિન બનવું હોય. અને બુરાઈનો અર્થ કમનસીબ લોકોનું (ઈમાનના) આમંત્રણ છતાં વંચિત રહી જવુ હોય તો વાતનું તારણ એ છે કે જો હું ફાયદા નુકસાનનો આપમેળે અધિકાર ધરાવતો હોય તો અય મુનાફિકો અને કાફિરો! તમને બધાને જ મો'મિન બનાવી નાખત અને તમારી કુફ્રી હાલત જોવાની તકલીફ મને થાત નહિ.

૨૦૧. સંભળાવનાર છું કાફિરોને.

૨૦૨. અકરમાનું કહેવું છે કે આ આયતમાં બધા માનવીઓને સામાન્ય સંબોધન છે, અને અર્થ એ છે કે; અલ્લાહ તે છે જેણે તમારામાંથી દરેકને એક જીવથી એટલે કે બાપથી પેદા કર્યો. અને તેની જાતિમાંથીજ તેની પત્ની બનાવી. પછી જ્યારે તે બન્ને ભેગાં થયાં અને હમલ રહ્યો, અને તે બન્નેએ તંદુરસ્ત બાળક માટે દુઆ માંગી, અને એવું બાળક મળવા પછી આભારવશ રહેવાનું વચન આપ્યું. પછી અલ્લાહે તેમને એવું જ બાળક આપ્યું. ત્યારે તેમની હાલત એ થઈ કે તેઓ કદી તો એ બાળક (ના જન્મ)ને પ્રકૃતિ સાથે સંબંધિત કરે છે જેમકે નાસ્તિકોની હાલત હોય છે. અને કદી તારાઓ (ગ્રહો) તરફ જેમકે તારાપૂજકોની રીત હોય છે. અને કદી મૂર્તિઓ સાથે, જેમકે મૂર્તિપૂજકોનો તરીકો છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તે એમના શિર્કથી ઉચ્ચતમ છે. (કબીર)

૨૦૩. અર્થાત તેના બાપની જાતિમાંથી જ તેવી પત્ની બનાવી.

૨૦૪. પુરૂષનું છવાઈ જવું એ સંભોગ પ્રતિ ઈશારો છે અને હલ્કા જેવું પેટ રહેવું એ હમલની શરૂઆતનું વર્ણન છે.

૨૦૫. અમુક મુફસ્સિરીનનું કથન છે કે આ આયતમાં કુરેશ (કબીલા) ને સંબોધન કરવામાં આવ્યું છે. જેઓ કુશયના વંશમાં છે. તેમને કહેવામાં આવ્યું કે તેમને એક જ વ્યક્તિ કુશય દ્વારા જન્માવ્યા. અને તેની પત્ની તેની જાતિ-અરબી કુરેશીમાંથી બનાવી, કે તેનાથી ચેન અને રાહત પામે. પછી જ્યારે તેમની માંગણી અનુસાર તેમને તંદુરસ્ત બાળક આપ્યું. ત્યારે તેમણે અલ્લાહની આ દેણમાં બીજાઓને ભાગીદાર બનાવ્યા. અને પોતાના ચારે દીકરાઓના નામ અબ્દે મુનાફ, અબ્દુલ ઉઝઝા, અબ્દે કુશય અને અબ્દુદ્દાર પાડયા.

૨૦૬. અર્થાત મૂર્તિઓ જેમણે કશું બનાવ્યું નથી.

૨૦૭. આમાં મૂર્તિઓની તુચ્છતા તેમજ શિર્કના બોગસપણાનું બયાન અને મુશ્રિકોની હદ દરજ્જાની અજ્ઞાનતાનું વર્ણન છે. અને બતાડવામાં આવ્યું કે ઈબાદતના લાયક તેજ હોઈ શકે જે ઈબાદત કરનારને

قال الملا ٩ ۲۷۹ الاعراف ٧

وَلَا يَسْتَطِيعُونَ لَهُمْ نَصْرًا وَلَا أَنفُسَهُمْ يَنصُرُونَ ﴿١٩٢﴾
وَإِن تَدْعُوهُمْ إِلَى الْهُدَىٰ لَا يَتَّبِعُوكُمْ سَوَاءٌ
عَلَيْكُمْ أَدَعَوْتُمُوهُمْ أَمْ أَنتُمْ صَامِتُونَ ﴿١٩٣﴾ إِنَّ
الَّذِينَ تَدْعُونَ مِن دُونِ اللَّهِ عِبَادٌ أَمْثَالُكُمْ
فَادْعُوهُمْ فَلْيَسْتَجِيبُوا لَكُمْ إِن كُنتُمْ صَادِقِينَ ﴿١٩٤﴾
أَلَهُمْ أَرْجُلٌ يَمْشُونَ بِهَا أَمْ لَهُمْ أَيْدٍ يَبْطِشُونَ بِهَا
أَمْ لَهُمْ أَعْيُنٌ يُبْصِرُونَ بِهَا أَمْ لَهُمْ آذَانٌ يَسْمَعُونَ
بِهَا قُلِ ادْعُوا شُرَكَاءَكُمْ ثُمَّ كِيدُونِ فَلَا تُنظِرُونِ ﴿١٩٥﴾
إِنَّ وَلِيِّيَ اللَّهُ الَّذِي نَزَّلَ الْكِتَابَ وَهُوَ يَتَوَلَّى
الصَّالِحِينَ ﴿١٩٦﴾ وَالَّذِينَ تَدْعُونَ مِن دُونِهِ لَا
يَسْتَطِيعُونَ نَصْرَكُمْ وَلَا أَنفُسَهُمْ يَنصُرُونَ ﴿١٩٧﴾

અને ન તેઓ તેમને કંઈ મદદ કરી શકે અને ન પોતાની જાતને સહાય કરે[૨૦૭] (૧૯૨) જો તમે તેમને[૨૦૮] રસ્તા તરફ બોલાવો તો તમારી પાછળ આવે નહિ.[૨૦૯] તમારા માટે એક સરખું છે; ચાહે તેમને પોકારો ચાહે ચુપ રહો[૨૧૦] (૧૯૩) બેશક! તેઓ જેમને અલ્લાહ સિવાય પૂજો છો તમારી જેમ બન્દા છે.[૨૧૧] તો તેમને પોકારો, પછી તેઓ તમને જવાબ આપે. જો તમે સાચા હોવ તો (૧૯૪) શું તેમને પગ છે જેનાથી તેઓ ચાલે? અથવા તેમને હાથ છે જેનાથી પકડે? યા તેમને આંખો છે જેનાથી જુએ? અથવા તેમને કાન છે જેનાથી સાંભળે?[૨૧૨] તમે ફરમાવો કે; પોતાના શરીકોને પોકારો અને મને દાવમાં લો અને મને મહેતલ ન આપો[૨૧૩] (૧૯૫) બેશક! મારો વાલી અલ્લાહ છે, જેણે કિતાબ ઉતારી.[૨૧૪] અને તે નેક લોકોને દોસ્ત રાખે છે[૨૧૫] (૧૯૬) અને તેના સિવાય જેને પૂજો છો તે તમારી મદદ કરી શકતા નથી, અને ન તો પોતાની મદદ કરે[૨૧૬] (૧૯૭)

ફાયદો પહોંચાડવા તેમજ તેના નુકસાન તકલીફને દૂર કરવાની શક્તિ ધરાવતો હોય. મુશ્રિકો જે મૂર્તિઓને પૂજે છે તેમની અશક્તિ એટલી હદે છે કે તે કોઈ પણ વસ્તુને બનાવનાર નથી. કોઈ વસ્તુ બનાવનાર તો શું હોતે ખૂદ પોતાના અસ્તિત્વમાં પણ અન્યની સહાયથી નચિંત નથી. પોતે જ સર્જન છે સર્જકની મોહતાજ છે. એનાથી વધીને પરાધિનતા એ છે કે એ કોઈની મદદ કરી શકતી નથી. અને કોઈની મદદ તો શું કરે ખૂદ પોતાની તકલીફ થાય તો દૂર કરી શકે નહિ. કોઈ એમને તોડી નાખે પાડી નાખે ઈચ્છે તે કરે તે એનાથી પોતાનો બચાવ કરી શકતી નથી. એવી પરાધિન અને બિન સત્તાધારી વસ્તુને પૂજવી એ અજ્ઞાનતા છે.

૨૦૮. અર્થાત મૂર્તિઓને.

૨૦૯. કારણ કે તેઓ ન સાંભળી શકે છે, ન સમજી શકે છે.

૨૧૦. તેઓ દરેક રીતે લાચાર છે. એવાઓને પૂજવું અને મઅબૂદ બનાવવું બેખબરી છે.

૨૧૧. અને અલ્લાહની માલિકીના અને તેનાં બનાવેલા, કોઈ પણ રીતે પૂજવા લાયક નથી. છતાં જો તમે એમને મઅબૂદ કહો છો;

૨૧૨. એવું કશું જ નથી. તો પછી પોતાનાથી ઉતરતી કક્ષાની વસ્તુને પૂજીને અપમાનિત શા માટે થાઓ છો.

૨૧૩. **શાને નુઝૂલ :-** સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે જ્યારે મૂર્તિપૂજાને વગોવી અને મૂર્તિઓની લાચારી અને પરાધિનતાનું વર્ણન કર્યું, ત્યારે મુશ્રિકોએ ધમકી આપી અને કહ્યું; મૂર્તિઓને વગોવનાર બર્બાદ થાય છે, આ મૂર્તિઓ તેમનો નાશ કરે છે. ત્યારે આ આયતે કરીમા ઉતરી કે જો મૂર્તિઓમાં

અને જો તમે તેમને માર્ગ તરફ બોલાવો તો સાંભળે નહિ. અને તુ જુએ કે (જાણે) તે તારા તરફ જોઈ રહયાં છે,[૨૧૭] અને (પણ) તેમને કશું જ દેખાતું નથી (૧૯૮) અય મહબૂબ! માફ કરવાનું ધારણ કરો અને ભલાઈનો હુકમ આપો અને જાહિલો સાથે આંખ આડા કાન કરો (૧૯૯) અને અય સાંભળનાર! શયતાન જો તને કોઈ ચુટી ભરે[૨૧૮] તો અલ્લાહની શરણગતી માંગ. બેશક! તે જ સાંભળતો જાણતો છે (૨૦૦) બેશક! તે જેઓ ડર ધરાવનાર છે જ્યારે તેમને કોઈ શયતાની વિચારની ઠોકર વાગે છે (ત્યારે તરત) ચેતી જાય છે (અને) તે જ સમયે તેમની આંખો ઉઘડી જાય છે[૨૧૯] (૨૦૧) અને તે જેઓ શયતાનોના ભાઈ છે.[૨૨૦] શયતાન તેમને ખોટા માર્ગે ખેંચે છે, પછી (ભટકાવવામાં) કમી કરતો નથી (૨૦૨) અને અય મહબૂબ! જ્યારે તમે તેમની પાસે કોઈ આયત ન લાવો ત્યારે કહે છે; તમે આપમેળે કેમ બનાવી કાઢી નહિ? તમે ફરમાવો; હું તો તેને જ અનુસરૂં છું જે મારા રબ તરફથી મારી પાસે વહી થાય છે. આ તો તમારા રબ તરફથી આંખો ખોલવાનું (સાધન) છે, અને મુસલમાનો માટે હિદાયત અને રહમત (૨૦૩) અને જ્યારે કુરઆન પઢાય ત્યારે તેને ધ્યાનપુર્વક સાંભળો અને ચુપ રહો કે (જેથી) તમારા પર રહેમ થાય[૨૨૧] (૨૦૪)



وَإِن تَدْعُوهُمْ إِلَى الْهُدَىٰ لَا يَسْمَعُوا وَتَرَاهُمْ
يَنظُرُونَ إِلَيْكَ وَهُمْ لَا يُبْصِرُونَ ﴿١٩٨﴾ خُذِ الْعَفْوَ
وَأْمُرْ بِالْعُرْفِ وَأَعْرِضْ عَنِ الْجَاهِلِينَ ﴿١٩٩﴾ وَإِمَّا
يَنزَغَنَّكَ مِنَ الشَّيْطَانِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللَّهِ إِنَّهُ
سَمِيعٌ عَلِيمٌ ﴿٢٠٠﴾ إِنَّ الَّذِينَ اتَّقَوْا إِذَا مَسَّهُمْ طَائِفٌ
مِّنَ الشَّيْطَانِ تَذَكَّرُوا فَإِذَا هُم مُّبْصِرُونَ ﴿٢٠١﴾
وَإِخْوَانُهُمْ يَمُدُّونَهُمْ فِي الْغَيِّ ثُمَّ لَا يُقْصِرُونَ ﴿٢٠٢﴾ وَإِذَا
لَمْ تَأْتِهِم بِآيَةٍ قَالُوا لَوْلَا اجْتَبَيْتَهَا قُلْ إِنَّمَا أَتَّبِعُ مَا
يُوحَىٰ إِلَيَّ مِن رَّبِّي هَٰذَا بَصَائِرُ مِن رَّبِّكُمْ
وَهُدًى وَرَحْمَةٌ لِّقَوْمٍ يُؤْمِنُونَ ﴿٢٠٣﴾ وَإِذَا قُرِئَ
الْقُرْآنُ فَاسْتَمِعُوا لَهُ وَأَنصِتُوا لَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿٢٠٤﴾

કંઈક શક્તિ છે એવું ધારતા હોવ તો તેમને પોકારો અને મારું નુકસાન કરવા તેમની સહાય લો, અને તમે પણ જે ચાલબાજી કરી શકતા હોય તે મારી વિરૂદ્ધ કરો, અને એમાં વાર લગાડો નહિ. મને તમારી અને તમારા મઅબૂદોની રજમાત્ર પણ પરવાહ નથી. અને તમે બધા મારૂ કશું બગાડી શકતા નથી.

૨૧૪. અને મારી પાસે વહી મોકલી અને મારી ઈજ્જત કરી.

૨૧૫. અને તેમની દેખરેખ રાખનાર તેમજ મદદગાર છે. તેના પર ભરોસો રાખનારને મુશ્રિકો વિગેરેનો શું ભય. તમે અને તમારા મઅબૂદ મારૂં કશું બગાડી શકતા નથી.

૨૧૬. તો મારૂં શું બગાડી શકવાના હતા.

૨૧૭. કારણ કે મૂર્તિઓના મોઢાં એ રીતનાં બનાવવામાં આવતાં હતાં જાણે કોઈ દેખી રહયું છે.

૨૧૮. કોઈ વસવસો નાખે.

૨૧૯. અને તેઓ એ વસવસાને ખંખેરી નાખે છે. અને અલ્લાહ તરફ ધ્યાન આપે છે.

૨૨૦. અર્થાત કાફિરો.

૨૨૧. **મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે જે વખતે કુરઆન પઢાતું હોય, નમાઝમાં હોય કે નમાઝની બાહર, તે સમયે (તેને) સાંભળવું અને ચુપ રહેવું વાજિબ છે. સહાબાની વધુમતી એ તરફ છે કે આ આયત મૂકતદીને સાંભળવા અને ચુપ રહેવાનો આદેશ આપે છે. અને એક કથન એવું છે કે એમાં ખુત્બો એક ચિત્તે સાંભળવાનો હુકમ છે અને એક કથન એવું છે કે એનાથી ખુત્બા અને નમાઝ બન્નેમાં સાંભળવું અને ચુપ રહેવાનું સાબિત થાય છે.

અને પોતાના રબને પોતાના દિલમાં યાદ કરો[૨૨૨] રડીને અને ડરીને. અને અવાજ કર્યા વગર જબાનથી, સવાર અને સાંજ,[૨૨૩] અને ભૂલી ગએલાઓમાં થશો નહિ (૨૦૫) બેશક! જેઓ તારા રબની નજીક છે[૨૨૪] (તેઓ) તેની ઈબાદતથી (દૂર ભાગીને) ઘમંડ કરતા નથી. અને તેની પવિત્રતા વર્ણવે છે અને તેને જ સજદો કરે છે.[૨૨૫] (૨૦૬)

**અલ્લાહના નામથી શુરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો (છે)[૨૨૬]**

અય મહબૂબ! તમને ગનીમતોના માલ બાબત પૂછે છે?[૨૨૭] તમે કહો; ગનીમતોના માલિક અલ્લાહ અને રસૂલ છે[૨૨૮] તો અલ્લાહથી ડરો[૨૨૯] અને તમારા પોતાનામાં મેળમિલાપ રાખો. તેમજ અલ્લાહ અને રસૂલનો હુકમ માનો. જો ઈમાન ધરાવતા હોવ (તો) (૧) ઈમાનવાળા તે જ છે કે જ્યારે અલ્લાહને યાદ કરવામાં આવે[૨૩૦] (ત્યારે) તેમના હૃદયો ડરી જાય અને જ્યારે તેમની પાસે તેની આયતો પઢવામાં આવે (ત્યારે) તેમનું ઈમાન પ્રગતિ પામે, અને



وَاذْكُرْ رَّبَّكَ فِىْ نَفْسِكَ تَضَرُّعًا وَّخِيْفَةً وَّدُوْنَ
الْجَهْرِ مِنَ الْقَوْلِ بِالْغُدُوِّ وَالْاٰصَالِ وَلَا تَكُنْ مِّنَ
الْغٰفِلِيْنَ ﴿٢٠٥﴾ اِنَّ الَّذِيْنَ عِنْدَ رَبِّكَ لَا يَسْتَكْبِرُوْنَ
عَنْ عِبَادَتِهٖ وَيُسَبِّحُوْنَهٗ وَلَهٗ يَسْجُدُوْنَ ﴿٢٠٦﴾ ۩

سُوْرَةُ الْاَنْفَالِ مَدَنِيَّةٌ وَّهِىَ خَمْسٌ وَّسَبْعُوْنَ اٰيَةً وَّعَشْرُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَنْفَالِ ؕ قُلِ الْاَنْفَالُ لِلّٰهِ
وَالرَّسُوْلِ ۚ فَاتَّقُوا اللّٰهَ وَاَصْلِحُوْا ذَاتَ بَيْنِكُمْ ۠
وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗۤ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١﴾ اِنَّمَا
الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ
وَاِذَا تُلِيَتْ عَلَيْهِمْ اٰيٰتُهٗ زَادَتْهُمْ اِيْمَانًا وَّعَلٰى

منزل ٢

હઝરત ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂની હદીષમાં છે કે આપે અમુક લોકો વિષે સાંભળ્યું કે તેઓ ઈમામની પાછળ પઢે છે. ત્યારે નમાઝથી પરવારીને કહ્યું કે, શું હજી સમય આવ્યો નથી કે તમે આ આયતનો અર્થ સમજો? મતલબ કે આયતથી ઈમામની પાછળ (કુરઆન) પઢવાની મનાઈ સાબિત થાય છે. અને (બીજી) કોઈ હદીષ એવી નથી જેને આની સામે દલીલ તરીકે રજુ કરી શકાય. ઈમામ પાછળ પઢવાનું જાઈઝ હોવાના ટેકામાં સહુથી વધારે જે હદીષ પર આધાર રાખવામાં આવે છે તે આ છે; "લા સલાત ઈલ્લા બિફાતિહતિલ કિતાબ" (સૂરએ ફાતેહા પઢયા વગર નમાઝ થતી નથી) પરંતુ આ હદીષથી ઈમામની પાછળ પઢવું વાજિબ છે એવું સાબિત થતું નથી. ફકત એટલું જ સાબિત થાય છે કે સૂરએ ફાતેહા વગર નમાઝ સંપૂર્ણ થતી નથી અને જ્યારે "કિર્અતુલ ઈમામે લહુ કિરઅતુન" (ઈમામનું પઢવું એ મૂકતદીનું પઢવું છે) વાળી હદીષથી સાબિત છે કે ઈમામનું પઢવું એ જ મૂકતદીનું પઢવું છે, તો જ્યારે ઈમામ પઢયો અને મૂકતદી ચુપ રહયો તો મૂકતદી પરોક્ષ રીતે પઢયો એવું ગણાય. તેની નમાઝ (સૂરએ ફાતેહા) પઢયા વગરની ક્યાં રહી? આ પરોક્ષ રીતે પઢવાનું ગણાય. માટે ઈમામની પાછળ નહિ પઢવાથી કુરઆન અને હદીષ બન્ને પર અમલ થાય છે. અને ઈમામની પાછળ પઢવાથી આયતનો આદેશ પળાતો નથી. માટે જરૂરી છે કે ઈમામની પાછળ સૂરએ ફાતેહા વિગેરે કશું પઢે નહિ.

૨૨૨. ઉપરની આયત પછી આ આયત જોવાથી જણાઈ આવે છે કે કુરઆન શરીફ સાંભળનારને ચુપ રહેવું અને અવાજ કર્યા વગર મનમાં ઝિક્ર કરવું, અર્થાત અલ્લાહની અઝમત (મેહાનતા) અને જલાલ (દબદબા)ને લક્ષમાં રાખવો અનિવાર્ય છે. (તફસીર ઈબ્ને જરીર)

رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ۝٢ الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا
رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۝٣ اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا
لَهُمْ دَرَجٰتٌ عِنْدَ رَبِّهِمْ وَمَغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ۝٤
كَمَآ اَخْرَجَكَ رَبُّكَ مِنْۢ بَيْتِكَ بِالْحَقِّ وَاِنَّ
فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ ۝٥ يُجَادِلُوْنَكَ فِى
الْحَقِّ بَعْدَ مَا تَبَيَّنَ كَاَنَّمَا يُسَاقُوْنَ اِلَى الْمَوْتِ منزل ٢
وَهُمْ يَنْظُرُوْنَ ۝٦ وَاِذْ يَعِدُكُمُ اللّٰهُ اِحْدَى الطَّآئِفَتَيْنِ
اَنَّهَا لَكُمْ وَتَوَدُّوْنَ اَنَّ غَيْرَ ذَاتِ الشَّوْكَةِ تَكُوْنُ
لَكُمْ وَيُرِيْدُ اللّٰهُ اَنْ يُّحِقَّ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَيَقْطَعَ
دَابِرَ الْكٰفِرِيْنَ ۝٧ لِيُحِقَّ الْحَقَّ وَيُبْطِلَ الْبَاطِلَ وَلَوْ
كَرِهَ الْمُجْرِمُوْنَ ۝٨ اِذْ تَسْتَغِيْثُوْنَ رَبَّكُمْ فَاسْتَجَابَ

પોતાના રબ પર જ ભરોસો રાખે[૨૩૧] (૨) તે જેઓ નમાઝ કાયમ રાખે અને અમારા આપેલામાંથી થોડું અમારા માર્ગમાં વાપરે (૩) એ જ સાચા મુસલમાન છે. એમના માટે એમના રબની પાસે પદવીઓ છે,[૨૩૨] અને માફી અને આબરૂની રોઝી (પણ) છે[૨૩૩] (૪) જેવી રીતે અય મહબૂબ! તમને તમારા રબે તમારા ઘરમાંથી સત્ય સાથે કૂચ કરાવી.[૨૩૪] અને બેશક! મુસલમાનોનો એક વર્ગ એનાથી રાજી ન હતો[૨૩૫] (૫) સાચી વાતમાં તમારી સાથે ઝઘડતા હતા[૨૩૬] તેના જાહેર થયા પછી.[૨૩૭] જાણે કે તેમને હાંકવામાં આવે છે નજરે દેખાતા મૃત્યુ તરફ[૨૩૮] (૬) અને યાદ કરો જ્યારે અલ્લાહે તમને વચન આપ્યું હતું કે, એ બે ટોળીઓમાં[૨૩૯] એક તમારા માટે છે. અને તમે એવું ઈચ્છતા હતા કે તમને તે મળે જેમાં કાંટા (ની પણ) બીક હોય નહિ.[૨૪૦] અને અલ્લાહ એ ઈચ્છતો હતો કે પોતાના કલામથી સત્યને સત્ય કરી બતાવે[૨૪૧] અને કાફિરોના મૂળ ખોદી નાખે[૨૪૨] (૭) કે સત્ય ને સત્ય કરે અને જૂઠ ને જૂઠું.[૨૪૩] ભલે ગુનેહગારો બુરૂં માન્યા કરે (૮) જ્યારે તમે પોતાના રબને ફરિયાદ કરતા હતા;[૨૪૪] તો

આનાથી ઈમામની પાછળ અવાજ કાઢીને કે મનમાં, બન્ને રીતે પઢવાની મનાઈ સાબિત થાય છે. અને મનમાં અઝમત અને જલાલ લક્ષમાં રાખવું એ ઝિક્રે કલ્બી (મનોમનં યાદ) છે.

જોરથી ઝિક્ર કરવું અને મનમાં ઝિક્ર કરવું, બન્ને વિષે ફરમાનો આવેલાં છે. જે વ્યક્તિને જે પ્રકારના ઝિક્રમાં શોખ અને લિજ્જત પુરેપુરાં મળે અને સંપૂર્ણ નિખાલસતા પ્રાપ્ત થાય તેના માટે તે ઝિક્ર જ ઉત્તમ છે. (રદદુલ મુહતાર)

૨૨૩. સાંજે એ અસર અને મગરિબની વચમાંનો સમય છે, એ બન્ને સમયોમાં ઝિક્ર અફઝલ છે. કારણ કે ફજરની નમાઝ પછી સૂર્યોદય સુધી અને અસર પછી સૂર્યાસ્ત સુધી નમાઝની મનાઈ છે. તેથી એ સમયોમાં ઝિક્ર મુસ્તહબ કર્યું. જેથી બન્દાના બધા સમય ઈબાદત અને ફરમાંબરદારીમાં પસાર થાય.

૨૨૪. અર્થાત ફરિશ્તાઓ.

૨૨૫. આ આયત સિજદાની આયતોમાંની છે. એને પઢનાર અને સાંભળનાર બન્ને પર સિજદો વાજિબ થાય છે. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે, જ્યારે માણસ સિજદાની આયત પઢીને સિજદો કરે છે ત્યારે શયતાન રડે છે, અને કહે છે; ''અફસોસ! આદમના વંશજોને સિજદાનો હુકમ અપાયો તો તેઓ સિજદો કરીને જન્નતી બન્યા અને મને સિજદાનો હુકમ કરાયો તો હું ઈન્કાર કરીને જહન્નમી બન્યો.''

૨૨૬. આ સૂરત મદની છે. સાત આયતો સિવાય જે મક્કામાં શરીફમાં ઉતરી અને વયમકુરૂ બિલ્લ-ઝીન્ થી શરૂ થાય છે. એમાં ૭૫ આયતો, ૧૦૭૫ વાક્યો અને ૫૦૮૦ અક્ષરો છે.

૨૨૭. શાને નુઝૂલ :- હઝરત ઉબાદા બિન સાબિત રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે; આ આયત અમે

બદ્રવાળાઓ માટે ઉતરી, જ્યારે ગનીમત (લડાઈમાંથી હાથ લાગેલો માલ) બાબત અમારી વચમાં મતભેદ પડયો, અને કુંચવાટ પેદા થયો. ત્યારે અલ્લાહ તઆલાએ મામલો અમારા હાથમાંથી લઈને પોતાના રસૂલ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સોંપી દીધો. આપે એ માલ ન્યાયી રીતે વહેંચી દીધો.

૨૨૮. જેવી રીતે ઈચ્છે તેવી રીતે વહેંચે.

૨૨૯. અને અંદરો અંદર મતભેદ ન થવા દો.

૨૩૦. તો તેની મહાનતા અને દબદબાના કારણે;

૨૩૧. અને પોતાના દરેક કામ તેના હવાલે કરી આપે.

૨૩૨. તેમના આમાલ (કર્મો) અનુસાર, કારણ કે મો'મિનોની હાલત એ ગુણોમાં અલગ અલગ છે માટે તેમના મરતબાઓમાં પણ ફેર છે.

૨૩૩. જે હમેશાં આબરૂ સહિત મહેનત અને દુઃખ વેઠયા વગર આપવામા આવે.

૨૩૪. અર્થાત મદીના શરીફથી બદ્ર તરફ.

૨૩૫. કારણ કે તેઓ જોઈ રહયા હતા કે તેમની સંખ્યા થોડી છે, હથિયારો ઓછાં છે. શત્રુની સંખ્યા પણ મોટી છે અને હથિયારોનો પણ મોટો ભંડાર ધરાવે છે.

બનાવનું ટૂંકમાં વર્ણન એવું છે કે; અબૂ સુફિયાન સિરીયાથી એક કાફલા સાથે આવતો હોવાના સમાચાર સાંભળીને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ તેના મૂકાબલા માટે પોતાના અસ્હાબ સાથે રવાના થયા. જ્યારે તે કાફલાની મદદ માટે અબૂ જહલ એક મોટું સૈન્ય લઈને રવાના થયો. પણ અબૂ સુફિયાને મુખ્ય માર્ગ છોડીને દરિયા કાંઠેના માર્ગે ચાલતી પકડી. અબૂ જહલને તેના સાથીદારોએ કહ્યું કે; કાફલો તો બચી ગયો. હવે મક્કા પાછા ચાલો. ત્યારે તેણે ઈન્કાર કર્યો, અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે યુદ્ધ કરવા બદ્ર તરફ ચાલી નીકળ્યો. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે પોતાના અસ્હાબ સાથે મંત્રણા કરી, અને ફરમાવ્યું કે, મને મારા પરવરદિગારે વાયદો આપ્યો છે કે અલ્લાહ તઆલા કાફિરોના બે ટોળામાંથી ગમે તે એક પર મુસલમાનોને વિજયી બનાવશે. કાફલો હોય કે કુરેશનું લશ્કર. સહાબાએ એમાં અનુમોદન આપ્યું. પરંતુ અમુકે કહ્યું કે; આપણે એવી તૈયારી સાથે ચાલ્યા નથી, ન તો આપણી સંખ્યા એટલી છે, ન તો હથિયારોની સામગ્રી આપણી પાસે છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને આ વાત ગમી નહિ. હુઝૂરે ફરમાવ્યું; કાફિલો તો દરિયા તરફ ચાલતો થયો અને અબૂ જહલ સામે આવી રહ્યો છે. ત્યારે તે લોકોએ કહ્યું કે; યા રસૂલલ્લાહ! કાફલાનો જ પીછો પકડો અને શત્રુના સૈન્યને જતુ કરો. આ વાત હુઝૂરને ગમી નહિ. ત્યારે હઝરત સિદ્દીકે અકબર, હઝરત ઉમર, વિગેરે સહાબા રદીયલ્લાહુ અન્હૂમા ઉભા થઈને પોતાની નિખાલસતા આજ્ઞાપાલન અને હુઝૂરની ખુશીમાં ખુશ હોવાનું એલાન કર્યું. અને ખૂબ મજબૂતી અને મક્કમતાથી વિનંતી કરી કે તેઓ મરજી મુબારક વિરૂદ્ધ જરા પણ સુસ્તી કરનાર નથી. પછી બીજા સહાબાઓએ પણ વિનંતી કરી કે; હુઝૂરને અલ્લાહે જે હુકમ ફરમાવ્યો હોય તે પ્રમાણે આગળ વધે, અમો સાથે છીએ, કદી પીછેહઠ કરીશું નહિ, અમે આપના પર ઈમાન લાવ્યા આપની સત્યતા સ્વીકારી, અમે આપને અનુસરવાનાં વચન આપ્યાં છે. અમને આપના હુકમ મુજબ દરિયામાં કૂદી પડવા સામે પણ વાંધો નથી. હુઝૂરે ફરમાવ્યું; ચાલો અલ્લાહની બરકત પર વિશ્વાસ રાખો. તેણે મારી સાથે વાયદો કર્યો છે, હું તમને ખુશ ખબર આપું છું, મને દુશ્મનોની નીચે પડવાની જગ્યાઓ દેખાઈ રહી છે. અને હુઝૂરે દુશ્મનોની પડવાની જગ્યાઓ નામવર દેખાડી આપી. અને દરેક જગ્યાઓ પર નિશાની પાડી દીધી. અને એ મો'જિઝો

قال الملأ ٩ ٢٨٣ الانفال ٨

لكم اني ممدكم بالف من الملئكة مردفين ۝٩
وما جعله الله الا بشرى ولتطمئن به قلوبكم
وما النصر الا من عند الله ان الله عزيز
حكيم ۝١٠ اذ يغشيكم النعاس امنة منه وينزل
عليكم من السماء ماء ليطهركم به ويذهب
عنكم رجز الشيطن وليربط على قلوبكم و
يثبت به الاقدام ۝١١ اذ يوحي ربك الى
الملئكة اني معكم فثبتوا الذين امنوا
سالقي في قلوب الذين كفروا الرعب
فاضربوا فوق الاعناق واضربوا منهم كل بنان ۝١٢
ذلك بانهم شاقوا الله ورسوله ومن

તેણે તમારૂં સાંભળ્યું; કે હું તમને મદદ કરનાર છું હજાર ફરિશ્તાઓની લાઈન વડે[૨૪૫] (૯) અને આ તો અલ્લાહે કર્યું માત્ર તમને ખુશ કરવા. અને એટલા માટે કે તમારાં હૃદયો રાહત પામે. અને મદદ માત્ર અલ્લાહ તરફથી જ છે[૨૪૬] બેશક! અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૧૦) જ્યારે તેણે તમને ઘેન વડે ઘેરી દીધા તો (એમાં) તેના તરફથી રાહત હતી[૨૪૭] અને આકાશમાંથી તમારા પર પાણી ઉતાર્યું જેથી તમને એના વડે ચોખ્ખા કરી દે, અને શયતાનની નાપાકી તમારાથી દૂર કરી દે, અને તમારા હૃદયોને શાંત્વન આપે. અને એવી રીતે તમારા પગ જમાવી આપે[૨૪૮] (૧૧) જ્યારે અય મહબૂબ! તમારો રબ ફરિશ્તાઓને વહી મોકલતો હતો કે; "હું તમારી સાથે છું તમે મુસલમાનોને અડગ રાખો.[૨૪૯] તુરતમાં જ હું કાફિરોના દિલોમાં ભય જન્માવીશ, માટે કાફિરોને બોચી ઉપર મારો. અને તેમના એક એક બેડકાં પર વાર કરો"[૨૫૦] (૧૨) આ એટલા માટે કે તેમણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો. અને જે અલ્લાહ અને તેના

જોવામાં આવ્યો કે તેમાંથી જે મરીને પડયો તો તે નિશાની પર જ પડયો. તેનાથી આગળ પાછળ થયો નહિ.

૨૩૬. અને કહેતા હતા કે અમને તો કુરેશના લશ્કરની માહિતી જ હતી નહિ, કે જેથી અમે તેમના મૂકાબલાની તૈયારી કરીને નીકળત.

૨૩૭. એ વાત કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ જે કંઈ કરે છે તે અલ્લાહનો હુકમ મેળવીને કરે છે, અને આપે એલાન કરી આપ્યું છે કે મુસલમાનોને ગૈબી મદદ મળશે.

૨૩૮. અર્થાત કુરેશી સૈન્ય સાથે મૂકાબલો તેમને એવો ભયાનક લાગે છે.

૨૩૯. અર્થાત અબૂ સુફયાનનો કાફલો અને અબૂ જહલનું સૈન્ય.

૨૪૦. અર્થાત અબૂ સુફયાનનો કાફલો.

૨૪૧. સત્ય ધર્મને વિજય આપે તેને ઉચ્ચતમ બનાવે.

૨૪૨. અને તેમનો એ રીતે સર્વનાશ કરે કે તેમાંથી કોઈ બાકી રહે નહિ.

૨૪૩. અર્થાત ઈસ્લામને દિવ્યતા અને અડગતા આપે અને કુફ્રનો નાશ.

**૨૪૪. શાને નુઝૂલ** :- મુસ્લિમ શરીફની હદીષમાં છે કે બદ્રના દિવસે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે મુશરિકોને જોયા કે હજારની સંખ્યામાં છે, અને આપના અસ્હાબ ત્રણસો દશ થી અમુક વધારે. ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે કિબલા તરફ મોઢું કરી પોતાના બરકતવંત હાથ પહોળા કરી પોતાના પરવરદિગાર પાસે એવી દુઆ કરવા મંડયા કે; અય અલ્લાહ! તેં મને જે વચન આપ્યું છે તે પુરૂં કર. અય રબ! તેં મને જે વાયદો કર્યો છે તે આપ. અય અલ્લાહ! જો તુ આ ઈમાનવાળાઓની આ જમાતનો નાશ

રસૂલનો વિરોધ કરે તોબેશક! (તેના માટે) અલ્લાહનો કોપ સખ્ત છે (૧૩) આ તો ચાખો[૨૫૧] અને એની સાથે એ (પણ) છે કે કાફિરો માટે આગનો અઝાબ છે[૨૫૨] (૧૪) અય ઈમાનવાળાઓ! જ્યારે કાફિરોના મોર્ચા સાથે તમારો સામનો થાય ત્યારે પીઠ ન ફેરવો[૨૫૩] (૧૫) અને જે તે દિવસે તેમને પીઠ દેખાડશે સિવાય કે યુદ્ધનો દાવ પેચ કરવા અથવા પોતાના જુથમાં જઈ ભળવાતો તે અલ્લાહના ગઝબમાં પાછો ફર્યો. અને (તે) પરત થવાની કેટલી ખરાબ જગ્યા (છે)[૨૫૪] (૧૬) તો તમે તેમને કતલ નથી કર્યા પરંતુ અલ્લાહે[૨૫૫] તેમને કતલ કર્યા. અને અય મહબૂબ! પેલી માટી જે તમે ફેંકી (તે) તમે નથી ફેંકી પરંતુ અલ્લાહે ફેંકી હતી. અને (એ) એટલા માટે કે મુસલમાનોને એનાથી સારૂં ઈનામ આપે. બેશક! અલ્લાહ સાંભળતો જાણતો છે (૧૭) આ[૨૫૬] તો લો! અને એની સાથે (વિશેષ) એ છે કે અલ્લાહ કાફિ-રોની ચાલબાજી ઢીલી કરનાર છે (૧૮) અય કાફિરો! જો તમે ફેંસલો (જ) માંગતા હોય તો એ ફેંસલો તમારા પર

الانفال ٨ ٢٨٤ قال الملأ ٩

يُّشَاقِقِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿١٣﴾
ذٰلِكُمْ فَذُوْقُوْهُ وَاَنَّ لِلْكٰفِرِيْنَ عَذَابَ النَّارِ ﴿١٤﴾
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا
زَحْفًا فَلَا تُوَلُّوْهُمُ الْاَدْبَارَ ﴿١٥﴾ وَمَنْ يُّوَلِّهِمْ
يَوْمَئِذٍ دُبُرَهٗۤ اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوْ مُتَحَيِّزًا اِلٰى
فِئَةٍ فَقَدْ بَآءَ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ
وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٦﴾ فَلَمْ تَقْتُلُوْهُمْ وَلٰكِنَّ اللّٰهَ قَتَلَهُمْ
وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى ۚ وَلِيُبْلِيَ
الْمُؤْمِنِيْنَ مِنْهُ بَلَآءً حَسَنًا ۚ اِنَّ اللّٰهَ سَمِيْعٌ
عَلِيْمٌ ﴿١٧﴾ ذٰلِكُمْ وَاَنَّ اللّٰهَ مُوْهِنُ كَيْدِ الْكٰفِرِيْنَ ﴿١٨﴾
اِنْ تَسْتَفْتِحُوْا فَقَدْ جَآءَكُمُ الْفَتْحُ ۚ وَاِنْ تَنْتَهُوْا

કરીશ તો ધરતી પર તારી ઈબાદત નહિ થાય..

હુઝૂર એવી રીતે દુઆ કરતા જ રહયા, એટલે સુધી કે ખભા મુબારક પરથી ચાદર શરીફ સરકી પડી. ત્યારે હઝરત અબૂ બક્ર રદીયલ્લલ્લાહુ અન્હૂએ આવીને ચાદર ખભા મુબારક પર ઓઢાડી અને વિનંતી કરી; યા રસૂલલ્લાહ! આપની વિનવણી આપના રબને પુરતી થઈ ગઈ, તે ખૂબ જલ્દી પોતાનો વાયદો પુરો કરશે. ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૨૪૫. જેમકે પ્રથમ હજાર ફરિશ્તા આવ્યા, પછી ત્રણ હજાર, અને પછી પાંચ હજાર. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે, મુસલમાન તે દિવસે કાફિરોનો પીછો પકડતા હતા અને કાફિર મુસલમાનની આગળ આગળ ભાગતો હતો. અચાનક ઉપરથી કોરડાનો અવાજ સાંભળતો અને અસ્વારનો અવાજ પણ આવતો કે 'ઈકદમ યા હીઝુમ' અર્થાત અય હીઝુમ આગળ વધ (હીઝુમ હઝરત જિબ્રઈલના ઘોડાનું નામ છે) અને પછી દેખાતું કે કાફિર નીચે પડયો અને મરી ગયો. તેનું નાક તલવારથી ઉડાવી દેવાયું છે અને તેનું મોઢું ઝખ્મી થએલું છે. સહાબાએ હુઝૂરને પોતાના આ આંખે દેખ્યા હેવાલ કહ્યા ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે; એ ત્રીજા આસ્માનની મદદ છે. અબૂ જહલે ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂએ પૂછ્યુ કે; 'વાર કંઈ તરફથી થતા હતા? અમને તો કોઈ મારનાર દેખાતું ન હતું!' તેમણે કહ્યું 'ફરીશ્તાઓ તરફથી' ત્યારે કહેવા લાગ્યો કે; 'પછી તો તે જ જીત્યા, તમે તો નથી જીત્યા'.

૨૪૬. તો બન્દાએ તેના પર જ વિશ્વાસ ધરાવવો જોઈએ. પોતાની તાકાત શક્તિ તેમજ સાધનો તેમજ સંખ્યાબળ પર ઘમંડ કરે નહિ.

૨૪૭. હઝરત ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે; ઘેન જો યુદ્ધમાં હોય તો શાંતિ કહેવાય અને એને અલ્લાહ તરફથી જાણવું અને નમાઝમાં હોય તો એ શયતાન તરફથી છે. યુદ્ધમાં ઘેનનું શાંતિ હોવું એ રીતે છે કે જેને જીવનો ભય હોય તેને ઊંઘ અને ઘેન ચઢતાં નથી, તે ખતરામાં અને પરેશાનીમાં હોય છે. સખ્ત સંકટ સમયે ઘેન ચઢવું શાંતિ પ્રાપ્ત થવાની અને ભય ટળવાની દલીલ છે.

અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે જ્યારે મુસલમાનોને દુશ્મનોની મોટી સંખ્યા તેમજ મુસલમાનોની જૂજ ગણત્રીના લીધે જીવ (જવાનો) ભય લાગ્યો, અને ખૂબ તરસ લાગી, ત્યારે તેમને ઘેન ચઢાવી દેવામાં આવ્યું. જેનાથી તેમને રાહત મળી, અને થાક તેમજ તરસ દૂર થયા. અને તેઓ શત્રુ સાથે યુદ્ધ કરવા શક્તિમાન થયા. આ ઘેન તેમના માટે ન્યામત હતું. અને એકી સાથે બધાને ચઢયું હતું. અનેક લોકોને ભય સમયે એકીસાથે ઘેન ચઢવું એ માનવ પ્રકૃતિ વિરૂદ્ધ છે. તેથી જ અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું છે કે એ ઘેન મો'જિઝા હતું. (ખાઝિન)

૨૪૮. બદ્રના દિવસે મુસલમાનોએ રેતાળ પ્રદેશમાં પડાવ નાખ્યો. તેમના અને તેમના જાનવરોના પગ રેતીમાં ખુંપી જતા હતા. અને મુશ્રિકો તેમનાથી પહેલાં (આવીને) પાણીવાળી જગ્યાએ કબ્જો જમાવી ચૂક્યા હતા. સહાબામાં અમુકને વુઝૂની અને અમુકને ગુસ્લની જરૂર હતી, તેમજ તરસ પણ સખત લાગી હતી. શયતાને વસવસો નાખ્યો કે; તમે એવું સમજો છો કે તમે સત્ય પર છો? તમારામાં અલ્લાહના નબી છે? અને તમે અલ્લાહવાળા છો? અને પરિસ્થિતિ તો એવી છે કે મુશ્રિકો આગળ વધીને પાણી સુધી પહોંચી ગયા અને તમે વુઝૂ ગુસ્લ વગર નમાઝો પઢો છો. તો તમને દુશ્મન પર વિજય થવાની આશા કેવી રીતે છે?

ત્યારે અલ્લાહ તઆલાએ વરસાદ મોકલ્યો, જેનાથી જંગલમાં પાણી જ પાણી થયું. મુસલમાનોએ તેમાંથી પીધું, વુઝૂ અને ગુસ્લ કર્યાં, પોતાના જાનવરોને પાયું, પોતાનાં વાસણો ભરી લીધાં, ધુળ બેસી ગઈ અને જમીન એવી બની ગઈ કે તેના પર પગ ઠરી શકે. અને શયતાનનો વસવસો નાબૂદ થયો, સહાબાના દિલો આનંદિત બન્યાં. અને એ ન્યામત વિજય પ્રાપ્તની દલીલ બની.

૨૪૯. તેમની મદદ કરીને અને તેમને (વિજયની) ખુશ ખબર સંભળાવીને.

૨૫૦. અબૂ દાઊદ માઝાની કે જેઓ બદ્રના યુદ્ધમાં હાજર હતા તેઓ કહે છે; હું એક મુશ્રિકનું માથુ કાપવા તેની પાછળ દોડયો, પણ તેનું માથું મારી તલવાર પહોંચતા પહેલાં કપાઈને પડયું. ત્યારે મેં જાણી લીધું કે તેને બીજા કોઈએ કત્લ કર્યો છે. સહલ ઈબ્ને હનીફ કહે છે કે; બદ્રના દિવસે અમારામાંથી કોઈ તલવાર વડે વાર કરતો પણ તેની તલવાર પહોંચતા પહેલાં મુશરિકનું માથું કપાઈને ગબડી પડતું.

હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે મુઠ્ઠીમાં થોડા કાંકરા લઈને કાફિરો પર નાંખ્યા તો કોઈ કાફિર એવો હતો નહિ જેની આંખમાં એમાંનું થોડું પડયું ન હોય. બદ્રનો આ બનાવ ૧૭ રમઝાન, જુમ્અહની સવારે ૨ હિ. સ. માં બન્યો હતો.

૨૫૧. જે બદ્રમાં મળ્યો. કે કાફિરો કત્લ થયા અને કેદ પકડાયા. આ તો દુનિયાનો કોપ છે.

૨૫૨. આખિરતમાં.

૨૫૩. અર્થાત કાફિરો તમારાથી વધારે હોય તો પણ તેમનાથી ભાગી ન છૂટો.

૨૫૪. અર્થાત મુસલમાનોમાંથી જે યુદ્ધ સમયે કાફિરો સામેથી ભાગ્યો તે અલ્લાહના ગઝબમાં સપડાયો. તેનું ઠેકાણું દોઝખ છે. સિવાય કે બે જાતની પરિસ્થિતિમાં, એક તો એ કે લડાઈનું દાવપેચ રમવા પાછળ હઠયો હોય, તેને પીઠ દેખાડનાર કે ભાગનાર કહેવાય નહિ. બીજુ પોતાના જુથમાં જોડાવા પાછળ

فهو خير لكم وان تعودوا نعد ولن تغني
عنكم فئتكم شيئا ولو كثرت وان الله مع
المؤمنين ﴿١٩﴾ يايها الذين امنوا اطيعوا الله
ورسوله ولا تولوا عنه وانتم تسمعون ﴿٢٠﴾ ولا
تكونوا كالذين قالوا سمعنا وهم لا يسمعون ﴿٢١﴾
ان شر الدواب عند الله الصم البكم الذين
لا يعقلون ﴿٢٢﴾ ولو علم الله فيهم خيرا لاسمعهم
ولو اسمعهم لتولوا وهم معرضون ﴿٢٣﴾ يايها الذين
امنوا استجيبوا لله وللرسول اذا دعاكم لما يحييكم
واعلموا ان الله يحول بين المرء وقلبه وانه اليه
تحشرون ﴿٢٤﴾ واتقوا فتنة لا تصيبن الذين

આવી ચૂક્યો.[૨૫૭] અને જો અટકી જાવ[૨૫૮] તો (એમાં) તમારૂં ભલું છે. અને જો તમે ફરી અવળચંડાઈ કરશો તો અમે ફરી સજા કરીશું. અને તમારૂં ટોળું તમને કંઈક કામ નહિ લાગે. ગમે તેટલું મોટું હોય, અને એની સાથે (સાચી વાત) તો એ છે કે અલ્લાહ મુસલમાનો સાથે છે (૧૯) અય ઈમાનવાળાઓ! હુકમ માનો અલ્લાહ અને તેના રસૂલનો[૨૫૯] અને સાંભળી સાંભળીને તેનાથી ફરી જાઓ નહિ (૨૦) અને તેમની જેવા થશો નહિ જેમણે કહ્યું; 'અમે સાંભળ્યું' અને તેઓ સાંભળતા નથી[૨૬૦] (૨૧) બેશક! બધાં જાનવરોમાં ખરાબ અલ્લાહ પાસે તે છે જે બહેરા અને ગુંગા છે, જેમને બુદ્ધિ નથી[૨૬૧] (૨૨) અને અલ્લાહ તેમનામાં જો કંઈક ભલાઈ[૨૬૨] દેખત તો તેમને તો સાંભળતાં કરત. અને જો[૨૬૩] સાંભળતાં કરત તો પણ છેવટે મોઢું ફેરવીને નાસી છુટત[૨૬૪] (૨૩) અય ઈમાન-વાળાઓ! અલ્લાહ અને રસૂલ ના બોલાવવા પર હાજર થઈ જાવ.[૨૬૫] જ્યારે રસૂલ તમને જીવન આપનાર વસ્તુ[૨૬૬] તરફ બોલાવે. અને જાણી લો કે અલ્લાહનો હુકમ આડો આવી જાય છે માનવી અને તેના દિલી ઈરાદાઓ વચ્ચે. અને એ કે તમારે તેના પ્રતિ ઉઠવાનું છે (૨૪) અને તે ફિત્નાથી ડરતા રહો જે માત્ર તમારામાંથી જાલિમોને જ

હઠયો હોય, તો પણ ભાગનારો કહેવાય નહિ.

૨૫૫. **શાને નુઝૂલ** :- જ્યારે મુસલમાનો બદ્રના યુદ્ધમાંથી પરત થયા ત્યારે તેમનામાંનો એક કહેતો કે મેં ફલાણાને કત્લ કર્યો, બીજો કહેતો કે મેં ફલાણાને મારી નાખ્યો. તે બાબત આ આયત ઉતરી કે એ કતલને પોતાની તાકાત અને કુવ્વત સાથે સંબંધિત કરો નહિ, કારણ કે એ વાસ્તવમાં અલ્લાહની ઈમદાદ અને તેનું પીઠબળ અને ટેકો છે.

૨૫૬. વિજય અને જીત.

૨૫૭. **શાને નુઝૂલ** :- આ સંબોધન મુશ્રિકોને કરાયું છે. જેમણે બદ્રમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે લડાઈ કરી, અને તેમનામાંના અબૂ જહલે એવી દુઆ કરી કે; 'અય અલ્લાહ! તારી દ્રષ્ટિએ હું અને મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) માં જે સારો હોય તેની મદદ કર, અને જે ખરાબ હોય તેને મુસીબતોમાં સપડાવ.'

અને એક રિવાયતમાં છે કે મુશ્રિકોએ બદ્રમાં રવાના થતી વખતે મક્કા શરીફમાં કા'બા મુઅઝ્ઝમાના પર્દાઓ સાથે વળગીને એવી દુઆ માંગી હતી કે; 'અય પરવરદિગાર! જો મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) સત્ય પર હોય તો તેમની મદદ કર, અને અમે સત્ય પર હોય તો અમારી મદદ કર. તે બાબત આ આયત ઉતરી કે જે ફેંસલો તમે ઈચ્છયો હતો તે કરી દેવામાં આવ્યો. અને જે લોકો સત્ય પર હતા તેમને વિજય આપવામાં આવ્યો, આ તમારો માંગેલો ફેંસલો છે હવે તો એમના માંગેલા આકાશી ફેંસલાથી પણ ઈસ્લામની સત્યતા જાહેર થઈ, અબૂ જહલ પણ આ લડાઈમાં અપમાનિત થઈને મરાયો. અને તેનુ માથુ

હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સમક્ષ હાજર કરવામાં આવ્યું.

૨૫૮. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે દુશ્મની કરવાથી અને હુઝૂર સાથે લડાઈ કરવાથી;

૨૫૯. કારણ કે રસૂલનું આજ્ઞાપાલન અને અલ્લાહનું આજ્ઞાપાલન એક જ વસ્તુ છે. જેણે રસૂલનું કહ્યું માન્યું તેણે અલ્લાહનું કહ્યું માન્યું.

૨૬૦. કારણ કે જે સાંભળીને ફાયદો ન ઉઠાવે અને બોધ ગ્રહણ કરનાર થાય નહિ તેનું સાંભળવું સાંભળવું જ નથી. આ પરિસ્થિતિ મિનાફિકો અને મુશ્રિકોની છે. મુસલમાનોને આવી હાલતોથી દૂર રહેવાનો હુકમ આપવામાં આવે છે.

૨૬૧. તેઓ ન સત્ય સાંભળે છે, ન સત્ય જુએ છે, કે ન તો સત્ય સમજે છે કે કાન, જીભ અને બુદ્ધિથી ફાયદો ઉઠાવતા નથી. જાનવરોથી પણ ખરાબ છે કારણ કે તેઓ જાણી બુઝીને બહેરા ગુંગા બને છે અને બુદ્ધિ સાથે શત્રુતા કરે છે.

**શાને નુઝૂલ :-** આ આયત અબ્દે દાર બિન કુસયના કબીલા માટે ઉતરી જેઓ કહેતા હતા કે જે કંઈ **મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) લાવ્યા છે, અમે તેનાથી આંધળા ગુંગા અને બહેરા છીએ. એ બધા ઉહદની લડાઈમાં માર્યા ગયા, એમનામાંથી ફક્ત બે માણસો ઈમાન લાવ્યા, મુસઅબ બિન ઉમૈર અને સુવેબિત** બિન હિરમલા.

૨૬૨. અર્થાત સચ્ચાઈ ને શોખ.

૨૬૩. વર્તમાન પરિસ્થિતિમાં તેમનામાં સચ્ચાઈ અને શોખનો અભાવ દેખવા છતાં.

૨૬૪. પોતાની અદેખાઈ અને સત્યની દુશ્મનીના કારણે.

૨૬૫. કારણ કે રસૂલનું બોલાવવું એ અલ્લાહનું બોલાવવું જ છે, બુખારી શરીફમાં અબૂ સઈદ બિન મઅલાના હવાલાથી હદીષ બયાન કરવામાં આવી છે. તેઓ કહે છે કે; હું મસ્જિદમાં નમાઝ પઢતો હતો, મને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે બોલાવ્યો. મેં જવાબ આપ્યો નહિ, પછી મેં હાજર થઈને કહયું કે; યા રસૂલલ્લાહ! હું નમાઝ પઢી રહયો હતો, ત્યારે હુઝૂરે ફરમાવ્યું; શું અલ્લાહે એવું કહયું નથી કે અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ?

આવું જ બીજી હદીષમાં છે કે; હઝરત ઉબૈ બિન કઅબ નમાઝ પઢી રહયા હતા. હુઝૂરે તેમને બોલાવ્યા. તેમણે જલ્દી નમાઝ પુરી કરીને સલામ કરી. હુઝૂરે ફરમાવ્યું; તમને જવાબ આપવાથી કંઈ વસ્તુએ રોક્યા? વિનંતી કરી કે હુઝૂર નમાઝ પઢતો હતો, હુઝૂરે ફરમાવ્યું; શું તમે કુરઆનમાં પઢયા નથી કે અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ? તેમણે કહ્યું; બેશક!! હવે પછી એવું નહીં બને.

૨૬૬. એ વસ્તુથી યા તો ઈમાન ધારવામાં આવ્યું હોય. કારણ કે કાફિર મરેલો હોય છે, ઈમાનથી તેને જીવન મળે છે. અને કતાદાએ કહ્યું છે કે તે વસ્તુ કુરઆન છે. કારણ કે એમાં દિલોની જિંદગી છે અને એમાં જ છુટકારો તેમજ ઉભય જગતની ન્યામત છે. મુહમ્મદ બિન ઈસ્હાકે એ વસ્તુ જિહાદ બતાવી છે. કારણ કે એના પ્રતાપે અલ્લાહ અપમાન પછી આબરૂ આપે છે. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે; તે શહાદત છે કારણ કે શહીદો પોતાના રબ પાસે જીવતા છે.

૨૬૭. બલ્કે તમે જો તેનાથી ડર્યા નહિ અને તેના કારણો એટલે કે ગુનાહોને ન ત્યજ્યા અને (તેથી જો) તે ફિત્નો ઉતર્યો તો એવું નહિ બને કે જે ખાસ જાલિમ અને બદકાર હશે તે જ સપડાશે, બલ્કે તે નેક અને બદ બધાને જ પહોંચશે.

ظلموا منكم خاصة واعلموا ان الله شديد
العقاب ﴿٢٥﴾ واذكروا اذ انتم قليل مستضعفون
في الارض تخافون ان يتخطفكم الناس فاوىكم
وايدكم بنصره ورزقكم من الطيبت لعلكم
تشكرون ﴿٢٦﴾ يايها الذين امنوا لا تخونوا الله و
الرسول وتخونوا امنتكم وانتم تعلمون ﴿٢٧﴾ واعلموا
انما اموالكم واولادكم فتنة وان الله عنده اجر
عظيم ﴿٢٨﴾ يايها الذين امنوا ان تتقوا الله يجعل
لكم فرقانا ويكفر عنكم سياتكم ويغفر لكم والله
ذو الفضل العظيم ﴿٢٩﴾ واذ يمكر بك الذين كفروا
ليثبتوك او يقتلوك او يخرجوك ويمكرون و

નડશે એવું કદાપિ નહિ થાય.[૨૬૭] અને જાણી લો કે અલ્લાહનો અઝાબ સખ્ત છે (૨૫) અને યાદ કરો[૨૬૮] જ્યારે તમે થોડા હતા, દેશમાં દબાએલા,[૨૬૯] ડરતા હતા કે ક્યાંક લોક તમને ઝડપી ન લે. તો તેણે તમને[૨૭૦] સ્થાન આપ્યું અને પોતાની મદદથી શક્તિ આપી અને સ્વચ્છ વસ્તુઓ(ની) તમને રોઝી આપી.[૨૭૧] કે ક્યાંક તમે આભાર માનો (૨૬) અય ઈમાનવાળાઓ! અલ્લાહ અને રસૂલને દગો ન આપો.[૨૭૨] અને ન તમારી અમાનતોમાં ખયાનત કરો જાણી જોઈને (૨૭) અને જાણી લો કે તમારો માલ દૌલત અને તમારી ઔલાદ (તમારા માટે) ફિત્નો (ઉપસ્થિત કરનાર) છે.[૨૭૩] અને અલ્લાહ પાસે મહાન સવાબ છે[૨૭૪] (૨૮) અય ઈમાનવાળાઓ! જો (તમે) અલ્લાહથી ડરશો[૨૭૫] તો (અલ્લાહ) તમને તે (વસ્તુ) આપશે જેનાથી સત્યને અસત્યમાંથી તારવી કાઢો અને તમારા અનિષ્ટો ઉતારી નાખશે અને તમને માફ કરી દેશે. અને અલ્લાહ મહાન કૃપાળુ છે (૨૯) અને અય મહબૂબ! યાદ કરો, જ્યારે કાફિરો તમારી સાથે છળકપટ કરતા હતા કે તમને બંધ કરી દે અથવા શહીદ કરી દે યા કાઢી મૂકે.[૨૭૬] અને તેઓ પોતાનું

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે; અલ્લાહ તઆલાએ (આ આયતમાં) મો'મિનોને હુકમ આપ્યો કે તેઓ પોતાના (સમાજ)માં ગુનાહિત કાર્યો થવા ન દે, એટલે કે પોતાની શક્તિ અનુસાર ખરાબીઓને અટકાવે. અને ગુનાહ કરનારાઓને ગુનાહોથી વાળે. જો તેઓ એવું નહિ કરે તો (જે) અઝાબ (આવશે તે) બધા માટે આમ હશે. ગુનેહગાર અને બિન ગુનેહગાર બધાંને લાગશે.

હદીષ શરીફમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે; અલ્લાહ તઆલા અમુક લોકોના (ખરાબ) કામોને લીધે આમ અઝાબ ઉતારતો નથી. જ્યાં સુધી કે સામાન્ય રીત એવી ન બની જાય કે (સમાજ)માં ગુનાહો બનતા જૂએ અને તેને રોકવા કે મનાઈ કરવાની શક્તિ હોવા છતાં તેમ કરે નહિ. જ્યારે આવું થાય છે ત્યારે અલ્લાહ તઆલા અઝાબમાં આમ અને ખાસ (સામાન્ય અને વિશેષ) બધાંને સપડાવે છે;

અબૂ દાઊદમાં હદીષ શરીફ છે કે; કોઈ માણસ અમુક કોમ (કે જ્ઞાતિ) માં ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ કરે અને લોક તેને રોકવાની શક્તિ હોવા છતાં રોકે નહિ. તો અલ્લાહ તઆલા તે બધાંને મૃત્યુ પહેલાં અઝાબમાં સપડાવે છે.

આથી સાબિત થયું કે જે કોમ (કે જ્ઞાતિ) ગુનાહોને રોકવાનું કે મનાઈ કરવાનું છેડી દે છે, અને લોકોને ગુનાહ કરવાથી વાળતા નથી. તે પોતાના આ ફરજને ત્યજ્યાના કારણે અઝાબમાં સપડાય છે.

૨૬૮. અય મુહાજિર મો'મિનો! ઈસ્લામના આરંભમાં હિજરત કરતાં પહેલાં મક્કા શરીફમાં;

૨૬૯. કુરેશ (ના મુશ્રિકો) તમારા પર કાબૂ ધરાવતા હતા, અને તમે;

૨૭૦. મદીના શરીફમાં;

૨૭૧. અર્થાત ગનીમતનો માલ, જે તમારાથી પહેલાં કોઈ પણ ઉમ્મત માટે હલાલ કરવામાં આવ્યો નથી.

૨૭૨. ફર્ઝોને છોડવું એ અલ્લાહ સાથે ખયાનત (દગો) કરવું છે અને સુન્નત છોડવી એ રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે ખયાનત કરવી છે.

**શાને નુઝૂલ** :- આ આયત અબૂ લુબાબા હારૂન ઈબ્ને અબ્દુન્નઝર અન્સારી બાબત ઉતરી. બનાવ એ બન્યો હતો કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે બની કુરેઝાના યહૂદીઓનો બે સપ્તાહ સુધી ઘેરો ઘાલ્યો હતો. તેઓ (યહૂદીઓ) આ ઘેરાથી તંગ આવી ગયા, તેમના દિલો ડરી ગયાં. ત્યારે તેમના આગેવાન કઅબ બિન અસદે કહ્યું કે; હવે ત્રણ માર્ગો છે. અથવા તો એ માણસ એટલે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સાચા માની લો અને તેમની બયઅત કરી લો. કારણ કે ખુદાની કસમ! તે મોકલાએલા નબી છે. તેઓ જાહેર થઈ ચૂક્યા. અને આ તે જ રસૂલ છે જેનું વર્ણન તમારી કિતાબમાં છે. એમના પર ઈમાન લઈ આવો તો જાન માલ બાલ બચ્ચાં બધું સલામત રહેશે. પણ એ વાતને તેની કોમે સ્વીકારી નહિ. ત્યારે કઅબે બીજો માર્ગ સુચવ્યો કે; જો તમે એને નથી માનતા તો આવો પહેલાં આપણે આપણા બાલ બચ્ચાઓને કતલ કરી નાખીએ, પછી તલવાર ખેંચીને મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અને તેના અસ્હાબ સામે કુદી પડીએ. જો આપણે એ મૂકાબલામાં ખપી જઈએ તો આપણને આપણા બાલ બચ્ચાની ચિંતા તો નહિ રહે. ત્યારે કોમે કહ્યું કે; બાલ બચ્ચા પછી જીવવાનું શા ખપનું? ત્યારે કઅબે કહ્યું કે; આ પણ અસ્વીકાર્ય હોય તો હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને સુલેહની વિનંતી કરો. કદાચ એમાં કોઈ સારો માર્ગ નીકળે. ત્યારે તેમણે હુઝૂરને સુલેહની વિનંતી કરી પણ હુઝૂરે સ્વીકારી નહિ સિવાય કે તેઓ સઅદ બિન મુઆઝ જે ફેંસલો કરે તે સ્વીકારે. ત્યારે તેમણે કહ્યું કે અબૂ લુબાબાને અમારી પાસે મોકલો. કારણ કે અબૂ લુબાબા સાથે તેમના સંબંધો હતા. અને અબૂ લુબાબાનો માલ તેમની ઔલાદ અને તેમના સંબંધીઓ બધું જ બની કુરેઝા પાસે હતું. હુઝૂરે અબૂ લુબાબાને મોકલ્યા. બની કુરેઝાવાળાઓએ તેમનો અભિપ્રાય માંગ્યો અને પૂછ્યું કે; શું અમે સઅદ બિન મુઆઝનો ફેંસલો સ્વીકારી લઈએ? કે તેઓ જે ફેંસલો કરે તે અમને મંજૂર હોય. અબૂ લુબાબાએ પોતાની ડોક પર હાથ ફેરવીને ઈશારો કર્યો કે એ તો માથા કાપવાની વાત છે, અબૂ લુબાબા કહે છે કે; હજું મારૂં ડગલું હટયું ન હતું કે મારા દિલમાં એ વાત બેસી ગઈ કે મારાથી અલ્લાહ અને રસૂલની ખયાનત થઈ છે. આવું વિચારીને તેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં તો ન ગયા પણ સીધા મસ્જિદમાં ગયા. અને મસ્જિદના એક થાંભલા સાથે પોતાને બંધાવી લીધા અને અને અલ્લાહની કસમ ખાધી કે કશું ખાશે પીશે નહિ, ત્યાં સુધી કે મરી જાય. અથવા અલ્લાહ તઆલા તેમની તવબહ કબૂલ કરે. અમુક અમુક અંતરે તેમના પત્ની આવીને તેમને નમાઝ અને કુદરતી હાજતો માટે છોડી જતાં હતાં, અને પાછા બાંધી દેવામાં આવતા.

હુઝૂરને આ વાતની ખબર થઇ ત્યારે આપે ફરમાવ્યું કે; અબૂ લુબાબા સીધા મારી પાસે આવ્યા હોત તો હું તેમના માટે અલ્લાહ પાસે માફીની દુઆ કરત. પરંતુ જ્યારે તેમણે આવું કર્યું છે (સીધો અલ્લાહ સાથે મામલો કર્યો છે) તો હવે હું તેમને બંધન મુક્ત કરીશ નહિ, જ્યાં સુધી કે અલ્લાહ તઆલા તેમની તવબહ કબૂલ ન કરે. તેઓ સાત દિવસ બંધાએલા રહયા, ન કંઈ ખાધું ન પીધું. એટલે સુધી કે બેહોશ થઈને પડયા. પછી અલ્લાહે તેમની તવબહ કબૂલ કરી. સહાબાએ તેમને તવબહ કુબૂલ થવાની ખુશખબર આપી. તેમણે

છળકપટ કરતા હતા અને અલ્લાહ પોતાની ગુપ્ત યુકિત કરતો હતો. અને અલ્લાહની ગુપ્ત યુકિત સર્વોત્તમ (છે) (૩૦) અને જ્યારે તેમની સામે અમારી આયતો પઢવામાં આવે ત્યારે કહે છે; 'હાં! અમે સાંભળ્યું' અમે ઈચ્છત તો આવું (કલામ) અમે પણ કહેત. આ તો માત્ર પૂર્વજોની વાર્તાઓ છે[૨૭૭] અને જ્યારે બોલ્યા; 'અય અલ્લાહ! જો આ (કુરઆન) સાચે જ તારી તરફથી છે તો અમારા પર આકાશમાંથી પથ્થર વરસાવ અથવા કોઈ દુઃખજનક અઝાબ અમારા પર લાવ' (૩૨) અને અલ્લાહ (ની રહમત) નું (એ) કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી અય મહબૂબ! તમે તેમનામાં બિરાજેલા છો.[૨૭૮] અને જ્યાં સુધી તેઓ માફી માંગી રહ્યા છે[૨૭૯] ત્યાં સુધી અલ્લાહ તેમને અઝાબ કરશે નહિ (૩૩) અને તેમને શું છે કે અલ્લાહ તેમને શિક્ષા ન આપે? તેઓ તો મસ્જીદે હરામથી રોકી રહયા છે.[૨૮૦] અને તેઓ એના અધિકારી નથી.[૨૮૧] એના વાલી તો પરહેઝગારો જ છે. પરંતુ તેમનામાં ઘણાને જાણ નથી (૩૪) અને કા'બા પાસે તેમની નમાઝ સીટી અને તાળી સિવાય (અન્ય કશું જ) નથી.[૨૮૨] તો હવે અઝાબ ચાખો,[૨૮૩] પોતાના કુફ્રનો બદલો (૩૫) બેશક! કાફિરો પોતાનું ધન (એટલા માટે) વાપરે છે કે

قال الملا ٩ ٢٨٧ الانفال ٨

يمكر الله والله خير المكرين ﴿٣٠﴾ وإذا تتلى عليهم
ءايتنا قالوا قد سمعنا لو نشاء لقلنا مثل هذا
إن هذا إلا أساطير الأولين ﴿٣١﴾ وإذ قالوا اللهم
إن كان هذا هو الحق من عندك فأمطر علينا
حجارة من السماء أو ائتنا بعذاب أليم ﴿٣٢﴾ وما كان
الله ليعذبهم وأنت فيهم وما كان الله معذبهم
وهم يستغفرون ﴿٣٣﴾ وما لهم ألا يعذبهم الله وهم
يصدون عن المسجد الحرام وما كانوا أولياءه
إن أولياؤه إلا المتقون ولكن أكثرهم لا يعلمون ﴿٣٤﴾
وما كان صلاتهم عند البيت إلا مكاء وتصدية فذوقوا
العذاب بما كنتم تكفرون ﴿٣٥﴾ إن الذين كفروا

منزل ٢

કહ્યું; ખુદાની કસમ! હું છુટવાનો નથી જ્યાં સુધી હુઝૂર પોતે મને ન છોડે. હુઝૂરે પોતે તેમને પોતાના હાથ મુબારકથી છોડયા. અબૂ લુબાબાએ કહ્યું; મારી તવબહ ત્યારે સંપૂર્ણ થશે જ્યારે હું મારી કોમનું ગામ છોડી દઉં, જેમાં મારાથી આ ગુન્હો બન્યો. અને હું મારી બધી દોલતને મારી મિલ્કતમાંથી બાદ કરૂં, ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે; ૧/૩ દોલતનો સદકો કરવો પુરતો છે. તેમના વિષે આ આયત ઉતરી.

૨૭૩. કારણ કે આખિરતના માર્ગમાં આડ બને છે.

૨૭૪. માટે બુદ્ધિમાને તેનું જ ઈચ્છુક બનવું જોઈએ, અને ધન દૌલત તેમજ ઔલાદના કારણે તેનાથી વંચિત રહેવું જોઈએ નહિ.

૨૭૫. એવી રીતે કે ગુનાહ છોડી દો અને આજ્ઞાનું પાલન કરો.

૨૭૬. આમાં તે બનાવનું બયાન છે જે હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ વર્ણવ્યો છે કે, કાફિરો 'દારૂન્નદવહ' (મંત્રણાલય)માં રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બાબત મંત્રણા કરવા ભેગા થયા. જેમાં ઇબ્લીસ એક વૃદ્ધની શિકલમાં આવ્યો અને બોલ્યો, 'હું નજદનો શેખ છું. મને તમારી આ મિટિંગના સમાચાર મળ્યા એટલે હું આવ્યો છું, મારાથી તમે કશું છુપુ રાખશો નહિ. હું તમારો મિત્ર છું. અને આ વિષયમાં ઉત્તમ અભિપ્રાય વડે તમારી સહાય કરીશ.' પેલાઓએ એને સામેલ કરી લીધો. પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે અભિપ્રાયો આપવાનું શરૂ થયું. અબૂલ બખ્તરી બોલ્યો, 'મારો અભિપ્રાય એવો છે કે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને પકડીને એક ઘરમાં ગોંધી દો, અને મજબૂત બંધનો વડે બાંધી આપો. બારણાં પણ બંધ કરી દો, માત્ર એક કાણું રહેવા દો. જેમાંથી કદી કદી

ખાવું પીવું આપી શકાય. એટલે સુધી કે તેઓ ત્યાં જ મરણ પામે.

શયતાન લઇન જે શેખે નજદી બન્યો હતો. આ અભિપ્રાયથી નારાજ થયો અને બોલ્યો, 'ઘણો અપૂર્ણ વિચાર છે. આ સમાચાર ફેલાશે, તેમના અસ્હાબ આવશે અને તમારી સાથે લડાઇ થશે અને તમારા હાથોમાંથી છોડાવી જશે.' લોકોએ કહ્યું 'નજદનો શેખ બરાબર જ કહે છે' ત્યારે હિશામ બિન અમ્ર ઉભો થયો અને બોલ્યો, 'મારો અભિપ્રાય એવો છે કે એમને એક ઊંટ પર બેસાડી આપણા શહેરમાંથી કાઢી મૂકો. પછી તેઓ જે કંઇ કરે તેમાંથી તમને કશું નુકસાન નથી.'

ઇબ્લીસે આ અભિપ્રાયને પણ નામંજૂર કર્યો અને કહ્યું, 'જે માણસે તમારા હોશ ઉડાવી દીધા છે. તમારા બુદ્ધિમાનોને આશ્ચર્યચકિત બનાવી દીધા છે. તેને તમે બીજાઓ તરફ મોકલો છો? તમે તેની જીભની મીઠાશ, ઝબાનની તલ્વાર અને મનોહરતા જોઇ નથી? જો તમે આવું કરશો તો તેઓ બીજી કોમનાં હૃદયો જીતીને તમારા પર ચઢાઇ કરશે.' હાજર રહેલાઓ બોલ્યા, 'નજદી શેખનું કહેવું બરાબર છે.'

ત્યારે અબૂ જહલ ઉભો થયો અને તેણે એવો અભિપ્રાય આપ્યો કે, 'કુરેશ કબીલાના દરેક ખાનદાન-માંથી એક એક કુળવાન જવાન ચૂંટવામાં આવે અને તેમને ધારદાર તલવારો આપવામાં આવે, તેઓ બધા એક સામટા જ હઝરત પર હલ્લો કરીને શહીદ કરી નાખે. કારણ કે બનૂ હાશિમ (હુઝૂરનું ખાનદાન) કુરૈશના દરેકે દરેક ખાનદાન સાથે લડી નહી શકે. બહુ થશે તો ખૂનનો દંડ આપવો પડશે તે આપી દેવાશે. ઇબ્લીસ લઇને આ વાતને પસંદ કરી અને અબૂ જહલના ખૂબ વખાણ કર્યાં. અને એ વાત પર બધાની એકમતી સધાઇ.

જિબ્રઇલ અલયહિસ્સલામે હુઝૂરની સેવામાં ઉપસ્થિત થઇને વિગત કહી સંભળાવી અને કહ્યું, 'હુઝૂર! રાત્રે પોતાની પથારી પર સુશો નહીં. અલ્લાહે આપને મદીના ઉપડી જવાનો હુકમ કર્યો છે.' હુઝૂરે હઝરત અલીને રાત્રે પોતાની પથારી પર રહેવાનો હુકમ આપ્યો અને કહ્યું, 'મારી ચાદર ઓઢી લેશો, તમને કંઇ અશુભ નહી થાય.' પછી હુઝૂર પોતાના ઘરમાંથી બહાર પધાર્યા. અને થોડી માટી મુઠ્ઠીમાં લઇ 'ઇન્ના જઅલના ફી અઅનાકિહીમ અગલાલા' પઢીને તેના પર ફૂંક મારી ઘેરો ઘાલનારાઓ પર ફેંકી. બધાની આંખો અને માથાઓ પર તે પડી અને બધા આંધળા બની ગયા. અને હુઝૂરને જોઇ શક્યા નહીં અને હુઝૂર અબૂબક્ર સિદ્દીક સાથે ગારે થૌર (ગુફાનું નામ)માં જતા રહ્યા. અને હઝરત અલીને લોકોની અમાનતો પાછી સોંપવા મક્કાશરીફમાં મૂક્યા. મુશ્રિકો આખી રાત હુઝૂરના મકાનનો પહેરો ભરતા રહ્યા. સવારમાં જ્યારે મારી નાખવાના ઇરાદાથી હલ્લો કર્યો ત્યારે જોયું કે ત્યાં તો હઝરત અલી છે. તેમને પૂછયું કે હુઝૂર ક્યાં છે? તેમણે કહ્યું, મને ખબર નથી. પછી ઢુંઢવા નીકળ્યા. જ્યારે ગુફા પાસે ગયા ત્યારે કરોડીયાનાં જાળાં જોઇને બોલ્યા, 'જો આમાં ગયા હોત તો આ જાળાં બાકી રહેત નહીં.' હુઝૂર એ ગુફામાં ત્રણ દિવસ રહ્યા, પછી મદીના શરીફ તરફ રવાના થયા.

**શાને નુઝૂલ** : આ આયત નદ્ર બિન હારિસ વિષે ઉતરી: જેણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમના મુખેથી કુરઆન સાંભળી કહ્યું હતું કે, અમે ઇચ્છત તો અમે પણ આવી કિતાબ બનાવી કાઢત. અલ્લાહ તઆલાએ તેના એ કથનને ટાંક્યુ. કારણ કે એમાં એ લોકોની બેશરમીની સીમા છે. કુરઆન મજીદ પોતાની શૈલીનું જગ જાહેર એલાન કરતું હોવા છતાં અને અરબના મહાન ભાષાશાસ્ત્રીઓને એની સૂરત જેવી એક સૂરત અથવા આયત બનાવી કાઢવાનો પડકાર આપવા છતાં તેઓ એમ કરવાથી લાચાર રહ્યા હોવા છતાં, પણ આવું વાક્ય બોલવું અને અસત્ય બાબતનો દાવો કરવો ઘણી જ નીચ હરકત છે.

(એનાથી લોકોને) અલ્લાહના માર્ગથી રોકે.[૨૮૪] તો હમણાં તેને વાપરશે, (પણ) પાછળથી તે (ધન) તેમના માટે પસ્તાવો બનશે.[૨૮૫] પછી પરાજિત કરી દેવામાં આવશે. અને કાફિરોનો ઉઠાવ જહન્નમ તરફ થશે (૩૬) એટલા માટે કે અલ્લાહ ગંદાને સ્વચ્છથી જુદું કરી દે[૨૮૬] અને ગંદકીને નીચે ઉપર મૂકી બધાનો એક ઢગલો બનાવી જહન્નમમાં નાખી દે (અને) તેઓ જ ખોટ ભોગવનાર છે[૨૮૭] (૩૭) તમે કાફિરોને કહો; જો તેઓ (પોતાની પ્રવૃત્તિઓથી) રોકાયા, તો જે કંઈ ગયું ગુજર્યું તે માફ કરી દેવાશે.[૨૮૮] અને ફરી તેવું જ કરે; તો આગલાઓ (માટે) નો નિયમ (ઉપર) ગુજરી ચૂક્યો છે[૨૮૯] (૩૮) અને તેમની સાથે લડો, ત્યાં સુધી કે કોઈ અનિષ્ટ[૨૯૦] બાકી ન રહે. અને બધોય ધર્મ અલ્લાહનો જ થઈ જાય. પછી જો તેઓ રોકાય, તો અલ્લાહ તેમના કામ દેખી રહ્યો છે (૩૯) અને જો તેઓ ફરી બેસે,[૨૯૧] તો જાણી લો કે અલ્લાહ તમારો વાલી છે.[૨૯૨] તો કેટલો સારો વાલી અને કેટલો સારો મદદગાર. (૪૦)

قال الملأ ٩ ٢٨٨ الانفال ٨

يُنْفِقُونَ أَمْوَالَهُمْ لِيَصُدُّوا عَنْ سَبِيلِ اللّٰهِ
فَسَيُنْفِقُونَهَا ثُمَّ تَكُونُ عَلَيْهِمْ حَسْرَةً ثُمَّ يُغْلَبُونَ
وَالَّذِينَ كَفَرُوا إِلَىٰ جَهَنَّمَ يُحْشَرُونَ ﴿٣٦﴾ لِيَمِيزَ اللّٰهُ
الْخَبِيثَ مِنَ الطَّيِّبِ وَيَجْعَلَ الْخَبِيثَ بَعْضَهُ
عَلَىٰ بَعْضٍ فَيَرْكُمَهُ جَمِيعًا فَيَجْعَلَهُ فِي جَهَنَّمَ
أُولَٰئِكَ هُمُ الْخَاسِرُونَ ﴿٣٧﴾ قُلْ لِلَّذِينَ كَفَرُوا إِنْ يَنْتَهُوا
يُغْفَرْ لَهُمْ مَا قَدْ سَلَفَ وَإِنْ يَعُودُوا فَقَدْ مَضَتْ
سُنَّتُ الْأَوَّلِينَ ﴿٣٨﴾ وَقَاتِلُوهُمْ حَتَّىٰ لَا تَكُونَ
فِتْنَةٌ وَيَكُونَ الدِّينُ كُلُّهُ لِلّٰهِ فَإِنِ انْتَهَوْا فَإِنَّ
اللّٰهَ بِمَا يَعْمَلُونَ بَصِيرٌ ﴿٣٩﴾ وَإِنْ تَوَلَّوْا فَاعْلَمُوا أَنَّ
اللّٰهَ مَوْلَاكُمْ نِعْمَ الْمَوْلَىٰ وَنِعْمَ النَّصِيرُ ﴿٤٠﴾

૨૭૭. કાફિરો અને તેમનામાં આવું બોલનાર નદ્ર બિન હારિસ અથવા અબૂજહલ હતો. જેમકે બુખારી અને મુસ્લિમમાં હદીષ છે.

૨૭૮. કારણ કે (તમે) સર્વ જગત માટે કૃપા બનાવીને મોકલાયા છો, અને અલ્લાહનો નિયમ એવો છે કે જ્યાં સુધી કોઇ કોમમાં તેના નબી હાજર હોય ત્યાં સુધી તેમના પર સર્વનાશનો અઝાબ મોકલતો નથી, જેનાથી બધા જ નાશ પામે અને કોઇ બચે નહીં.

તફસીરકારોના એક વર્ગનું કહેવું છે કે આ આયત હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ પર આપ મક્કામાં રહેતા હતા ત્યારે ઉતરી. પછી જ્યારે આપ હિજરત કરી ગયા અને (મક્કામાં) થોડાક મુસલમાનો રહી ગયા જેઓ ઇસ્તિગફાર કર્યા કરતા હતા ત્યારે વમા કાન મુઅઝઝિબહુમ વહુમ યસ્તગફિરૂન ઉતર્યુ. જેમાં જણાવાયું કે જ્યાં સુધી ઇસ્તિગફાર કરનાર થોડાક મુસ્લિમ પણ (ત્યાં) છે ત્યાં સુધી અઝાબ નહિ આવે. પછી જ્યારે તે લોકો પણ મદીના શરીફ જતા રહ્યા ત્યારે અલ્લાહ તઆલાએ મક્કા જીતવાની આજ્ઞા આપી, અને તે અઝાબ આવી લાગ્યો જેનું વર્ણન વમા લહુમ અલ લા યુઅઝઝિબહુમુલ્લાહ (તેમને શું છે કે અલ્લાહ તેમને શિક્ષા ન આપે) માં કરવામાં આવ્યુ છે.

મોહમ્મદ બિન ઇસ્હાકે 'વમા કાનલ્લાહુ લિયુઅઝઝિબહુમ... (આપની તેમના દરમ્યાન હાજરી હશે ત્યાં સુધી અલ્લાહ તેમને અઝાબ નહીં કરે) વિષે કહ્યું છે કે, એ પણ કાફિરોનું કથન છે. જે તેમના બોલેલા તરીકે ટાંકી બતાવ્યું છે. અલ્લાહ તઆલાએ તેમની અજ્ઞાનતાનું વર્ણન કર્યું, કે તેઓ એટલી હદના મૂર્ખ છે કે, તેઓ પોતે જ કહે છે કે, યા અલ્લાહ! જો આ (કુરઆન) તારા તરફથી સત્ય હોય તો અમારા પર અઝાબ

ઉતાર. અને પાછા પોતે જ કહે છે કે, અય મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ્યાં સુધી તમે છો ત્યાં સુધી અઝાબ ઉતરવાનો નથી. કારણ કે કોઇ ઉમ્મત પોતાના નબીની હાજરીમાં નાશ કરાતી નથી કેટલી વીરોધાભાસી વાતો છે.

૨૭૯. આ આયતથી સાબિત થયું કે ઇસ્તિગફાર એ અઝાબથી બચવાનું સાધન છે. હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલાએ મારી ઉમ્મત માટે બે : અમાનો. ઉતારી, એક મારૂં તેમનામાં હોવું અને એક તેમનું ઇસ્તિગફાર કરવું.

૨૮૦. અને મો'મિનોને કા'બાના તવાફ માટે આવવા દેતા નથી. જેમકે હૂદેબિયહના બનાવવાળા વર્ષે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના અસ્હાબને અટકાવ્યા.

૨૮૧. અને કઅબાને લગતી બાબતોની વ્યવસ્થાનો કોઇ અધિકાર ધરાવતા નથી. કારણ કે મુશ્રિક છે.

૨૮૨. અર્થાત નમાઝની જગ્યાએ સીટીઓ અને તાળીઓ વગાડે છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીય-લ્લાહુ અન્હૂમાએ કહ્યું છે કે, કુરેશ લોકો નગ્નાવસ્થામાં કા'બાનો તવાફ કરતા હતા, અને સીટીઓ તેમજ તાળીઓ વગાડતા હતા. અને તેમનું એ કાર્ય યા તો એવી અસત્ય માન્યતાને લીધે હતું કે સીટીઓ અને તાળીઓ વગાડવી ઇબાદત છે, અથવા એટલા ખાતર કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નમાઝમાં ડખલગીરી થાય.

૨૮૩. બદ્રની લડાઇમાં કત્લ અને કેદ થવાનો.

૨૮૪. અર્થાત લોકોને અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવવામાં આડા આવે.

**શાને નુઝૂલ** : આ આયત કાફિરોમાંથી તે ૧૨ કુરૈશીઓ વિષે ઉતરી જેમણે કાફિરોના સૈન્યને ખોરાક પુરો પાડવાનું પોતાના માથે લીધું હતું. અને તેમાંનો દરેક દરરોજ દસ ઊંટ સૈન્યને ખાવા માટે આપતો હતો.

૨૮૫. કે ધન પણ ગયું અને કામ પણ ન બન્યું.

૨૮૬. અર્થાત મો'મિનોના વર્ગથી કાફિરોના વર્ગને આલગ પાડી દે.

૨૮૭. કારણ કે દુનિયાા અને આખિરતની ખોટમાં રહ્યા અને પોતાનું ધન ખર્ચીને આખિરતનો અઝાબ વેચાતો રાખ્યો.

૨૮૮. **મસઅલો** : આ આયતથી સાબિત થયું કે કાફિર જ્યારે કુફ્ર છોડીને ઇસ્લામ સ્વીકારે છે ત્યારે તેનું આગલું કુફ્ર અને ગુનાહ માફ થઇ જાય છે.

૨૮૯. અલ્લાહ તઆલા પોતાના શત્રુઓનો નાશ કરે છે અને પોતાના અમ્બિયા અને અવલિયાની મદદ કરે છે.

૨૯૦. અર્થાત શિર્ક.

૨૯૧. ઇમાન લાવવાથી.

૨૯૨. તમે તેની મદદ પર વિશ્વાસ રાખો.